સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

જૂન–જુલાઈ, ૨૦૧૮ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/–





ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું નવનિર્માણ શિખરબધ્ધ

## શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર – ભાવનગર

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

















**ભાવનગર નવનિર્માણ શિખરબધ્ધ મંદિર બાંધકામ સેવાકાર્યમાં પૂ. સંતો-પાર્ષદો તથા હરિભક્તો**

**: નિત્ય કાર્યક્રમ :**

| આરતી | સત્સંગ સભા | દર એકાદશી |
| --- | --- | --- |
| સવારે – ૬:૩૦ કલાકે, સાંજે – ૭:૦૦ કલાકે | સવારે – ૭:૦૦ કલાકે, સાંજે – ૭:૩૦ કલાકે | સવારે – ૭:૦૦ કલાકે અભિષેક અને મહાપૂજા |




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સ્વામિનારાયણ ચિંતન

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

વર્ષ :- ૬ । અંક :- ૫/૬ । તારીખ :- ૨૦ જૂન-જુલાઈ, ૨૦૧૮


## તા. ૨૭-૭-૨૦૧૮, શુક્રવાર

### ચંદ્રગ્રહણ માહિતી

ગ્રહણ વેધ : બપોરે ૨.૫૪ કલાકે

(ત્યારબાદ ભોજન કરવું નહિ. ગ્રહણ પૂરું થયા પછી સ્નાન-પૂજાપાઠ-દાનાદિ કર્યા બાદ ભોજન કરવું.)

ગ્રહણ સ્પર્શ : રાત્રે ૧૧.૫૪ કલાકે • ગ્રહણ મધ્ય : રાત્રે ૧.૫૨ કલાકે

ગ્રહણ મોક્ષ : રાત્રે ૩.૪૯ કલાકે

### ગ્રહણ સમયમાં પાળવાના નિયમો તથા શુદ્ધિ

૧. ગ્રહણ સમય પહેલા વેધ બેસે ત્યારપછી જમવાનો નિષેધ તેમજ તે કાળથી ગ્રહણ મુક્ત સુધી અનાજ રાંધવાનો નિષેધ છે. રાંધેલું અન્ન ગ્રહણ કાળમાં અપવિત્ર થાય છે. માટે તેનો નિકાલ ગ્રહણ પહેલા કરવો. દૂધ વગેરેમાં ચોખ્ખુ રાંધેલું અન્ન હોય તો તેમાં દર્ભ રાખવાથી પવિત્ર રહે છે.

૨. બાળક, રોગાતુર અને વૃદ્ધને ગ્રહણથી એક પહોર અગાઉ સુધી જમવાની છૂટી છે. પરંતુ ગ્રહણ પહેલા એક પહોરથી આરંભીને ગ્રહણ મુક્ત સુધી તેમણે પણ જમવું નહિ. અથાણું, દૂધ, દહીં, છાશ, તેલ, ઘી વગેરેમાં દર્ભ રાખવાથી તેને ગ્રહણ દોષ લાગતો નથી.

૩. ગ્રહણ સ્પર્શ થાય ત્યાંથી મુક્ત થાય ત્યાં સુધી દરેક વ્યક્તિએ અન્ય કોઈ વસ્ત્રાદિકનો સ્પર્શ કરવો નહિ અને દર્ભના આસન અથવા સાદડી અથવા રેશમી ગરમ આસન પર બેસી ભગવાનનું ભજન-મંત્રજાપ-ધૂનકીર્તન વગેરે કરવું. ગ્રહણ મુક્ત બાદ સ્નાન કરી શુદ્ધ થઈ યથાશક્તિ દાન કરવું.

### અનુક્રમણિકા

### આર્થિક મંદીમાં પણ સત્સંગીનો આદર્શ વ્યવહાર


૧. અસંતોષવૃત્તિથી કે લોભવૃત્તિથી ધન કમાવવું નહીં
૨. આજીવિકા માટે ધન કમાવવું
૩. અશાંતિ કે ઉદ્વેગ માટે નહીં પણ સુખ-શાંતિ માટે ધન કમાવવું
૪. ઘરમાં સ્નેહ-સંપ-સુહૃદભાવ રહે તેમ ધન કમાવવું
૫. બાળકોના સંસ્કાર અને પ્રેમના ભોગે ધન કમાવવું નહીં
૬. નાશવંતપણાના વિચારથી ધન કમાવવું
૭. અકર્તાભાવથી ધન કમાવવું
૮. ધ્યેય સામે દૃષ્ટિ રાખીને ધન કમાવવું
૯. દેખાડા માટે નહિ પણ સેવા માટે ધન કમાવવું
૧૦. અન્યની પર ઈર્ષ્યા નહીં કરીને ધન કમાવવું
૧૧. સંતસમાગમનો યોગ રાખીને ધન કમાવવું
૧૨. કોઈની હિંસા કરીને કે દુભવીને ધન કમાવવું નહીં
૧૩. આસુરી નહીં પણ દૈવી ધન કમાવવું
૧૪. દેવ દ્રવ્ય કાઢેલું ધન કમાવવું
૧૫. સત્સંગ સમાચાર પત્રિકા



**પ્રસિદ્ધ કર્તા**

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
**તા.જી. રાજકોટ**

**પ્રકાશક - માલિક - તંત્રી**
*સાધુ પતિતપાવનદાસજી*

**સંપાદક**
*સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)*

**લેખન - સંકલન**
સાધુ અમૃતસ્વરૂપદાસજી
*ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી*

**લવાજમ દર**
*બે વર્ષ : રૂા. ૧૬૦/-*
*પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-* • *પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-*
*પરદેશમાં લવાજમ :* **$ 200 U.S.A., £ 125 U.K.**


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર. દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.


**લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર**

'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.com chintankaryalay@gmail.com

**છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ**
**મો. ૯૮૭૯૨ ૬૯૫૪૦**



પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથાપારાયણ
દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથામૃત
દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦




# આર્થિક મંદીમાં પણ સત્સંગીનો આદર્શ વ્યવહાર

“ગૃહસ્થાશ્રમી હરિભક્તે સત્સંગી તરીકે જગતના જીવની જેમ માત્ર અર્થ-ઉપાર્જન પાછળ પોતાનું જીવન વ્યતીત ન કરી દેવું. ધન જીવન જીવવા માટે છે; જીવન ધન માટે નથી કે આપણી આવડત, બુદ્ધિ, ચાતુર્યતા માત્ર તેની પાછળ જ ખર્ચી નાખવી ! એક સત્સંગી તરીકે ધન કેવી રીતે કમાવવું તે અંગેનો વિચાર.”

**સાધુ અમૃતસ્વરૂપદાસજી**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



અદ્યતન ટેક્નોલોજીના સથવારે દિન-પ્રતિદિન વિકસી રહેલ વિશ્વના કેન્દ્રસ્થાને ધન હોવા છતાં ધન એ **સાધન** છે પરંતુ **સિદ્ધિ** નથી. ચાહે પછી તે સત્સંગી હોય કે બિનસત્સંગી પણ આ સંસાર વ્યવહારમાં ગૃહસ્થાશ્રમી બધાને ધનની જરૂર છે, હતી અને રહેવાની છે એ **નિઃશંક** વાત છે. દુનિયાની મોટાભાગના લોકોની દોટ પૈસો, પદ અને પ્રતિષ્ઠા મેળવવા માટેની જ હોય છે. જેમાં ખાસ કરીને ધનપ્રાપ્તિ પાછળની વિશેષ વેગવંતી જોવા મળે છે. પરંતુ તેમાં દુન્યવી જગતના જીવો અને ભગવાનના ભક્તના આર્થિક વ્યવહારો વચ્ચે બહુ મોટો **ભેદ** રહેલો છે.

ભગવાન **શ્રી સ્વામિનારાયણ** ગઢડા મધ્ય પ્રકરણના ૧૧મા **વચનામૃત**માં કહે છે : “...અને ભગવાનના ભક્તની ને વિમુખ જીવની ક્રિયામાં તો ઘણો ફેર છે; કેમ જે, વિમુખ જે જે ક્રિયા કરે છે તે પોતાના ઈન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે કરે છે ને ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે; માટે હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે.”

ભગવાનના ભક્ત અને જગતના જીવના આર્થિક વ્યવહારમાં મુખ્યપણા અને ગૌણપણામાં ભેદ હોય છે. જગતના જીવ અર્થ-ઉપાર્જન માટે દોડતાં દોડતાં થાય તેટલું ભગવાનનું ભજન કરે છે અથવા કરતા પણ નથી જ્યારે ભગવાનનો ભક્ત ભગવાનની ભક્તિ કરતાં કરતાં જેટલું અર્થ-ઉપાર્જન થાય તેટલું કરે છે. ગૃહસ્થ હરિભક્તોને વ્યવહાર કરવો પડે પણ તે વ્યવહાર કેવો કરવો ? તો, વ્યવહાર કરતાં થકા ભગવાન શ્રીહરિ સુખે કરીને સંભારાય અને કથાવાર્તા, ધ્યાન, ભજન, માળા, માનસીપૂજા એ આદિ નિયમો બરાબર સચવાય; એવી રીતે પોતાના જીવાત્માને પરલોક સંબંધી સુખ થવાનું **મુખ્ય સાધન** છે. અર્થાત્ સહેજે સહેજે ભગવાન શ્રીહરિમાં જોડાવાય, શ્રીજીમહારાજનું જ **મુખ્યપણું** રહે અને વ્યવહારનું **ગૌણપણું** રહે એવી રીતે સત્સંગીમાત્રના આર્થિક વ્યવહાર શ્રીજીમહારાજ સંબંધિત હોવા જોઈએ.

જેની દૃષ્ટિ માત્ર લૌકિક સુખ અને લૌકિક અર્થ-ઉપાર્જન પાછળ હોય, માત્ર જગતની કોરે જ મોટા હોય એવા માણસો પ્રત્યે અરુચિ દર્શાવતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલના ૧૬મા **વચનામૃત**માં કહે છે : “મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહીં. શા માટે જે એને રાજનો ને ધનનો મદ હોય, અને અમારે ત્યાગનો ને ભક્તિનો મદ હોય, માટે કોઈ કેને નમી દે એવું કામ નથી.” તથા સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પણ પોતાની વાતોમાં પ્રકરણ-૧ની ૧૧મી વાતમાં કહે છે કે, “રૂપવાન સ્ત્રી, ઝાઝું દ્રવ્ય ને સારી મેડી મળી તે સત્સંગીને માયાનું બંધન થયું કેમ જે એમાંથી જીવ નીકળે નહીં. માટે એ તો જેવું તેવું સાધારણ મળે તે સારું છે.”

ગૃહસ્થાશ્રમી હરિભક્તે સત્સંગી તરીકે જગતના જીવની જેમ માત્ર અર્થ-ઉપાર્જન પાછળ પોતાનું જીવન વ્યતીત ન કરી દેવું. ધન જીવન જીવવા માટે છે; જીવન ધન માટે નથી કે આપણી આવડત, બુદ્ધિ, ચાતુર્યતા માત્ર તેની પાછળ જ ખર્ચી નાખવી ! એક સત્સંગી તરીકે **ધન કેવી રીતે કમાવવું** તે અંગે આપણે વિચાર કરીશું.

## ● ૧. અસંતોષવૃત્તિથી કે લોભવૃત્તિથી ધન કમાવવું નહીં :

જેમ ક્ષિતિજનો કોઈ અંત નથી આવતો તેમ વ્યક્તિમાત્રની ધન કમાવવાની લાલસાનો કદી અંત આવતો નથી. ગમે તેટલું દ્રવ્ય મળે તોપણ હજુ વધુ ને વધુ મેળવવું છે તેવી અસંતોષ વૃત્તિથી ધનની પાછળ નિરંતર દોટ ચાલુ રાખે એ સત્સંગીની રીત નથી. ભગવાન શ્રીહરિ જ્યારે જેટલું આપે તેમાં સંતોષ માની જીવન જીવવું. તો પ્રશ્ન થાય કે આશાવાદી નહિ રહેવાનું ? આશાવાદી જરૂર રહેવાનું પણ અસંતોષી નહિ રહેવાનું. અસંતોષની માત્રા જેટલી વધતી જાય એટલી ભગવાન શ્રીહરિના સ્વરૂપમાંથી વૃત્તિ તૂટીને ધનમાં જોડાતી જાય. ધનની તૃષ્ણા કદી મટે જ નહીં. તેથી **માવદાન કવિ** કહે છે : 'આશા તૃષ્ણા નદીને સંગમ, ગાજતા ગંભીરજી; મનસૂબા રૂપી લોઢ મોટા, થાવા ન દીએ સ્થિર....'

જીવપ્રાણીમાત્રને મળેલ વૃત્તિઓમાં તૃષ્ણાની વૃત્તિ મોખરે રહી છે. આજીવિકા ઉપરાંત એકઠું કરવું એ બાબત પશુ-પક્ષી-પ્રાણીઓમાં પણ જોવા મળે છે. મધમાખી કે કીડીથી માંડી સૌને તૃષ્ણા વળગેલી છે. 'मक्षिकासञ्चितं मधुः संपूर्णं विनश्यति ।' - માખીઓએ એકઠું કરેલું મધ તેને પોતાને ઉપયોગમાં આવતું નથી એ જ પ્રમાણે લોભીનું દ્રવ્ય પોતાને કામમાં આવતું નથી.

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી રચિત **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં **લોભ** વિષે કહે છે :

જેટલા લોભી હોય છે, તે ઉજ્જવળ કીર્તિ પ્રાપ્ત કરી શકતા નથી. લોભિયા તો ધનમાં જ મેરુના જેટલી મહાન કીર્તિ માનતા હોય છે. લોભી મનુષ્ય રાત-દિવસ ધન ભેળું કરતાં કરતાં મરી જાય છે, પણ તેનું ધન તેને કોઈ ઉપયોગમાં આવતું નથી. જેટલા લોભી માણસો હોય છે, તે બધા મરે ત્યાં સુધી ધન ભેળું કરતા રહે છે; પરંતુ તે પરમાર્થમાં વપરાતું નથી. ધન મળ્યું હોવા છતાં પણ જે બ્રહ્મભોજન નથી કરાવતા અને સંતોને તૃપ્ત નથી કરતા, તો તેવા અત્યંત કૃપણ-લોભીનો કરોડો કલ્પ સુધી સૂચીમુખ નામના નરકમાં નિશ્ચય નિવાસ થાય છે. ત્યાં યમદૂત તેના માંસને કાપી કાપીને ખાય છે. તેવા લોભીના શરીરને ચીરી ચીરીને યમદૂત ફરીવાર સીવે છે. તે લોભી જેટલું ધન ભેળું કરે છે, તે કોઈ પુણ્ય કાર્યમાં વપરાતું નથી. લોભી માણસને પરમાર્થનું સુખરૂપ ફળ બતાવવામાં આવે છે, તોપણ તે માનતો નથી અને નરકનાં દુઃખને કબૂલ કરે છે; પણ તે ભૂલે પણ ધનથી પરમાર્થ કરતો નથી. જે મનુષ્ય ધનથી પરમાર્થ કરે છે, તેને લોભી માણસ ક્યારેય લગાર પણ વખાણતો નથી. લોભિયો ભવિષ્યમાં આવનારાં દુઃખનો વિચાર કરતો નથી. જે જેટલો દુઃખનો વિચાર કરે છે, તે તેટલો સંપત્તિ પ્રમાણે નિરંતર **પરમાર્થ** કરતો રહે છે. તેથી તેને તે પ્રમાણે **સુખ** મળે છે.

જે મનુષ્ય પરમાર્થનાં કાર્યમાં જેટલું ધન ખર્ચે છે, તેટલું ધન તે નિપુણ જીવે સાથે લીધું કહેવાય છે. ધન કે પદાર્થોથી જેટલું **ધર્મકાર્ય** કરવામાં આવે છે, તેટલું તેણે સાથે લીધું કહેવાય છે. ધન મળે છતાં જે તેને વાપરી ન શકે, તો તેનું મેળવેલું ધન કોઈ ઉપયોગમાં ન આવ્યું કહેવાય. અપાર પદાર્થો મળે છતાં તેનાથી જો લગાર પણ ધર્મ ન કરે, તો તે જ્યારે મરે ત્યારે તેની સાથે કાંઈ જતું નથી. જે લોકો પદાર્થો મળ્યાં પછી તેના દ્વારા ધર્મકાર્ય કરે છે, તે તેટલા સદ્‌બુદ્ધિવાળા છે અને તેને મનુષ્યજન્મનું **શુભ ફળ** મળ્યું કહેવાય.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૩૬)

ઘણાને અપાર ધન મળ્યું હોય છે તોપણ ભગવાન માટે વાપરવામાં સંકોચ કરે છે. જો કે, આ શરીરનો તો કોઈ નિર્ધાર નથી, પણ તેનો તે ક્યારેય વિચાર કરતા નથી. આવા લોભી માણસને ગમે તેટલું ધન મળ્યું હોય તોપણ તે નકામું જ છે. એવું **નિરર્થક** પડેલું **ધન** રડતું રહે છે. જમીનમાં દાટેલું દ્રવ્ય એ રીતે બંદીખાનામાં જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તે ધનના ધણીને શાપ આપતું રહે છે. તે ધનના શાપથી તે ધનવાન નિર્વંશ જાય છે. તે સહુના દેખ્યામાં આવે છે. એવો લોભી ધનવાન રાત-દિવસ શરીરથી દુખિયો રહે છે, છતાં પણ તેની લોભવૃત્તિ ફૂણી પડતી નથી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૬૩)

જ્યાં જ્યાં નાના-મોટા વિરોધો થતા રહે છે તે બધા લોભ જ કરાવે છે. લોભને લીધે તો કરોડો મનુષ્ય કપાઈ જાય છે. વળી, તે કરોડો મનુષ્યો કપાઈ જાય તેનો લોભીને ત્રાસ થાતો નથી, પરંતુ તેમાં ઉત્સાહ રહે છે. આ દુનિયામાં લોભના જેવો બીજો કોઈ નિર્દય નથી. લોભ તો કસાઈની કસબ (કારીગરી) શીખવાડે છે. આ જગતમાં જેને વર્ણવી ન શકાય તેવો જે જે અધર્મ (પાપ) થાય છે તે બધા અધર્મનું કારણ એક લોભ છે. માટે લોભ સહુથી મોટો દોષ છે. જન્મ-મરણ અને જમપુરીનું જેટલું કાંઈ દુઃખ છે તથા લખચોરાશીનું જેટલું દુઃખ છે તે બધું લોભને કારણે લોભીને ભોગવવું પડે છે. માંસ, દારૂ, ચોરી, પરસ્ત્રીનો સંગ; આવી પાપમય પ્રવૃત્તિ જેટલી જગતમાં ચાલી રહી છે તથા લોકો અભક્ષ્ય વસ્તુઓને ખાય છે. વળી, ઘણા વિપ્ર બુદ્ધિમાન હોવા છતાં પણ અંત્યજ સુધીનાની સાથે એકમેક થઈને રહે છે અથવા તો તેને આધીન થઈને રહે છે; આ બધા પાપનું મૂળકારણ **લોભ** કહેવાય છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૫/૪૦)

જેને ધનનો લોભ હોય છે તે ધન મેળવવામાં જ કીર્તિ માને છે. લોભી માણસનું ચિત્ત ભગવાન કરતાં ધનમાં વધારે ચોંટે છે. ચાહે તેવો ભગવાનનો ભક્ત હોય પણ જો તેનું મન દ્રવ્યમાં ચોંટી ગયેલું હોય, તો તેનો જ્યાં ધન હોય ત્યાં જ નિવાસ રહે છે. પછી તે કમાયેલા ધનની રક્ષા કરે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૭૦)

આજના યુગમાં તો લોભે માઝા મૂકી છે. લોભને લીધે જ કરોડો રૂપિયાના કૌભાંડો, લાખો-કરોડો રૂપિયાની લાંચ-રુશ્વત, ભ્રષ્ટાચાર, દુરાચાર, વ્યભિચાર, ખાદ્ય અને અન્ય પદાર્થોમાં કે દવામાં પણ ભેળસેળ, મારામારી, હિંસા, આતંકવાદ, ત્રાસવાદ, હત્યાઓ, આપઘાત, ચોરી, લૂંટફાટ વગેરે અનેક પ્રકારના અનેક ગણા ગુનાઓ દિન-પ્રતિદિન વધતા જ જાય છે. લોભે માણસની ઊંઘ હરામ કરી નાખી છે. લોભને લીધે જ અશાંતિ, ઉદ્વેગ, અજંપો, ખાલીપો, અસંતોષ અને ગળાકાપ સ્પર્ધા જેવા અનેક માનસિક ભાવો માણસના અંતરમાં રહીને તેને પાયમાલ કરી રહ્યા છે. લોભે જ માણસને અસ્થિર, અસલામત, ભયભીત અને અનેક પ્રકારે પાપી બનાવ્યો છે. લોભને લીધે આવા અનેક **અનર્થો** અને **પાપકર્મો** થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા અંત્ય પ્રકરણના ૩૮મા **વચનામૃત**માં કહ્યું છે કે છ પ્રકાર જેમાં હોય તેને જીવતાં કે મર્યા પછી પણ ક્યારેય સુખ તો થાય જ નહિ. આ છ પ્રકારના દોષોમાં એક દ્રવ્યાદિકનો લોભ છે. માટે આ દ્રવ્યાદિકનો લોભ જ્યાં સુધી છે ત્યાં સુધી માણસ ક્યારેય સુખી થઈ શકે તેમ નથી.

ભગવાન શ્રીહરિ દ્રવ્યાદિકની તૃષ્ણા અને દ્રવ્યથી થતાં અનર્થો વિષે **વેદરસ** માં કહે છે :

મુમુક્ષુને વિષે રૂડા ગુણ પણ ત્યાં સુધી છે જ્યાં સુધી એ દ્રવ્યની તૃષ્ણાનો સ્પર્શ નથી થયો. અને જ્યારે એ દ્રવ્યની **તૃષ્ણા** ઊપજે છે ત્યારે કલ્યાણરૂપ ગુણનો નાશ થઈ જાય છે. જેમ દૂધને વિષે મીઠાશ ત્યાં સુધી છે જ્યાં સુધી સર્પનો સ્પર્શ નથી થયો. તે જ્યારે સર્પનો સ્પર્શ થાય છે ત્યારે તે દૂધ વિષરૂપ થઈ જાય છે. તેમ જ્યારે એ મુમુક્ષુને દ્રવ્યની તૃષ્ણાનો સ્પર્શ થાય છે, ત્યારે એ આત્મજ્ઞાનથી રહિત થાય છે; કે'તા દેહાત્મબુદ્ધિ થઈ જાય છે. હે પરમહંસો ! લક્ષ્મી જે દ્રવ્ય તે દેખાવમાત્ર સુંદર છે, પણ એની પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે પુરુષની મુમુક્ષુતાનો નાશ કરે છે; કે'તા વિષ્ટાનો કીડો કરી નાખે છે.

આ જે લક્ષ્મી છે તે પંદર અનર્થની દેનારી છે. અને જ્યાં સુધી એ **સંપત્તિ**ની પ્રાપ્તિ નથી થાતી ત્યાં સુધી એને પામવાનો યત્ન કરે છે. એની પ્રાપ્તિના **પંદર અનર્થ** કહીએ : એક ચોરી, હિંસા, અનૃત (અસત્ય), દંભ, કામ, ક્રોધ, ગર્વ, મદ, ભેદ, વૈર, અવિશ્વાસ, સ્પર્ધા, ચિંતા, ભય, ખેદ એવી રીતે પંદર છે. અને જ્યારે એ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે ત્યારે શીતલતા, સંતોષ, ધર્મ, ઉદારતા, કોમલતા, વિચાર, વૈરાગ્ય, દયા એ આદિક જે મોક્ષની સંપત્તિરૂપ ગુણ તેનો નાશ થાય છે. અને જ્યારે એ ગુણનો નાશ થયો ત્યારે આત્મજ્ઞાન સંબંધી જે સુખ તે ક્યાંથી હોય ? પરમ આપદાની પ્રાપ્તિ થાય છે; કહેતાં દેહાત્મબુદ્ધિ થઈ જાય છે. તે સારુ પરમ દુઃખનું કારણ છે. તે જાણી એ દ્રવ્યનો ત્યાગ રાખવો. હે પરમહંસો ! એ પુરુષને વિશે શમ-દમાદિક ગુણ ત્યાં લગી જ છે જ્યાં લગી સુવર્ણાદિક દ્રવ્યની પ્રાપ્તિ નથી થઈ. અને એ સુવર્ણાદિક દ્રવ્ય કેવું છે ? તો જે સુવર્ણને વિષે કલિને પરીક્ષિત રાજાએ સ્થાનક દીધું છે અને તે સુવર્ણ થકી અનૃત (અસત્ય) થાય છે, અને રજોગુણ છે મૂળ જેનું એવી હિંસા થાય છે અને પાંચમું વૈર થાય છે.

> તૃષ્ણા નામની **મનોવિકૃતિ** આજે સર્વત્ર જોવા મળે છે. માણસને નિર્વાહ થાય એટલું ભગવાન આપી રહે છે, પરંતુ વધુ મેળવવા તેણે મનની શાંતિનો સોદો કરવો પડે છે.

હે પરમહંસો ! જે કાંઈ સંપત્તિ છે તે આપદાનું મૂળ છે. શા હેતુ માટે જે, જ્યારે ધનની પ્રાપ્તિ થાય છે, ત્યારે મોટા વિષયને ભોગવે છે; કે'તા સ્ત્રીઓનો સંગી થાય છે. અને જ્યારે એ દ્રવ્ય જાતું રહે છે ત્યારે તૃષ્ણાએ કરીને બળતો રહે છે અને જન્મ-મરણને પામે છે. તે સારુ જે દ્રવ્યની ઈચ્છા કરે છે તે મૂર્ખ તુલ્ય છે.

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી રચિત **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં **દ્રવ્ય** અને તેના **અનર્થો** વિષે આ પ્રમાણે કહેવામાં આવ્યું છે : "ધન જ અનેક પ્રકારનાં પાપ કરાવે છે. જેટલા મોટા મોટા સિદ્ધો કહેવાય છે તે પણ ધનને માટે મિથ્યા બોલે છે. અને અનેક પ્રકારના પ્રપંચ વિના કોઈ ધન ભેગું કરી શકતો નથી. જ્યાં જેટલું ધન વધારે છે ત્યાં તેટલો પ્રપંચ વધારે જ છે. અને જ્યાં પ્રપંચ છે ત્યાં આ ભગવાનનો વાસ ક્યારેય થતો નથી."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૬૬)

તૃષ્ણા નામની **મનોવિકૃતિ** આજે સર્વત્ર જોવા મળે છે. માણસને નિર્વાહ થાય એટલું ભગવાન આપી રહે છે, પરંતુ વધુ મેળવવા તેણે મનની શાંતિનો સોદો કરવો પડે છે. લખપતિ હોય કે કરોડપતિ - જે અસંતોષી છે તે રંક છે, જે કૃપણ છે તે ભિખારી છે. જેનું હૃદય ઉદાર છે તે જગ જીત્યા, જીવન જીત્યા.

એક શેઠના ભવનની બાજુમાં મજૂર દંપતી રહે. મજૂરી કરીને સાંજે ભજન-કીર્તન કરે. સુખપૂર્વક જીવન જીવે. શેઠાણી શેઠને કહે : "આ મજૂર પતિ-પત્ની કેવાં શાંતિથી રહે છે ! ને તમને ભગવાને ઘણું આપ્યું હોવા છતાં રાત્રે ઊંઘ નથી આવતી!"

શેઠ કહે : "એને **નવ્વાણુનો ધક્કો** નથી લાગ્યો એટલે સુખેથી રહે છે."

"નવ્વાણુનો ધક્કો એટલે શું?"

શેઠ કહે : "લે આ કોથળી તેમાં ૯૯ રૂપિયા છે. ધીમે રહીને તેની ઝૂંપડીમાં નાખી આવ." શેઠાણીએ તેમ કર્યું.

સાંજે મજૂર દંપતી આવ્યું. જોયું તો રૂપિયા ! અ હો હો ! ભગવાને કૃપા કરી, એમ કહી બારણું બંધ કરીને ગણ્યા, તો ૯૯ હતા. હવે જો એક રૂપિયો તેમાં ઉમેરી દઈએ તો પૂરા સો થઈ જાય ! એ વિચારમાં બંને મજૂરીએ વહેલા જવા લાગ્યાં ને મોડેથી પાછા આવે. ભજન-મંજિરાના રણકાર બંધ થયા.

શેઠાણી કહે : "આ લોકો ક્યાંક ચાલ્યા ગયા લાગે છે."

તપાસ કરી તો તેઓ ત્યાં જ રહેતા હતા પણ ખાવા-પીવા ને સૂવાના સમયમાં, રીતભાતમાં ફેર પડી ગયો હતો, ઊંઘ હરામ થઈ ગઈ હતી.

શેઠ કહે : "હવે તેને નવ્વાણુનો ધક્કો લાગ્યો છે."

લોભ અને તૃષ્ણા વચ્ચેનો ભેદ જણાવતાં **વિદ્વાનો** કહે છે : 'लोभो धनव्ययभीरुत्वम्, सत्यपि उत्तरोत्तरलाभे पिपासाख्या अतृप्तिः तृष्णा ।' અર્થાત્ લોભ એટલે ધન વાવરવામાં કંજૂસાઈ અને તૃષ્ણા એટલે ઉત્તરોત્તર વધુ ને વધુ ધન મળવા છતાં અતૃપ્તિ. અને કૃપણ એ છે કે પ્રાણના ભોગે પણ દોકડો જવા ન દે. (મહાભારત : ૫/૪૩/૧૬)

લોભ લાગે છે ત્યારે માનવીની વિચાર શક્તિ મૂરઝાઈ જાય છે. શ્રીમદ્ ભાગવતમાં વેદવ્યાસજી કહે છે : 'सदासन्तुष्टमनसः सर्वाः सुखमया दिशः' જે સદા સંતોષી મનવાળો છે તેને માટે બધી જ દિશાઓ સુખપૂર્ણ બની રહે છે. (૭/૧૫/૧૭)

'સુખ' નામનો પદાર્થ આત્માની ભૂમિકા સાથે સંબંધ ધરાવે છે. બાહ્ય પદાર્થોમાં સુખ નહીં પણ સુખનો આભાસ છે. લોકો જેની પાછળ દોડે છે તે ધન-સ્ત્રી-સત્તા દુઃખપરિણામી નીવડે છે. તૃષ્ણા શબ્દ ફક્ત ધનપરક નથી, સ્ત્રી-પદાર્થ-સત્તા-વૈભવ વગેરેનો પણ એમાં સમાવેશ થાય છે.

વધુ ધન પ્રાપ્ત કરવા માટે કહેવાય છે કે તેણે બીજાના મર્મ પર પ્રહાર કરવો પડે છે, ઘોર દુષ્કર્મ કરવું પડે છે. સજ્જનતાને નેવે મૂકવી

પડે છે. સુભાષિતમાં કહ્યું છે : 'नाहत्वा परमर्माणि नाकृत्य कर्म दारुणम् । नानपेक्ष्य सतां मार्गं प्राप्नोति महतीं श्रियम् ।।'

દુર્યોધનને સત્તાનો લોભ હતો. રાવણને પરસ્ત્રીની કામના-તૃષ્ણા હતી. વિશ્વના મોટા માંધાતાઓ પણ તૃષ્ણાથી ખુવાર થયા છે. સૌ જાણે છે કે સોય જેટલી વસ્તુ પણ સાથે આવતી નથી, બધું મૂકીને જ જવાનું છે, છતાં આ લોકની પદાર્થ-તૃષ્ણા, ધનનો લોભ એને છોડી શકતા નથી અથવા તો વ્યક્તિ તેને મૂકી શકતી નથી.

નંદરાજાએ આખી પૃથ્વીનું દ્રવ્ય ભેગું કર્યું હતું. કોઈની પાસે દ્રવ્ય રહી ગયું છે કે નહિ તેની ખાતરી કરવા તેમણે દમડે ઊંટ વેચવા કાઢ્યો. એક દમડાનો ઊંટ લેવા જેટલુંય દ્રવ્ય કોઈની પાસે નહોતું. એક તરકડી (મુસલમાન બાઈ)ના દીકરાએ એની મા પાસે વેન (રઢ) લીધું કે, "મા ! મને ઊંટ લાવી દે ! સાવ મફતમાં વેચાય છે."

એની માએ કહ્યું : "બેટા ! નંદરાજાએ કોઈની પાસે દમડોય ક્યાં રહેવા દીધો છે ? પણ સાંભળ એક જગ્યાએ દ્રવ્ય છે. તારો બાપ મરી ગયો તે ઘોર (કબર)માં આનો મૂકેલો છે. તે તું ખોદીને લઈ આવ."

આ તરકડીનો છોકરો આનો લઈ આવ્યો અને ઊંટ ખરીદ્યો.

નંદરાજાને ખબર પડી કે 'તરકડીના છોકરે ઊંટ ખરીદ્યો.' નંદરાજાને આશ્ચર્ય થયું કે 'આ છોકરો દમડો લાવ્યો ક્યાંથી ?' તપાસ કરતાં ખબર પડી કે એના બાપની ઘોરમાંથી આનો કાઢ્યો. નંદરાજાને થયું કે, 'ઘોરોમાં પણ લોકો મડદાં ઉપર પૈસા મૂકે છે.' તેણે હુકમ કર્યો કે 'બધી ઘોરો ખોદી નાંખો અને દ્રવ્ય કાઢી લ્યો.'

નંદરાજા પાસે વરાહ ભગવાનનું હાડકું હતું. તે લઈને તે દરિયામાં જાય, અને પાણીને અડાડે એટલે પાણીમાં કેડો થઈ જાય. પછી તે રસ્તે જઈ બધું દ્રવ્ય દરિયામાં મૂકી આવે. પછી પાણી એક થઈ જાય. આમ, દરિયામાં ખજાનો કર્યો હતો.

આ હાડકાના કટકાને જીવનની જેમ તેઓ સાચવે. પોતાના સોનેરી તારવાળા જરિયાની ફેંટાને છેડે ડાબલીમાં મૂકીને બાંધી રાખતા. તેમના સિવાય કોઈ આ વાત જાણે નહિ.

નારદજીએ જાણ્યું કે, 'આણે તો ભૂંડી કરી, દ્રવ્ય વગર જગતનો વ્યવહાર ચાલશે કેમ ? કંઈક ઉપાય ગોતીએ.'

નંદરાજા બીજીવાર પરણ્યા હતા. નારદજી નંદરાજાની રાણી પાસે ગયા અને કહ્યું : "તમે કંઈ જાણો છો !"

રાણીને આશ્ચર્ય થયું કે 'શું હશે ?'

નારદજીએ રાણીને પૂછ્યું : "નંદરાજાને તમારા ઉપર કેવું હેત ?"

રાણીએ કહ્યું : "રાજા મારા ઉપર ખરેખરું હેત રાખે છે."

નારદજીએ કહ્યું : "તે ખોટું. તમારી શોક્ય ઉપર તેમને ઘણું હેત છે. તેનું હાડકું રાજા હજુ પોતાના ફેંટાને છેડે ડાબલીમાં બાંધી રાખે છે ને રોજ તેને પૂજે છે." આટલી વાત કરી નારદજી તો ચાલ્યા ગયા.

રાણીને આ વાત સાંભળી ઈર્ષ્યા આવી કે 'મારી શોક્ય ઘણા વખત પહેલાં મરી ગઈ છે છતાં રાજા તેનું હાડકું રાખે છે અને મારા ઉપર તો ખોટું જ હેત દેખાડે છે ને !'

બપોરે રાજા જમવા આવ્યા. માથેથી ફેંટો ઉતારીને પછી રસોડામાં જમવા ગયા. રાણીએ ફેંટાનો છેડો દબાવી જોયો. તો અંદર ડાબલી છે તેવું લાગ્યું. નારદજીની વાત સાચી લાગી. પછી તે ડાબલીમાંથી હાડકું કાઢીને ચૂલામાં બાળી નાંખ્યું. જમીને નંદરાજાએ ફેંટાનો છેડો તપાસ્યો તો ખાલી. તેમને ફાળ પડી. ત્યાં બીજું કોઈ તો હતું નહિ. તેથી તેમણે રાણીને પૂછ્યું : "આમાં હતું તે ક્યાં ગયું ?"

રાણીએ રીસમાં કહ્યું : "ઓલી મરી ગયેલીનું હાડકું શીદ બાંધી રાખ્યું હતું ?"

રાજાએ કહ્યું : "તે પહેલા બતાવ તો ખરી કે તે મૂક્યું ક્યાં ?"

રાણીએ કહ્યું : "એ તો ક્યારનું ચૂલામાં બળીને ખાખ થઈ ગયું !"

આ સાંભળીને નંદરાજાને હૈયા ઉપર ધક્કો લાગ્યો અને તરત જ મૃત્યુ પામ્યા. દ્રવ્ય બધું દરિયામાં રહી ગયું. તેથી જ સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** લખે છે : **'ન રહ્યું નાણું રાજા નંદનું, સર્વે સુપન વ્યવહારજી.'** નંદરાજાને લોભનું પૂર આવેલું. તેઓ લોભાતુર થઈ ગયેલા. ધન ભેગું કર્યે જ રાખ્યું, વાપર્યું નહિ અને છેવટે મુઆ.

'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં **ભગવાન શ્રીહરિ** તથા ગ્રંથ રચયિતા સ.ગુ. શ્રી **આધારાનંદ સ્વામી** ધન (દ્રવ્ય)નું વર્ણન કરતાં કહે છે :

ધનનું ફળ એટલું જ છે કે તેનાથી કોઈ સત્પુરુષની સેવા બની આવે. સંતની સેવાના ઉપયોગમાં નહીં આવેલું બધું ધન તો મળ જેવું જ છે. તે ધન ભૂમિમાં ભૂમિ થઈને જ પડ્યું રહેશે. અતિ પુણ્યનાં ફળરૂપે જે ધન મળ્યું હોય તે જ ભોજનરૂપે સત્પુરુષના મુખમાં જાય છે. કરોડોની સંખ્યાનું ધન જો પાપના પરિણામરૂપ હોય તો તે ભોજનના રૂપમાં સંતનાં મુખમાં લગારેક પણ જાય નહીં. તે પાપી પોતે નિર્વંશ થઈ જાય છે, એમ એના ધનનો નાશ થાય છે. અથવા તો નિર્વંશનું ધન આપોઆપ નાશ પામે. કાં તો તે ધન કોઈ રાજાના ઉપયોગમાં આવે, આવું ઘણા લોકોમાં દેખાય છે. તે વાત પ્રસિદ્ધ છે, કોઈ છાની વાત નથી. નંદ નામે રાજા ચક્રવર્તી થયો હતો. તેણે ભૂમિ ઉપરની બધી જ માયા (ધન) સમુદ્રમાં એકઠી કરી. તેણે સંતોનો ઉપદેશ માન્યો નહીં અને થોડું પણ ધન ક્યારેય પુણ્ય કામમાં વાપર્યું નહીં. તેણે સંતને બાળક જેવા ગણ્યા અને પોતાને ઘણો સમજુ અને શાણો ગણ્યો. પછી એક ખરા સદ્ગુરુ રાણીને મળી ગયા. તેની પાસે રહીને તેણે તેને સમજાવી દીધી. રાણીને ધન નાશનો ઉપાય બતાવ્યો અને રાણીએ તે પ્રમાણે કર્યું. રાજાએ પુણ્ય કર્મ કર્યું નહિ અને છેવટે ભિખારી બની ગયો. બધું રાજ્ય અને સમૃદ્ધિ ખુવાર થઈ ગઈ.

તે રીતે જ દેવરાજ ઇંદ્રને એકવાર ધનનો મદ થયો. દુર્વાસાને નમસ્કાર કર્યા નહિ. ત્યારે તેના રાજપાટનો વિનાશ થયો અને અત્યંત દુઃખના પાશમાં બંધાઈ ગયા હતા. વળી પૃથ્વી ઉપરના નહુષ રાજાએ અપાર યજ્ઞ કર્યા. મનુષ્ય દેહે ઇંદ્રનું પદ મળ્યું. પણ તે રાજા ધનના મદથી આંધળો થયો અને તેણે ઋષિઓનું અપમાન કર્યું. તેથી તે તત્કાળ મોટો સાપ થયો. કારણ કે તે વધારે પડતી મોહની જાળમાં ફસાયો હતો.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૯/૩)

જે કરોડપતિ જેવા ધનવાન હોય, ગામ ગરાસનો કોઈ પાર ન હોય, પણ જીવ જો **લોભી** હોય તો તે ક્યારેય ધન ખરચી શકે નહિ. ઘરમાં દીવો કરવો હોય, તોએ રોજ તેમાં કરકસર કરે, મા બાપની સાથે કાંઈ સંબંધ કે મહોબત રાખે નહિ. જે લોભી માણસ છે તે

પોતાના પુત્ર, ભાઈ, ભાઈના પુત્ર, તેની પત્ની, એ બધાના વસ્ત્ર કે ઘરેણાં અને ખાવા પીવામાં પણ રોજ સંકોચ કરતો રહે છે. કૃપણ-લોભી માણસ હંમેશાં વ્યવહારમાં સંકોચ જ રાખે છે. એમ કરતાએ જો કોઈ મોટો ખર્ચ કરવાનું થાય તો તે દિવસ તેને ઊંઘ પણ આવે નહિ. તેને ખાવા પીવાનું પણ ઝેર જેવું લાગે. અત્યંત સંકોચમાં જે ખર્ચ કરતો હોય તેને જો વધારે ધનનો ખર્ચ થાય તો માથું કાપે તેટલું દુઃખ થાય છે. એવા મહાપાપી અને કૃપણનું ધન સંતો અને વિપ્રોને જમવામાં ક્યારેય વપરાય નહિ. પ્રાણ જાય તો ભલે, પણ હાથમાંથી ધન છૂટે નહિ.

જેટલું જે ધન દાન કે પુણ્ય કાર્યમાં ઉપયોગી થાતું નથી, તે પાપના પુંજ જેવું ધન પાપના દ્વારા જ વપરાય છે. અતિકૃપણ માણસ ભાગવત એકાદશ સ્કંધના અધ્યાય-૨૩માં કહેવાયલ કદર્ય બ્રાહ્મણની વાત સાંભળે તો પણ તેની **કૃપણતા** રંચમાત્ર પણ જાતી નથી. અતિ લોભી માણસ તો મરીને મોટો સાપ થાય છે. લોભી માણસના વખાણ તો તેના જેવો જે લોભી હોય તે કરે છે. જે અતિશય કૃપણ કહેવાય છે તે પોતાના ધનને જ જોયા કરે છે. ધનને લીધે પોતાની મોટાઈ કુબેર કરતાંએ વધારે માને છે, ધનમાં જ અનંત સુખ રહ્યું છે, એમ માને છે અને રાત દિવસ ધનનું જ ધ્યાન કરતો રહે છે. તેમજ ધન ભેળું કરવામાં જ પ્રાણોને ખુએ છે.

ધનિક વ્યક્તિના પ્રાણ ગયા પછી તે ધન તેના રંચમાત્ર પણ ઉપયોગમાં આવતું નથી. મોક્ષરૂપી પુરુષાર્થ માટે જેટલું ધન વાપર્યું હોય, માનો મર્યા પછી તેટલું ધન તેણે સાથે લીધું ગણાય. કોઈ હરિભક્ત જ્યારે અમારી પૂજા કરવા આવે છે ત્યારે તે પૂજામાં જે ધન કે ઘરેણાં આપે છે તે મયારામ ભટ્ટ જેવા નિઃસ્પૃહી વિપ્ર રાખી મૂકે છે. તેની પ્રકૃતિ તો એવી છે કે તેને ક્યાંક ધન દેખાય તોય તેમાં તે લલચાય નહિ અને કોઈ રૂપાળી સ્ત્રી હોય તો તેને તેઓ કાળી નાગણી જેવી સમજે છે. પોતે તો હજી વીશ જ વરસના હતા અને પત્ની મરી ગઈ. ત્યારે તેઓ મનમાં ઘણું રાજી થયા. સારું થયું સ્ત્રી મરી ગઈ, હવે આપણે નિર્બંધ થયા. તેઓ નારી અને ધન, એ બેને નરકનાં દ્વાર સમજે છે. જ્યાં સુધી નારી અને ધનમાં મન લાગ્યું રહેતું હોય ત્યાં સુધી માનવું કે હજી આપણે નરકમાં પડ્યા છીએ.

સ્ત્રી અને ધનને લીધે વારંવાર જન્મ અને મરણ થયા કરે છે. લખચોરાશીના ફેરા ફરવા અને અત્યંત દુઃખ જે ભોગવવું તે બધું ધન અને સ્ત્રીની આસક્તિને લીધે છે. જે જે દુઃખ કહેવાય છે તે બધું ધન અને નારીમાં જ રહ્યું છે. જે માણસ ધન અને નારીનો ત્યાગ કરી દે છે તેને બ્રહ્મા આદિ દેવો પણ વંદન કરે છે. જે મનુષ્ય ધન અને નારીનો ત્યાગ કરે છે, અને જેને દેહમાં આસક્તિ ન હોય પણ દેહનો અભાવ હોય, અને જેનાં મનમાં ભગવાનને અને સંતોને રાજી કરવાની ભાવના રહેતી હોય. આવા જે કોઈ ત્યાગી અથવા હરિભક્ત હોય, તેઓ છતે દેહે મુક્ત છે. માયિક મનુષ્ય ક્યાંય આવો ન હોય. આવા ભક્તોને લીધે તો સત્સંગ સહુથી અધિક થયો છે. બ્રહ્માંડમાં એવું કોઈ નથી, માટે બ્રહ્માંડ કરતા પણ સત્સંગ વધારે ઉત્તમ છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૬૫)

જેના મનમાં
તૃપ્તિ જ ન હોય,
અત્યંત કંજૂસાઈ ભરી હોય,
અને ધનને ભેગું કરતાં કરતાં
ક્યારેય સંતોષ જ ન થતો હોય,
તે ગુરુ થયા હોય
તોપણ શું થયું ?

ડભાણ યજ્ઞ વખતે **ભગવાન શ્રીહરિ** ખેડામાં અંગ્રેજોના કેમ્પમાં અધિકારીને મળવા ગયા ત્યારે સાથે રહેલા અલૈયાખાચરને કહે છે : "પેટને ખાતર લોકોને કેવું કરવું પડે છે ? આ જે બધા લશ્કરમાં જુવાનો (ગારદ) છે તે બધા અમારા પૂરબિયા (સરયૂપારીણ) છે. કેટલાક સરયૂપારીણ અને કનોજિયા બ્રાહ્મણ છે. ઉજ્જૈનથી લઈને જગન્નાથપુરી સુધીના અને બદરીનાથથી લઈને મુક્તનાથ સુધીના આ બધા પૂરબિયા વિપ્રો નોકરી કરે છે. દક્ષિણ ભારતના અમુક લોકો પણ લશ્કરમાં ભરતી થયેલા હોય છે. તેમાં પૂરબિયા તો કાળા નાગ જેવા ક્રોધી અને વાઘ જેવા હોય છે. છતાં કેવળ ધન માટે જ તે બધા ઈંગ્લેન્ડના અંગ્રેજોના નોકર થઈને પ્રેમથી રહે છે અને તેઓ જેમ કહે તેમ કરે છે. માત્ર ધનના લોભથી જ મસ્તક અને બધું શરીર તેમને કબૂલી-સમર્પિત કરી દીધું હોય છે અને તેમાં તેમને ક્યારેય ક્ષોભ થાતો નથી. કેટલાક તો લડાઈમાં મરી પણ જાય છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૧૧)

કોઈ મનુષ્ય અપાર ધન પામ્યો હોય, પણ તેનું કરોડોનું ધન કુમાર્ગમાં ચાલ્યું જાય તો તે તેના ઉપયોગમાં નથી આવતું. તે રીતે જ કોઈકે પોતાનું ધન સન્માર્ગમાં લગારેય ન વાપર્યું, પણ ભેળું કરી કરીને જમીનમાં દાટ્યે જ રાખ્યું તેમાં તેને ક્યારેય તૃપ્તિ થઈ જ નહીં. તો તે ધન પણ તેના કામમાં લગારેય આવતું નથી. જેના મનમાં તૃપ્તિ જ ન હોય, અત્યંત કંજૂસાઈ ભરી હોય, અને ધનને ભેગું કરતાં કરતાં ક્યારેય સંતોષ જ ન થતો હોય, તે ગુરુ થયા હોય તોપણ શું થયું ? અસંતોષી જીવો જે જે યોનિમાં જાય છે ત્યાં ત્યાં તેને તૃપ્તિ થાતી નથી. તેઓ તો સદા ભૂખ્યાના ભૂખ્યા જ રહે છે. જેને ધનમાં હેત હોય છે તેને પરમેશ્વરમાં કોઈ રીતે હેત થાતું જ નથી. તે તેના આચરણ ઉપરથી દેખાય છે. કોઈ વ્યક્તિ ખૂબ જ્ઞાન શીખે અને બીજાને કહે, પરંતુ જો ધનને પરમાર્થમાં લગાર પણ ન વાપરે તો તેનું ભેળું કરેલું બધું ધન જેમ સમુદ્રમાં નાખી દીધું હોય તેમ નકામું જ કહેવાય છે. જે વારંવાર સંતો અને બ્રાહ્મણને ઘણા ભાવથી જમાડે છે, તે ભલે બીજું કાંઈ જ્ઞાન શીખેલો ન હોય, તોપણ તેને સંતમાં ભાવ છે, માટે તે બધું જ્ઞાન શીખેલો જ છે. કદાચ તેના ઘરમાં કાંઈ ધન ન હોય, છતાં તે અપાર ધનવાન છે. ધન મળ્યાનું એટલું જ પ્રયોજન છે કે તેનાથી સતત **પરમાર્થ** થાય.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૪/૬૨)

માણસને જ્યારે **ઝાઝું ધન** મળે છે ત્યારે તેને ધનનો **મદ** ચઢે છે. દારૂ અને ભાંગ્ય કરતાં પણ ધનમાં ઘણો વધારે મદ રહ્યો છે. માણસને જ્યારે ધનનો મદ ચઢે છે ત્યારે તેને ભગવાનમાં રુચિ રહેતી નથી. પછી તો તે રાત-દિવસ 'ધન...ધન...' એમ ધનનું જ ચિંતવન કરતો રહે છે. તે કથા-કીર્તન સાંભળે તેમાં પણ ધનનું જ ચિંતવન કરતો રહે છે. જે ધનનો દાસ થઈને રહે છે તેની પાસે ભગવાન રહેતા નથી, અને જેની પાસે ભગવાન રહેતા હોય તે તેનાં વર્તનમાં છાનું રહેતું નથી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૪/૬૬)

ધન દેખીને જેનું મન બગડતું ન હોય - ખોટું કરવા લલચાતું ન

હોય તેને જ શ્રીહરિ **કોઠારી** કરતા. ધનમાં જેનું મન બગડે તે ધણી-માલિક કહે તેમ કરતા નથી. ધણીના ધનને પામીને કેટલાક કુટિલ કોઠારીઓ પોતાને ઘણા હોશિયાર માનીને ધણીનું ધાર્યું ક્યારેય કરતા નથી. તેવા લુચ્ચા કોઠારી પોતાને નિર્બંધ દેખાડીને ધણીને એમ કહે છે કે, 'જો હું કહું તેમ તમે કરો તો હું તમને અગણિત ધન ભેળું કરી દઉં.' (પછી લોભી માલિક તેની માયાજાળમાં આવી જાય છે.) ભગવાન સિવાયના ઘણા બધા લોકો ધનના જ દાસ છે. ધનની આશા તેમને ક્યારેય પૂરી જ થાતી નથી. તેથી જેને ધનની આશા હોય છે તે લોકો ધન મેળવી આપનારાના વચનમાં વર્તે છે અને એ જેમ કહે તેમ બધું કરે છે. આમ, ધનમાં આસક્તિ હોવાથી ધનના મૂળધણીને તે શેઠ લોકો નોકરની જેમ વર્તાવે છે. જેને ધનનો લોભ હોય છે તેઓ તેને જેમ નચાવે તેમ નાચે છે. એક ભગવાન જ એવા છે કે ધનના લોભરૂપી પૂરમાં કરોડો વાતે પણ ક્યારેય ખેંચાતા નથી. તેથી તો તે ભગવાન કહેવાય છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૫/૮)

લોકો કેવા મૂર્ખ હોય છે ? સારા કામમાં એક કોડી પણ ન ખર્ચે અને ખોટા **વાદ-વિવાદ**માં બધું ખર્ચી નાખે છે. જુઓ તો ખરા, કેવા મૂર્ખ લોકો હોય છે ! તેમને કોઈ વિચાર પણ આવતો નથી. જ્યાં ઊગે નહિ ત્યાં વાવે અને જ્યાં ઊગતું હોય ત્યાં વાવે નહિ; આવા તે મૂર્ખ હોય છે. દેવને માટે જો ધન દેવાનું થાય તો મનમાં વિચારે કે મારે એટલું ધન ઓછું થઈ જશે, અને ખોટા મમત્વને લીધે વાદ-વિવાદે ચડે તો પોતાના ઘરબાર વેચીને પણ ખર્ચ કરે. મનુષ્ય ધન કમાવા દેશ-પરદેશ જાય, ઘણું કષ્ટ વેઠીને ધન કમાય, પછી ખોટા વિવાદમાં તે ધનને ઉડાડે; આવા લોકો તો જગતમાં **મોટા મૂર્ખ** કહેવાય છે. જેણે પોતે ખાધું ન હોય, બીજાને કાંઈ આપ્યું ન હોય અને કોઈનું દુઃખ મટાડ્યું ન હોય તેના ધનનો કાંઈ જ ઉપયોગ નથી. કુસંગી તો પોતાના ધનને કુમાર્ગે જ ખોવે છે. સંતોને રસોઈ આપવી હોય તો મનમાં બહુ વિચાર કરે, અને લગ્નના પ્રસંગમાં વિવાદે ચડે તો નીડર થઈને અપાર ધન ખરચે. કોઈ માણસ જુગારમાં ધન ગુમાવે તથા કોઈ વાદ-વિવાદમાં બહુ ખરચો કરે, અથવા કોઈ ઠગ માણસ ઠગી જાય; આ રીતે વપરાયેલું બધું ધન વ્યર્થ છે, તેનું કાંઈ પુણ્ય થાતું નથી. કોઈ માણસ ફૂલાઈને કરજ કરીને નાત જમાડે. પછી કરજ ચૂકવી શકે નહિ ત્યારે તેનું ઘર જપ્ત થાય.તેથી તે ફૂલણશીની લાજ તથા ધન બધું જ જાય છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૭૮)

એક **વેપારી** કરોડો રૂપિયા કમાયો હતો. આ રૂપિયાથી બીજું કાંઈ કામ કર્યા વિના આખી જિંદગી બાદશાહીથી જિવાય તેમ હતું. પણ એને થયું કે પચાસ કરોડ કરીએ. તેણે એક ફેક્ટરી ખરીદી. બધા પૈસા તેમાં નાંખ્યા.ફેક્ટરી ચાલી નહીં, દેવાળું કાઢવું પડ્યું. આનો ધક્કો લાગ્યો હૃદય પર; હૃદયરોગનો હુમલો આવ્યો. ખાવા ધાન ન રહ્યું. ફાયદામાં તેને અશાંતિ જ મળી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા અંત્ય પ્રકરણના ૩૮મા વચનામૃતમાં દ્રવ્યાદિકના લોભને અશાંતિનું એક કારણ કહ્યું છે. આપણને એમ થાય કે શાંતિના સાધનો કે સગવડો પૈસાથી ખરીદાય છે પણ ઉપરોક્ત દાખલો જોતાં એમ જણાય છે કે અશાંતિ પણ મફત મળતી નથી ! માણસો તેને પૈસા આપીને ખરીદે છે. આ વેપારીને અશાંતિના કરોડો રૂપિયા ખરચવા પડ્યા ! આ ખરીદેલી અશાંતિથી જીવન બોજારૂપ લાગે છે અને તેને હંમેશાં મરણ-ઈચ્છા રહ્યા કરે છે.

ભારતનો અકિંચન, લંગોટીભર બેઠેલ એક સાધુ સિકંદરને 'ભિખારી' કહી તુચ્છકારી નાખે છે. ત્યારે **સિકંદર**ની આંખ ઊઘડે છે, એમ કે 'મારી સત્તા-ભૂખ, પૃથ્વીલાલસા કે રાજ્યતૃષ્ણાને વશ થઈ દિશાવિહીન દોડતો હું હકીકતે ભિખારી જ છું.' તેણે જીવનમાં ઘણાં રાજ્યો તાબે કર્યાં હતાં, ધન મેળવ્યું હતું પણ અંતવેળાએ વસિયતનામામાં તેણે લખાવ્યું છે કે 'મેં જે કંઈ મેળવ્યું છે તેનાથી મને શાંતિ મળી નથી, હું તે પૈકી કશું સાથે લઈ જતો નથી - ઠાલા હાથે જઈ રહ્યો છું.' સિકંદરે જીવનભર ભેગું કર્યું પણ ભોગવવા ન રહ્યો અને અશાંતિમાં જ મર્યો.

સત્તા-સમૃદ્ધિ ને સ્ત્રી - આ ત્રણે દૃષ્ટિએ દુનિયામાં 'કિંગ' તરીકે ખ્યાતિ પામેલ **કિંગ સોલોમન** પણ વૃદ્ધવયે અંતર્દષ્ટિ કરતો કહે છે : ''આ વિશ્વમાં કોઈ એવી વસ્તુ નથી કે જે મેં પ્રાપ્ત કરી ન હોય. હજાર રાણીઓ, સોનાનાં વાસણો, હીરાજડિત રાજમહાલયો, રથો... જે કંઈ મેં મેળવ્યું છે તે બધું જ બાચકો ભરીને હવા (સ્વલ્પ) છે. મારી દોટ હવા પાછળ હતી, કારણ કે મને આ પૈકી કોઈ શાંતિ પમાડી શકતું નથી.''

નેપોલિયન વિશ્વનો શ્રેષ્ઠ રાજવી યોદ્ધો. સંકલ્પ કરે ને રાજ જીતી લે. કહ્યાગરું સૈન્ય, ભરયૌવન, સંપત્તિની છોળો ઊડે ! એ કહે છે : ''મારી પાસે શું નથી ? છતાં મારી જિંદગીમાં મેં છ દિવસ સુખના જોયા નથી !'' **'I have not seen six happy day's in my life.'**

સસ્તુ સાહિત્ય દ્વારા પ્રકાશિત **'મહાત્મા ટોલ્સટોય'** પુસ્તકમાં તેઓ કહે છે : ''મારી ઉંમર પૂરાં ૫૦ વરસની પણ નહોતી. સુશીલ, વ્યવહારકુશળ અને પ્રેમાળ પત્ની હતી. બાળકો કહ્યાગરા અને સમજુ હતાં. મારી પાસે હજારો એકર જમીન હતી. ઓછી મહેનતે જમીન મને સંપત્તિ આપતી. શરીર અને મનથી હું બીજા કરતાં અધિક સુખી, બળવાન ને નીરોગી હતો... છતાં મને મારું જીવન હેતુશૂન્ય લાગે છે. મારા ૨૫ વર્ષના જીવનનો તટસ્થપણે વિચાર કરું છું તેમાં મને અંધકાર જ દેખાય છે. મારા પગ નીચેથી પાટિયું ખસી ગયું હોય ને હું અધ્ધર લટકતો હોઉં તેવું લાગે છે.''

મૃત્યુ વખતે પણ મોઢા ઉપર શાંતિ હોય તો જીવન જીવતાં આવડ્યું કહેવાય. સત્સંગ-કથાવાર્તા-સંતસમાગમ વિના આ શક્ય નથી. સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ યથાર્થ કહ્યું છે કે 'આ જીવને પાંચ વાનાં અવશ્ય જોઈએ. અન્ન, જળ, વસ્ત્ર, નિદ્રા અને સ્વાદ મધ્યે મીઠું. આ વિના બીજું સર્વે ફેલ છે.' **ભર્તૃહરિ** કહે છે :

'वयमहि परितुष्टाः वल्कलैः त्वं दुकुलैः ।
सम इह परितोषो निर्विशेषो विशेषः ।।
स हि भवति दरिद्री यस्य तृष्णा विशाला ।
मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः ।।'

આ પ્રસિદ્ધ સુભાષિતનો **સાર** એવો છે કે અમારી પાસે વલ્કલ વસ્ત્રો હોય અને તમારી પાસે સુશોભિત મોંઘેરા દુકૂલ હોય, પરંતુ જો તેમાં સંતોષ હોય તો તમારામાં અને અમારામાં કોણ વિશેષ છે ? બંને તુલ્ય જ છે. કોઈ ગરીબ નથી, કોઈ તવંગર નથી. સંતોષી સદા સમૃદ્ધ જ છે, એ પૈસાદાર હોય તો પણ ભલે અને ન હોય તો પણ. ગરીબ તો એ જ છે કે જેની તૃષ્ણા અપાર છે.

એવી તૃષ્ણાથી પીડાતા રાવણ પાસે મંદોદરી જેવી રાણી હતી છતાં સીતાજીમાં કુબુદ્ધિ કરીને મરાયો. ઈન્દ્ર પાસે સ્વરૂપવતી અપ્સરાઓ અને શચી જેવી રાણી હતી છતાં અહલ્યામાં મોહાયો ને મહાદુઃખ પામ્યો. યયાતિ રાજાએ ઘણાં ભોગ ભોગવ્યા છતાં તૃપ્તિ ન થઈ.

આજે શાંતિ મેળવવા આખું વિશ્વ દોડે છે, ભૌતિક પદાર્થો મેળવે છે પણ તેમાં શાંતિ નથી. જ્યાં એની તૃષ્ણાની દોટ વિરમશે, ત્યાં શાંતિ વરમાળા લઈને ઊભી હશે. પણ બહુધા એવું બને છે કે જિંદગીભર માણસ ભૌતિક પદાર્થો પાછળ શાંતિ મેળવવા દોડતો રહ્યો છે, જે શાંતિની વિરુદ્ધ દિશા છે. છેવટે મરે છે ને પ્રેત સર્જાય છે, કારણ કે જીવનભર તેણે જે કાંઈ પ્રાપ્ત કર્યું તેમાં વાસના બંધાઈ ગઈ!

આ લોકની વસ્તુનો લોભ પરલોક જતાં નડે છે. જીવને તેની વાસના બંધાય છે ને પ્રેતયોનિ કે સર્પ થવું પડે છે. મિથ્યા મમત્વ બંધાવાનું કારણ લોભ-તૃષ્ણા છે.

આધ્યાત્મિક માર્ગે સાચા ભક્તની વ્યાખ્યા 'वितृष्णः' તૃષ્ણારહિત અને 'भगवद्भक्तिरतः' એટલે કે 'ભગવાનની ભક્તિમાં ડૂબેલો' એવી કરેલી છે. તૃષ્ણા તો આત્મજ્ઞાની કે સમાધિનિષ્ઠને પણ વળગેલી રહે છે.

ભગવાન શ્રીહરિ વનવિચરણ કરતા નીલકંઠ વર્ણીવેશે સૌરાષ્ટ્રમાં **લોટવા** ગામે પધાર્યા. ત્યાં ચારણ જ્ઞાતિના **લખુબાઈ** આત્મજ્ઞાની રહેતા હતા. ઘર પૂછતા વર્ણીપ્રભુ તેમને ત્યાં પધાર્યા. બાઈ નીલકંઠ વર્ણીને ઓળખી ગયા હતા. તેમનો ભક્તિભાવ જોઈ વર્ણીપ્રભુ તેમને ત્યાં ત્રણ માસ રોકાયા. બાઈ રોજ વર્ણીપ્રભુને ભેંસોનું કઢેલું દૂધ પાતાં ને જ્ઞાનગોષ્ઠી કરતાં. છેવટે વર્ણીપ્રભુ જવાના થયા ત્યારે બાઈને વરદાન માગવા કહ્યું. ત્યારે લખુબાઈ કહે : "રાજી થયા હો તો એવો વર આપો કે મારો વીરો દીકરો, ૯૦ ભેંસો ને હું અમે બધા પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી અમર રહીએ." આ સાંભળી નીલકંઠ વર્ણી હસ્યા. એમ કે આત્મજ્ઞાની બાઈને પણ આવું અજ્ઞાન! વર્ણીપ્રભુ કહે : "બાઈ! આ મૃત્યુલોક છે, જન્મે તે મરે જ છે. માટે કંઈ બીજું માંગો." તો પણ લખુ ચારણ આ માગણીને વળગી રહ્યાં. ભગવાન શ્રીહરિએ એમની સેવા અંગીકાર કરેલી તેથી કહ્યું : "જાવ બાઈ! અંતકાળે અમે તેડી જઈશું." જીવમાં પડેલી આવી જિજીવિષાઓ, તૃષ્ણાઓ ભગવાન કે મહાપુરુષો સિવાય ટાળવા કોઈ સમર્થ નથી.

તૃષ્ણાને લીધે વધારે પડતું દાન લીધું તો વિદ્વાન પંડિત હોવા છતાં બ્રાહ્મણનું શરીર શ્યામ થઈ ગયું તે જોઈએ :

ભગવાન **શ્રી સ્વામિનારાયણ** નીલકંઠ વર્ણીસ્વરૂપે વન વિચરણ કરતાં સીરપુરમાં સિદ્ધવલ્લભ રાજાને ત્યાં પધાર્યા હતા. તે અરસામાં તેલંગણથી એક **વિદ્વાન બ્રાહ્મણ** યાત્રા કરતો કરતો સીરપુર આવી ચડ્યો. તેની સાથે તેના સ્ત્રી-પુત્ર પણ હતા. તેની વિદ્વત્તાથી રાજા પ્રસન્ન થયા. તેને રાજાએ પુષ્કળ ધન, ધાન્ય, વસ્ત્ર દાનમાં આપ્યાં. છતાં પંડિતને દારિદ્રવશાત્ લાલસા પૂર્ણ ન થઈ. તૃપ્તિનો ભાવ તેના મોં ઉપર ન દેખાયો. એટલે રાજાએ તેને દાનમાં હાથી તથા કાળપુરુષ આપ્યો. હાથી તો રાજદરબારે શોભે છતાં તેણે આ ભેટ સ્વીકારી તેથી તેનું અંતઃકરણ મલિન થઈ ગયું. રજોગુણ અને તમોગુણના ભાવ તેના સમગ્ર શરીરમાં વ્યાપી ગયા. તેનું બ્રહ્મજ્ઞાન સ્રવી ગયું. કાળપુરુષનું દાન લેવાનો તેનો અધિકાર નષ્ટ થઈ ગયો. કાળપુરુષનું દાન ગ્રહણ કરવાથી તેનું આખું શરીરનું આવું રૂપાંતર થયેલું જોઈ તેની સ્ત્રીને આશ્ચર્ય થયું. રાજા તથા રાજદરબારીઓ પણ વિપ્રના શ્યામ પડી ગયેલા શરીરથી આશ્ચર્ય પામ્યા. ગુણના ભાવ વાણી અને આંખ દ્વારા જણાયા વિના રહેતા જ નથી. વિપ્રની આંખમાં મદ જણાયો, વાણીમાં કર્કશતા દેખાવા લાગી. સૌના ઉપાલંભનું તે કારણ બની ગયો.

રાજાએ તેમને આદરપૂર્વક રાજદરબારમાંથી રજા આપી. હાથી ઉપર ચડીને પોતાની મોટાઈનું મિથ્યા પ્રદર્શન કરનાર આ વિપ્રને રાજમાર્ગના રસ્તા ઉપરથી આ રીતે જતો જોઈ સૌ હસવા લાગ્યા. તેની સ્ત્રી અને પુત્રો તો ચાલતાં જ હતાં. એકાએક તેને તેના **શ્યામ** થયેલા **વર્ણ**નો ખ્યાલ આવ્યો તેથી તે મૂંઝાયો. દૂરથી તેણે **નીલકંઠ વર્ણી**ને જોયા. તેમની કીર્તિ તેણે સાંભળી હતી. એકદમ તેણે હાથી ઝુકાવ્યો અને નીચે ઊતરી નીલકંઠ વર્ણી પાસે દોડી ગયો.

નીલકંઠ વર્ણી સમગ્ર પરિસ્થિતિ સમજી ગયા. વિપ્રે નીલકંઠ વર્ણીના પગ પકડી લીધા. નીલકંઠ વર્ણીને આ પંડિતની દયા આવી. વર્ણીએ તેને કહ્યું : "વિપ્ર ! દાનના અધિકારી બ્રાહ્મણો છે તે ખરું, વિદ્યાનાં મૂલ્ય રાજા ચૂકવે તે પણ સાચું; પરંતુ તેમાં તૃષ્ણાના અતિરેકે તમારી વૃત્તિઓ મલિન કરી દીધી છે. બ્રહ્મજ્ઞાનની સિદ્ધિ વિના તમે કાળપુરુષનું દાન લીધું છે. તેથી તમારા શરીરના તમામ રજકણો ફરી ગયા છે."

તે વિદ્વાન બ્રાહ્મણ રડવા લાગ્યો. તેણે કહ્યું : "વર્ણીજી! સાચું છે. તૃષ્ણાને લીધે જ મારી વિદ્વત્તાનું, બ્રાહ્મણત્વનું ઓજસ ઓસરી ગયું છે. આપ મારા ઉપર કૃપા કરો."

શરણાગતની સાર લેવી તે ભગવાન અને મહાપુરુષોનો ધર્મ છે. નીલકંઠ વર્ણીએ તેના તરફ કરુણાદૃષ્ટિથી જોયું. જાણે સંજીવની પ્રાપ્ત થઈ હોય તેમ તેનું અંતઃકરણ સ્વચ્છ થઈ ગયું. શરીર ઉપરની શ્યામતા ચાલી ગઈ અને વિપ્રે પોતાનો અસલ શ્વેતવાન પ્રાપ્ત કરી લીધો.

'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં સ.ગુ. શ્રી **આધારાનંદ સ્વામી** કહે છે : જે કોઈપણ બાબત છે તે ચાહે તેવી સારી હોય, તોપણ માપસર હોય ત્યાં સુધી જ તેમાં ભાવ રહે છે. જો માપસર હોય તો કરોડો કલ્પે પણ તેનો અભાવ આવતો નથી. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને 'युक्ताहारविहारस्य' એ શ્લોકમાં પ્રમાણસરના આહાર-વિહારની બધી વાત અદલ-એકદમ બરાબર કહી બતાવી છે. માપ વિનાની જેટલી બાબતો હોય, તેમાંથી તેને કોઈ સુખ આવતું નથી. જે જેટલી બાબત પ્રમાણસર કરે છે તેને તેટલું સુખ મળે છે. તૃષ્ણારૂપી વિશાળ સાગર છે. તેમાં સ્ત્રી અને પુરુષો ડૂબી રહ્યાં છે. જીવે અપાર જન્મો લીધા છતાં તૃષ્ણાના પારને કોઈ પામ્યા નથી. જ્યારે જેણે તૃષ્ણાને દુઃખરૂપ સમજીને તેનો ત્યાગ કર્યો અને સત્સંગને માર્ગે ચાલ્યા ત્યારે તે અપાર સુખને પામ્યા છે. સત્સંગના માર્ગે ચાલ્યા સિવાય કોઈ સંતોષ પામતા નથી અને સત્સંગ વિના તો સુખનો માર્ગ દેખાતો પણ નથી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૬)

તૃષ્ણાના મારણ માટે આપણા મહાપુરુષો-ઋષિમુનિઓ-આચાર્યોએ શીખવેલો વિવેક **સર્વોચ્ચ શસ્ત્ર** છે. ત્યાગવા યોગ્ય

દુર્ગુણો અને ગ્રાહ્ય સદ્‌ગુણો વચ્ચેની ભેદરેખા **વિવેક** બાંધી આપે છે. મૂર્ખને એટલે જ મૂર્ખ કહીએ છીએ કે તેને વિવેક નથી. 'આ કરવું અને આ ન કરવું' એ પ્રકારની મનોવૃત્તિ જાગ્રત કરવામાં વિવેકનું મુખ્ય **પીઠબળ** રહેલું છે.

પતંજલિ યોગસૂત્રના **સાધનપાદ**માં કહ્યું છે : 'सन्तोषाद् अनुत्तमः सुखलाभः ।' (સૂત્ર : ૪૨) સંતોષ વડે અતિ ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. સંતોષ-તુષ્ટિ એ ભગવાનનું લાડકું સંતાન છે. ભગવાને તુષ્ટિનો સ્વયંવર રચ્યો છે. વિશ્વના મોટા માંધાતાઓ એને મેળવવા મેદાને પડ્યા છે. હેલસેલાસી જેવા કેટલાક રાજાઓએ પોતાની વૈભવ-સમૃદ્ધિનું કૌવત બતાવ્યું પણ તુષ્ટિ વરી નહીં. સિકંદર જેવા કેટલાક સમ્રાટોએ પૃથ્વીપતિનું બિરુદ બતાવવા ચેષ્ટા કરી પણ તુષ્ટિ તેનાથી યોજનો દૂર રહી. કોઈએ રૂપ અને કલા-કૌશલ્ય દાખવ્યાં પણ શાંતિનો પાલવ સ્વપ્ને પણ પકડી શક્યા નહીં. મહાભારતમાં વેદવ્યાસજી કહે છે : 'अकिञ्चनः सुखं शेते ।' - શાંતિ તેને પ્રાપ્ત છે કે જેની પાસે કશું જ નથી, એક કેવળ ભગવાનને રાખ્યા છે. (મોક્ષધર્મ : ૧૭૬/૭)

શ્રીમદ્‌ ગીતા કહે છે : 'आत्मन्येवात्मना तुष्टः' - આત્માએ પરમાત્મામાં રમમાણ રહી જીવવું એનું નામ સંતોષ, ને એ સંતોષી સદા સુખી. (૨/૫૫)

લોભ-તૃષ્ણાની વણથંભી વણઝાર ત્યારે જ અટકે છે જ્યારે આ સંતોષ એને પ્રાપ્ત થાય. મનુસ્મૃતિ કહે છે : 'सन्तोषं परमास्थाय सुखार्थी संयतो भवेत् । संतोषमूलं हि सुखं दुःखमूलं विपर्ययः ।।' - જેને સુખની ઈચ્છા હોય તેણે પરમ સંતોષ કેળવી સંયમી થવું, કારણ કે સંતોષ એ સુખનું મૂળ છે ને અસંતોષ દુઃખનું મૂળ છે. (૪/૧૨)

સામાન્ય માણસને ધનાઢ્ય થવું છે, ધનાઢ્યને રાજા થવું છે; રાજા વળી દેવતા થવા ઈચ્છે છે ને દેવને વળી ઈન્દ્રપદની તૃષ્ણા છે. ઈન્દ્રને બ્રહ્મા થવાના અભરખા છે.

વામન ભગવાને બલિ પાસે ત્રણ પગલાં પૃથ્વી માગી ત્યારે બલિએ આશ્ચર્ય પામી કહ્યું : "ત્રણ પગલાં જ !" ત્યારે બલિને વામન ભગવાને કહ્યું હતું જે, "જેને ત્રણ પગલાં પૃથ્વીથી સંતોષ નથી તેને ત્રિલોકીનું રાજ્ય મળે તોપણ **સંતોષ** નહિ થાય."

ભગવાનના મુખમાંથી સ્રવેલું આ વાક્ય જો જીવનમાં ઝિલાઈ જાય, તો શાંતિ શાંતિ અને શાંતિ રહે. સંતોષ ન હોય, તો માણસ હંમેશાં દુઃખી રહે છે, એટલે 'સદાય કલેશ-રહિતપણું' - એ પણ સંતોષની **સુંદર વ્યાખ્યા** છે.

અમેરિકાના ધનપતિ **એન્ડ્રુ કાર્નેગી**એ દસ અબજ ડોલર ભેગા કર્યા હતા. તેના મરણ વખતે કોઈએ પૂછ્યું : "તમે ઘણું ભેગું કર્યું. તમે તમારા જીવનમાં તૃપ્ત હશો."

ત્યારે તે ગુસ્સે થઈ બોલ્યો : "બંધ કરો બકવાસ, મારે તો સો અબજ ડૉલર ભેગા કરવા હતા."

માણસને **નવ્વાણુંનો ધક્કો** મરતાં સુધી પણ સુખ લેવા દેતો નથી. સાત પેઢી ચાલે તેટલું દ્રવ્ય હોય, તોય આઠમી પેઢીની ચિંતામાં દુઃખી રહે છે. 'વર્ષે ૫૦૦ રૂપિયા મળે તો વ્યવહાર સુખેથી ચાલે.' તેવી વડોદરાના એક ગરીબ હરિભક્તે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરી. સ્વામીએ પ્રસન્નતાપૂર્વક હા પાડી કહ્યું : "પાંચસોથી થઈ રહેશે ને ?" આ હરિભક્તને લાગ્યું કે, 'સ્વામી રાજી થયા લાગે છે' એટલે હજારની માગણી કરી. સ્વામી જેમ પૂછતા જાય તેમ આ વધતો જાય. પછી તો લાખ રૂપિયા સુધી પહોંચ્યો ! તૃષ્ણાનો કોઈ કિનારો નથી. એટલે સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :

**'એક મીલે દશવીશકુ ઈચ્છત, વીસ મીલે શતસહસ્ર ચહે હૈ;**
**સહસ્ર મીલે લખ કોટિ અરબહુ, ભોમી મીલે કભી રાજ હિ પૈ હૈ;**
**સોપિ મીલે સુરલોક વિધિ લગી, પૂરનતા મનમેં નહિ લે હૈ;**
**એક સંતોષ વિના બ્રહ્માનંદ, તેરી ક્ષુધા કબહુ નહિ જૈ હૈ.'**

બૃહત્‌કથામંજરી **ગ્રંથ**માં કહ્યું છે : 'अतिलोभाभिभूतस्य चक्रं भ्रमति मस्तके ।' - ખૂબ પૈસાવાળા અતિ લોભીને માથે આસક્તિ, મોહ, ઈચ્છા અને ચિંતાનું ચક્ર હંમેશાં ભમ્યા કરે છે.

જે છે તેને ભોગવે નહિ અને જે નથી તેની ઈચ્છામાં માણસ દુઃખી રહ્યા કરે છે. મારી પાસે સાઈકલ છે પણ મોટર નથી, એમ દુઃખી રહે પણ જેને ભગવાને પગ આપ્યા છે એવા કેટલાયની પાસે સાઈકલ તો શું પણ પહેરવા જોડાય નથી, તેનો વિચાર કરવો.

શ્રી ભક્તચિંતામણી ગ્રંથમાં 'તૃષ્ણાનું સામ્રાજ્ય' વર્ણવતાં સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** કહે છે : **'નર ઈચ્છે છે નરેશ થાવા, રાજા ઈચ્છે અમરલોક જાવા; અમર ઈચ્છે છે ઈન્દ્રપદવી, ઈન્દ્ર ઈચ્છે થાવા આદ્ય કવિ.'** (પ્ર. ૭૭/૪)

સામાન્ય માણસને ધનાઢ્ય થવું છે, ધનાઢ્યને રાજા થવું છે; રાજા વળી દેવતા થવા ઈચ્છે છે ને દેવને વળી ઈન્દ્રપદની તૃષ્ણા છે. ઈન્દ્રને બ્રહ્મા થવાના અભરખા છે. આમ, ત્રણે ભુવન તૃષ્ણાને વશ છે. વેદવ્યાસજી શ્રીમદ્‌ ભાગવતમાં કહે છે : 'सन्तुष्टस्य निरीहस्य स्वात्मारामस्य यत् सुखम् । कुतस्तत् कामलोभेन धावतोऽर्थेहया दिशः ।।' - જે સંતુષ્ટ છે, ઈચ્છારહિત છે ને આત્મારામ છે તેને જે સુખ છે તે સુખ તૃષ્ણા-લોભથી ચારે દિશાઓમાં ધન મેળવવા દોડી રહેલાને ક્યાંથી મળે ! (૭/૧૫/૧૬) એટલે જ કહ્યું છે : 'नास्ति त्यागसमं सुखम् ।' - ત્યાગમાં જે સુખ છે તેવું ભોગમાં નથી. અરે, ત્યાગ એ જ સુખ છે. (મોક્ષધર્મ : ૧૭૨/૩૫)

'नात्यक्त्वा सुखमाप्नोति ।' - ત્યાગ કર્યા વગર કોઈ સુખ મેળવી શકતું નથી. (૧૭૬/૨૨)

યોગવસિષ્ઠમાં કહ્યું છે : 'संतोषः साधुसङ्गश्च विचारोथ शमस्तथा । एत एव भवाम्भोधौ उपायास्तरणे नृणाम् ।।' - સંતોષ, સાધુઓનો સંગ, આત્મવિચાર અને શમ - આ ચાર મનુષ્યમાત્રને ભવસાગર પાર કરવાનાં સાધન છે. (૨/૧૬/૧૮)

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે : "...કામમાં, ક્રોધમાં, લોભાદિકમાં જેમાં જેટલી કસર આંહી રહેશે તેટલી ક્યાંક ટાળ્યા પછી ધામમાં જવાશે."

તૃષ્ણાના ત્યાગને જ વૈરાગ્ય કહ્યો છે. ભલે એ પુરુષ મોટા રાજમહેલમાં રહેતો હોય કે લાખોના સમુદાય વચ્ચે જીવન જીવતો હોય પણ અંતરમાં કોઈ જ સ્પૃહા નથી, તૃષ્ણા નથી તો તે પરમ

વૈરાગ્યશીલ છે.

આશા-તૃષ્ણાની વચ્ચે અટવાતા માનવીની લોભવૃત્તિ વધતી જાય છે. માટે સંતોષી બનવા આટલું કરીએ.

**જરૂરિયાતો વધારવી નહિ :** જીવન જીવવા માટે જેટલી પ્રાથમિક ચીજવસ્તુઓની જરૂર પડતી હોય તેટલી અવશ્યપણે વાપરવી પરંતુ જે વસ્તુ વગર ખરેખર ચાલે તેમ હોય તેવી વસ્તુને પણ આપણી જરૂરિયાત ન બનાવી દઈએ. સ્કૂટરથી ચાલતું હોય તો ગાડીની ફરજિયાત જરૂરિયાત ઊભી ન કરવી. એવી રીતે કપડાં, જમવા, નાહ્વા-ધોવા-વાપરવાની અન્ય વસ્તુમાં પણ બિનજરૂરી વસ્તુનો ઉપયોગ વધારવો નહીં.

**અન્યનું અનુકરણ કરવું નહિ :** આજના દેખાદેખીના આ સમયમાં બીજાનાં ઘર, ચીજવસ્તુઓ, કપડાં કે ગાડી જોઈ તેનું અનુકરણ ન કરવું. જો તેનું અનુકરણ કરવા સામે દૃષ્ટિ જશે તો આપણી અસંતોષની માત્રા વધતી જાય. રાતોરાત કરોડપતિ થવાના અભરખા જાગે. ન કરવાના કામ થાય. અનુકરણ કરતાં આપણું જીવન ખુવાર થઈ જાય.

**સાત્વિક જીવન જીવવું :** દિન-પ્રતિદિન વધતા જતા રજોગુણી વાતાવરણમાં ફેશન વધતી જાય છે. રજોગુણી જીવનશૈલીથી ખર્ચા વધે અને તેને પ્રાપ્ત કરવાની લાલસા પણ વધતી જાય. વૈભવી જીવનશૈલીથી જીવન અસંતોષી બનતું જાય માટે જીવનશૈલીમાં સાદગી રાખવી. વ્યવહાર માર્ગે મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ જેવા આધ્યાત્મિક માર્ગે પણ મહાપુરુષોના જીવન તેમની સાદગીથી જ શોભ્યાં છે, નહિ કે રજોગુણથી. માટે હરિભક્તોએ પણ પોતાનું જીવન સાદગીભર્યું કરવું.


આજના દેખાદેખીના આ સમયમાં બીજાનાં ઘર, ચીજવસ્તુઓ, કપડાં કે ગાડી જોઈ તેનું અનુકરણ ન કરવું. જો તેનું અનુકરણ કરવા સામે દૃષ્ટિ જશે તો આપણી અસંતોષની માત્રા વધતી જાય.


**ક્ષમતા પ્રમાણે ધંધો કરવો :** પોતાની જેટલી પહોંચ હોય અને જેટલી આર્થિક ક્ષમતા હોય તે પ્રમાણે જ ધંધાનો વિસ્તાર કરવો જોઈએ. શેરબજારમાં સટ્ટો રમી અથવા ધંધાની લાલચમાં વધારે નફો કમાવવા લેભાગુ પેઢીને પોતાના ગજા બહાર માલ ધીરીને ખુવાર થવાય છે; માટે જેવડી પોતાની ચાદર હોય તેટલા પ્રમાણમાં જ પગ લાંબા કરવા જોઈએ.

## ૨. આજીવિકા માટે ધન કમાવવું :

આજીવિકા માટે એટલે કે જીવનપર્યંત જમવાનું, રહેવાનું, પહેરવાનું અને જીવન જરૂરિયાતની પ્રાથમિક ચીજવસ્તુઓનો ખર્ચો સહેજે નીકળી શકે તેટલું જ ધન કમાવવું. વધુ પડતી ધનપ્રાપ્તિની લાલસા રાખવી નહિ કે વધુ ને વધુ કમાઈ મોટા બેંકના બેલેન્સ કરવા નહિ કે સંગ્રહખોરી કરવી નહીં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના સ્વજીવનની રીતભાતથી સૌના જીવનમાં અપરિગ્રહવૃત્તિ (સંગ્રહ ન કરવો તે ) કરવાનો સંદેશ આપતા. તેનો સ.ગુ. શ્રી **આધારાનંદ સ્વામી** 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં વર્ણવતાં લખે છે : "શ્રીજીમહારાજના આખો દિવસ હરિભક્તો દર્શન-પૂજા કરવા આવતા ત્યારે ફૂલના હાર, મેવા અને ઘણાં ફળ લાવતા. પોશ ભરીને ધન આપતા પણ શ્રીહરિ તેને પોતાના હાથમાં લેતા નહીં. શ્રીહરિના ચરણમાં જ્યારે ભેટ મૂકતા ત્યારે જે સેવક હોય તે ઉપાડી લેતા. સમૈયામાં એક પહોર જેટલા સમયમાં હજારેક જેટલું ધન આવતું તે અનુમાનથી હું લખું છું. જેવા હરિભક્ત આવે તેવી શ્રીહરિને ભેટ ધરતા. જેટલી આવક થાતી તેટલો જ શ્રીહરિ ખર્ચ કરી નાખતા. ક્યારેય ધનને ભેળું (સંચય) ન કરાવતા. શ્રીહરિએ કેટલીએ ચોરાશી કરાવી અને બ્રહ્મભોજન પણ ઘણાં કરાવ્યાં. બ્રાહ્મણોને કન્યાદાન કરાવ્યાં. તેનો તો કોઈ પાર જ ન હતો. કેટલાએ બ્રાહ્મણ બટુઓને જનોઈ અપાવી અને વારંવાર યજ્ઞ કરાવ્યા. લાખ લાખ મણ જેટલું ઘી મગાવીને ઠેકઠેકાણે વિપ્રોને જમાડ્યા. શિખરબદ્ધ મંદિરો કરાવ્યા. તેનો ખર્ચ લખ્યામાં પણ આવતો નથી. કોઈની પાસે એક રૂપિયા જેટલું ધન પણ રાખી મુકાવતા નહિ." (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૬/૬૬)

શ્રીજીમહારાજ સ્વયં સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ હોવા છતાં આચાર્યત્વને અનુરૂપ-મનુષ્યભાવને શોભાવતા પોતાના જીવન દ્વારા પોતાના આશ્રિત ગૃહસ્થ હરિભક્તોને આજીવિકા પૂરતું કમાઈ અપરિગ્રહી રહેવાની રીત શીખવાડતા.

## ૩. અશાંતિ કે ઉદ્વેગ માટે નહીં પણ સુખ-શાંતિ માટે ધન કમાવવું :

કોઈપણ વ્યક્તિને પૂછીએ કે ધન શા માટે કમાવો છો ? તો સુખ અને શાંતિથી રહેવાય તે માટે. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં વધુ ને વધુ ધન કમાવાની લાલસાને કારણે હડકાયા કૂતરાની જેમ ધનની પાછળ દોડી દોડીને સમગ્ર જીવન પૂરું થઈ જાય છે. સુખ અને શાંતિ મેળવવાના ઈશકથી ધન-ઉપાર્જન કરવામાં પણ ઉદ્વેગ, અશાંતિના વાદળો છવાઈ જાય છે. માટે જે ધન-ઉપાર્જન સુખ-શાંતિથી થાય, કોઈ માનસિક ઉદ્વેગ કે અકળામણ ન થાય તેવું અને તેટલું ધન-ઉપાર્જન કરવું. કારણ કે આ લોકમાં ગમે તેટલા ધન કમાવાથી કાંઈ શાશ્વત સુખની પ્રાપ્તિ થતી નથી.

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી**એ અશાંતિના કારણો જણાવ્યાં છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ - આ લૌકિક પંચવિષયમાં રાગ એ મુખ્ય કારણ છે. વધુ પડતી ઈચ્છાઓ અને વધુ પડતી સગવડો માણસની શાંતિ હરી લે છે. કોઈ એમ માને કે માણસને અન્ન-વસ્ત્ર અને રહેઠાણ (રોટી, કપડાં, મકાન)ની પ્રાથમિક જરૂરિયાતો પૂરી નથી થતી - તે પૂરી પાડી દઈએ એટલે શાંત થઈ જશે. જેમ ઢોર ભાંભરતું હોય ત્યારે તેને નીરી દઈએ એટલે તે શાંત થઈ સૂઈ જાય. પણ માણસનું એવું નથી. એને તો જેટલી વિશેષ સગવડ આપવામાં આવે તેમ તે વધુ અશાંત બને છે.

**એલ્વીન ટોફલર** નામના અમેરિકન લેખકે **'The third wave' 'ત્રીજું મોજું'** નામનું પુસ્તક લખ્યું છે. તેમાં તેઓ જણાવે છે કે કૃષિક્રાંતિના પ્રથમ મોજા પછી સત્તરમી સદીમાં ઔદ્યોગિક ક્રાંતિનું બીજું મોજું આવ્યું. આથી હળ ચલાવતા માણસને એમ થયું કે

પશુબળ અને બાહુબળ કરતાં આ યંત્રબળને લઈને આપણને હવે રાહત થશે. ચાંપ દબાવીશું એટલે સપાટાબંધ બધું કામ થઈ જશે અને શાંતિ મળશે, પણ આ યંત્રોએ માણસને પોતાની સાથે જ દોડાવ્યો, હેરાન-પરેશાન કરી મૂક્યો, અને તેની રહીસહી જે કાંઈ શાંતિ હતી તે બધી જ હરી લીધી. માણસ જ જાણે મશીન બની ગયો ! પરિણામે ફુગાવો, માનસિક તાણ, નોકરશાહી, હડતાલો, ઊર્જા કટોકટી, પ્રદૂષણ, મૂલ્યહ્રાસ, એકલવાયું જીવન, રંગભેદ, લગ્નવિચ્છેદ-તાળાબંધી વગેરે વગેરે અશાંતિકારક પેદાશો અને છેવટે આત્મહત્યા ઊભી થઈ ગઈ !

એક **ખેડૂત** ખેતરમાં શાંતિથી ઝાડ નીચે સૂતો હતો. એક ભણેલો **શહેરી માણસ** ત્યાંથી પસાર થતો હતો. તેણે આ સૂતેલા માણસને જગાડીને કહ્યું : "અલ્યા ! સૂઈ શું રહ્યો છે ? કંઈ કામ કર ને !" ખેડૂતે કહ્યું : "હું સવારના ચારથી બપોરના બાર સુધી ખેતરમાં કામ કરું છું. આટલામાં કુટુંબનું ભરણપોષણ સારી રીતે થઈ જાય છે. બાર વાગે જમીને પછી શાંતિથી સૂઈ જાઉં છું. સાંજે વાળુ કરીને કુટુંબ સાથે બેસીને પછી સૂઈ જાઉં છું. મને સંતોષ છે. ખાવું થોડું અને શા સારું ઝાઝો દાખડો કરવો !"

શહેરી માણસે કહ્યું : "ભણા માણસ ! તને તો ઘણો ફાજલ સમય મળે છે જ્યારે શહેરમાં તો લોકો ઓવર-ટાઈમ કામ કરે છે. માટે તું બાર વાગ્યા પછી બીજી કાંઈક વિશેષ પ્રવૃત્તિ કર ને !"

ખેડૂતે પૂછ્યું : "તો પછી શું થાય ?"

શહેરીએ કહ્યું : "તને પૈસા વધુ મળે અને એમાંથી તું વધુ વેપાર કરી શકે."

"પછી શું થાય ?"

"પછી વધુ કમાય તો બીજી ઘણી તારી દુકાનો થઈ જાય ને તારે બંગલા થઈ જાય."

"પછી શું થાય ?"

શહેરી માણસ કંટાળ્યો. તેને થયું કે આ બુદ્ધુ સમજતો નથી. તેમણે કહ્યું : "પછી તને શાંતિ થઈ જાય."

આ સાંભળી ખેડૂતે કહ્યું : "તે શાંતિ તો મને અત્યારે છે જ. અને આટલું બધું વધારવા જતાં શાંતિ થશે જ એની ખાતરી તમે આપી શકો છો ? તમે મને જગાડીને આટલો મારો આરામનો સમય બગાડ્યો. માટે અહીંથી તમે જાવ." એમ કહી તે પડખું ફરી પાછો સૂઈ ગયો.

આવો જ **એક પ્રસંગ** ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમ ઉપાસક બે ભક્તો માણાવદરના **મયારામ ભટ્ટ** અને **ગોવિંદરામ ભટ્ટ**નો છે. બંને યજમાનવૃત્તિ કરતા. એક દિવસ મયારામને થયું કે, "રોજ માંગવા જવું એના કરતાં આપણે કાંઈ હાટ જેવું માંડ્યું હોય તો ગૌરવભેર કમાવાય અને કંઈ બે પાંદડે થઈએ." તેમણે ગોવિંદરામને આ વાત કરી. પછી સમી સાંજે વાળુ કરીને બંને ભાઈઓ શેનું હાટ માંડવું તેની વિચારણા કરવા બેઠા. આ વિચારણામાં ઘણો સમય વીતી ગયો. કેટલી રાત વહી ગઈ તે ખબર ન રહી. ત્યાં તેમણે કૂકડાનો અવાજ સાંભળ્યો.

મયારામ ભટ્ટે ચમકીને કહ્યું : "ગોવિંદરામ ! આ તો પરોઢ થઈ ગયું લાગે છે."

ત્યારે ગોવિંદરામ કહે : "ભાઈ ! આપણે હજુ તો હાટ માંડ્યું નથી ને ફક્ત તેની વિચારણામાં જ ઊંઘ હરામ થઈ ગઈ, તો હાટ માંડશું ત્યારે શી દશા થશે ?"

મયારામે કહ્યું : "ગોવિંદરામ ! બરાબર છે. આપણે બેય જળ મૂકીએ કે હવે હાટ માંડવું હરામ ! આપણો વગર મૂડીનો યજમાનવૃત્તિનો ધંધો સારો છે."

**'જેટલો વ્યાપ એટલો સંતાપ'** એ **કહેવત** ખરેખર સાચી છે. એક વિશાળ બંગલામાં દશ એટેચ્ડ બેડરૂમ, પણ રહેનારા ફક્ત બે જ ! એકલતા કોરી ખાય ! એક ભાઈ પાસે ૩૬૫ દિવસના જુદા જુદા સૂટ. ક્યો પહેરવો તેની રોજ મૂંઝવણ. ડ્રેસિંગ રૂમમાં બે કલાક આ મૂંઝવણમાં જ બગાડે. પછી એકાદ સૂટ પસંદ કરીને તે પહેરીને પાર્ટીમાં જાય અને કોઈ મિત્ર કહે : "આજે તે આ સૂટ શું પહેર્યો ? બે દિવસ પહેલા પહેર્યો હતો તે આજે પહેર્યો હોત તો રંગ રહી જાત." આ સાંભળતા જ આ ભાઈનો 'મૂડ આઉટ' થઈ જાય. હું આવું પહેરીશ તો લોકો મારા માટે શું ધારશે ? આવું સામાન્ય મકાન લઈશ તો લોકો શું વિચારશે ? આમ, લોકોના અભિપ્રાય મુજબ જીવનારા હંમેશાં લઘુતાગ્રંથિથી પીડાતા હોય છે અને અશાંતિમાં રહેતા હોય છે.

કેટલાક ગુરુતાગ્રંથિમાં પીડાતા હોય છે. એક મોટા ઉદ્યોગપતિને કપરો સમય આવવાથી બધું જ ખોવાનું થયું પણ મિથ્યા અહંભાવથી ગુરુતાગ્રંથિને લઈને સમયને સલામ ભરી નાની નોકરી ન કરી શક્યો અને અંતે લાજ ખોઈ અશાંત થઈને મર્યો.

વિદેશી ચિંતક **'થોરો'** સાચું જ કહે છે : "માણસે પોતાની જરૂરિયાતો વધારી વધારીને કમ્મર તોડ બોજો ઊભો કર્યો છે. માણસ જરૂરિયાતોનો ગુણાકાર કર્યા કરે છે ને પછી આ બોજા નીચે હાંફવા માંડે છે, જીવવાનું ભૂલી જાય છે. જરૂરિયાતો ભેગી કરવામાં જ જિંદગી પૂરી થઈ જાય છે. અને આંખ મીંચાય ત્યારે બધી જરૂરિયાતો તેની પાસે આવી ગઈ હશે પણ તેની પોતાની હાજરી નહીં હોય ! માટે વધારોનો સામાન ફેંકવા માંડો. ખોટો બોજો ઉતારી નાખો તો શાંતિ."

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામીએ** 'અજ્ઞાન'ને પણ **અશાંતિનું કારણ** બતાવ્યું છે. આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક - આ ત્રણ તાપ જીવપ્રાણીમાત્રને દઝાડે છે.

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામીએ** 'અજ્ઞાન'ને પણ **અશાંતિનું કારણ** બતાવ્યું છે. આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક - આ ત્રણ તાપ જીવપ્રાણીમાત્રને દઝાડે છે. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ વગેરે દૈવ સર્જિત અશાંતિઓ આગળ માણમ લાચાર છે. અમેરિકા સ્વરક્ષા માટે ન્યુક્લીયર લાઈનીંગ આખા દેશ ફરતી કરે છે, પણ અંદર ધરતીકંપ થાય ત્યાં આ રક્ષણ શા કામનું ? ચીનનું સાત લાખની વસ્તીનું એક શહેર ધરતીકંપમાં સમાઈ ગયું ! બાંગલા દેશના દરિયાઈ તોફાનમાં લાખો માણસો તણાઈ ગયા. નદીઓના રૌદ્રસ્વરૂપે પણ ઘણાં લોકોને ભરખી લીધાં. આવી બધી દૈવી ઉપાધિઓ ચાલુ જ હોય છે.

દેહમાં પણ ઘણાં દુઃખો આવે છે. રોલ્સ રોયસ કાર હોય અને શેઠને લકવો થયો હોય. બે જણા ઉપાડીને બેસાડે તો બેસાય. ઘેર પાંચ-પાંચ રસોયા હોય ને શેઠને સખત ડાયાબિટીસ હોય. આવી પરિસ્થિતિ પણ માણસને અશાંત કરી મૂકે છે.

પ્લેનોનું હાઈજેકીંગ, આતંકવાદ, ઘેરાવો વગેરે **માનવસર્જિત અશાંતિઓ** તો છે જ પણ સૌથી મોટી અશાંતિ મનનાં દુઃખની - અજ્ઞાનની છે.

મહાભારતમાં વાત આવે છે કે દુર્યોધન પીળો પડી ગયો હતો. તેના મોઢા ઉપર ઉદાસીનતા છવાયેલી રહેતી. ધૃતરાષ્ટ્રને આની જાણ થઈ. તેણે પૂછ્યું : "બેટા! તને શું થયું છે? તું કેમ અશાંત છે?"

દુર્યોધને નિસાસો નાંખતાં કહ્યું : "બીજું તો કાંઈ થયું નથી પિતાજી, પણ ઈન્દ્રપ્રસ્થમાં યુધિષ્ઠિરને ત્યાં રોજ દસ હજાર સ્નાતકો સોનાના પાત્રમાં જમે છે. એ જોઈને મને દુઃખ થાય છે!" કોઈ દે ને કોઈ લે તેમાં વચ્ચે ઠાલાં બળી મરનારને શાંતિ કેમ થાય? રાગ-દ્વેષ અને ઈર્ષ્યારૂપી અજ્ઞાનને લઈને માણસ હંમેશાં અશાંત રહે છે.

એક માણસ પાસે કરોડ રૂપિયા. તેનું ઉદાસ મોઢું જોઈ કોઈએ પૂછ્યું : "શું ચોરી થઈ?" તેણે કહ્યું : "ચોરી નથી થઈ પણ આ કરોડ રૂપિયાની વ્યવસ્થા કેમ કરવી તેની ચિંતા છે!"

કરોડપતિને 'હમણાં ઈન્કમટેક્ષની રેડ' પડશે તેવી અશાંતિ રહે છે. તેનો બધો સમય બે નંબરના ચોપડા બનાવવામાં જ જાય છે! તે હંમેશાં રઘવાયો રઘવાયો જ ફરે છે. તે બીચારો જીવનને શું માણે? માણસ પાસે સ્કૂટર હોય પણ મનમાં એમ રહ્યા કરે કે મારી પાસે મોટરકાર નથી. માણસ છતે સાધને દુઃખનો જ અનુભવ કરે છે. પણ જે વસ્તુ છે તેને ભોગવતો નથી.

બધું હોવા છતાં માણસ દુઃખને જ અનુભવે છે. એક માણસે પોતાના ઘરે ટોપલામાં કેરી પકવવા મૂકી. થોડા દિવસ પછી પાકેલી કેરી ખાવા ટોપલો ખોલ્યો તો એક-બે બગડેલી કેરી દેખાઈ. તેણે વિચાર્યું કે પહેલા બગડેલી કેરી ખાઈ લઉં. પછી સારી સારી ખાઈશ. તે રોજ ટોપલો જુએ, બગડેલી કેરી કાઢે, ખાય. પરંતુ બીજી કેરીઓ રોજ ટોપલાની કેરીઓને બગાડતી રહે. આથી ટોપલો ખાલી થયો ત્યાં સુધી તેણે રોજ બગડેલી કેરી ખાધી. આવું જ કંઈક તૃષ્ણાવાળા માણસનું છે. ઘણું બધું હોવા છતાં 'મારી પાસે મોટર નથી... મારી પાસે બંગલો નથી...' આવી લાહ્યમાં બળ્યા કરે. જે છે એનો ઉપયોગ ન કરવો અને નથી એનો રંજ કર્યા કરવો એનું નામ બગડેલી કેરી!

માણસ એક હાથે વજન ઉપાડીને જતો હોય અને તેનો ભાર લાગે ત્યારે હાથ બદલે છે પછી તે હાથ થાકે એટલે ખભા ઉપર વજન લે છે. પછી થાકે એટલે માથે મૂકે છે. માથું થાકે એટલે ફરી હાથમાં લે છે. આમ, વજનને શરીર ઉપર જુદે જુદે સ્થળે ફેરવીને રાહત મેળવી શાંતિનો આભાસ પામે છે પણ વજન તો શરીરથી દૂર થતું નથી. માટે આ રાહત છે પણ તેને નિર્મૂળ કરવાનો ઉપાય નથી.

ભોગાવાની રેતી તપી ગઈ હોય અને માણસ તેના ઉપર ખુલ્લે પગે ચાલે ત્યારે દાઝે એટલે તે દોડે. દોડીને થાકે એટલે ઊભો રહે પણ ત્યાંય દાઝે એટલે ફરી દોડે પણ તેને શાંતિ ન મળે. તેમ વિશ્વ આખું તપી ગયેલું છે.

**'રાજા ભી દુઃખિયા, રંક ભી દુઃખિયા; ધનપતિ દુઃખિત**
**વિકારમેં, વિના વિવેક ભેખ સબ દુઃખિયા...'**

સાધુ થાય એ દુઃખમાત્ર ટાળીને સુખિયો થઈ જાય છતાં વિવેક વગર તો તુચ્છ વસ્તુ માટેય ક્લેશ થાય છે. વિષયોના બાહ્ય ત્યાગ છતાં તેની ઊંડી વાસના તેને અશાંત કરી મૂકે છે.

### ● ૪. ઘરમાં સ્નેહ-સંપ-સુહૃદભાવ રહે તેમ ધન કમાવવું :

વધુ ને વધુ ધન મેળવવાની લાયમાં કેટ કેટલાય પરિવારો કુસંપની જ્વાળામાં સ્વાહા થઈ જાય છે. ઘરમાંથી એક વ્યક્તિ સવારે નોકરી કે ધંધો કરવા જાય તો બીજી સાંજે જતી હોય. અઠવાડિયે માત્ર એક દિવસ ભેગા થાય તેવા પરિવારમાં સ્નેહ-સંપ-સુહૃદભાવ કેવી રીતે રહે? તે કરતાં સાથે બેસીને ઠાકોરજીનો થાળ, ધૂન-કીર્તન-ઘરસભા થાય તેવી રીતે ધન-ઉપાર્જન કરવું. અંદર-અંદર એકબીજા પ્રત્યે મતભેદ સર્જાય, હુંસાતુંસી થાય તેવી રીતે ધન કમાવવું નહીં.

### ● ૫. બાળકોના સંસ્કાર અને પ્રેમના ભોગે ધન કમાવવું નહીં :

સંતતિના ભોગે સંપત્તિ ભેગી ન કરવી. ઘરમાં ઊછરતું બાળક માતા-પિતાના પ્રેમ અને હૂંફને ઈચ્છતું હોય છે. પરંતુ આજે ધનપ્રાપ્તિનું ઘેલું લાગેલા માતાપિતા બાળકોને પૈસા આપી દે છે, તેને જોઈએ તે વસ્તુ આપે છે પરંતુ તેમના માટે પોતાનો સમય ફાળવી શકતા નથી. બાળકો પાસે બેસી તેમની વાતને સાંભળવાની દરકાર કરતા નથી. રવિવારના રજાના દિવસોમાં પણ ઓવરટાઈમ નોકરી યા ધંધો કરે છે, પરંતુ બાળકોના સંસ્કારનું શું? તેમના ભણતરનું શું? તેમને વાલી તરીકેનો પ્રેમ કોણ આપશે? તેનો કોઈ વિચાર હોતો નથી. જેના કારણે બાળકો બીજે ટી.વી., ફિલ્મો કે અન્ય વિજાતિ મિત્રો સાથે પ્રેમ શોધતાં ફરે છે. માટે ધન પાછળ એવી દોટ ન મૂકવી કે બાળકોના સંસ્કાર નામશેષ થઈ જાય. બાળકો માટે પૂરતો સમય ફળવાય, તેમની પાછળ ધ્યાન અપાય અને તેમને વાલી તરીકે પ્રેમ-હૂંફ આપી શકાય તેવી રીતે ધન-ઉપાર્જન કરવું.

### ● ૬. નાશવંતપણાના વિચારથી ધન કમાવવું :

ભક્તકવિ **નારણદાસ** કહે છે : **'સ્વપ્નાની સમૃદ્ધિ સર્વે, સ્વપ્ના સાથે જાશેજી; જાગ્યા પછી કાંઈ મળે નહિ, એકેય વસ્તુ પાસેજી.'**

સાચો દેખાતો સંસાર એ સ્વપ્નવત્ છે. તેમાં જે કાંઈ દ્રવ્ય-સંપત્તિ દેખાય છે તે કાંઈ સાથે આવતું નથી. બધું નાશવંત અને ક્ષણભંગુર છે. મોટા મોટા નંદ જેવા રાજાઓ પણ ખાલી હાથે જ ગયા છે તો આવા નાશવંત દ્રવ્ય માટે આવો મોંઘો મનુષ્યજન્મ વેડફી ન નાખવો.

જ્યોતિષી હાથ જુએ છે ને ભવિષ્ય ભાખે છે, વૈદ્ય હાથ જુએ છે ને રોગ ભાખે છે, ઓર્થોપેડિક સર્જન હાથ જુએ છે ને હાડકાંની સ્થિતિ ભાખે છે. બસ, બધે આંખો એની એ જ છે, ભેદ છે માત્ર દૃષ્ટિમાં!

સાહિત્યરસિકને વન-વગડાના ઘટાદાર વૃક્ષોની છાયામાં હૈયાના ઉમળકા સમાતા નથી અને સુથારને એ વૃક્ષોની ડાળીઓમાં સોફા, ટેબલ ને ખુરશીઓ દેખાય છે! એમ સંસારને જોનાર જો આસક્તિથી જોશે, તો બંધનો વધવાનાં છે, જો એ જ સંસારને નાશવંતપણાના વિચારથી જોશે, તો બંધનમાંથી મુક્તિનો માર્ગ મળી જશે.

ઈશાવાસ્યોપનિષદના પ્રથમ મંત્રના ભાષ્યમાં સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી** જગતની વ્યાખ્યા કરતાં કહે છે : **'स्वरूपेण स्वभावेन गच्छति इति जगत्'** - અર્થાત્ સ્વરૂપથી અને સ્વભાવથી જેનું પરિવર્તન થતું જ રહે છે, તેને જગત કહેવામાં આવે છે.

જેટલી જડ ચીજ-વસ્તુઓ છે તે સ્વરૂપથી બદલાતી રહે છે અને ચૈતન્ય એવો જે જીવાત્મા તે સ્વભાવોથી બદલાતો રહે છે.

કોઈએ કહ્યું છે કે **'સંસરતિ ઇતિ સંસારઃ'** - જે સતત સરકતો રહે છે તે જ સંસાર છે. તેમાં કશું જ સ્થિર નથી, પણ સ્થિરતા ઈચ્છતો બદ્ધ જીવાત્મા થોડું જ પરિવર્તન થાય તોય દુઃખી થઈ જાય છે.

સુખ અને દુઃખનું ચક્ર પરિવર્તનશીલ છે, ચડતી-પડતી જીવતરનો ક્રમ છે, તેમાં સ્થિર રહેવા માટે આવશ્યક છે - 'નાશવંતપણાનો વિચાર !' બધું જ 'સ્વપ્નવત્' હોવાની પ્રતીતિ ! પણ અહીં નિરીશ્વરવાદી થઈ જવાની ભીતિ છે. તેથી જ નાશવંતપણાના વિચારની સાથે જ 'જેવી ભગવાનની મરજી' એ વિચાર શ્રેષ્ઠ છે, શાંતિદાયક છે અને ભગવાનમાં ભક્તિભાવ વધારનાર પણ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આશરે ૯૦ વચનામૃતોમાં સાંખ્યનિષ્ઠાની ઉપદેશવાણી એટલે કે 'નાશવંતપણાના વિચાર'ની વાણી વહાવી છે. એક છે સાંખ્યદર્શન અને બીજું છે સાંખ્યપૂર્વકની સમજણ! જેનો અર્થ થાય છે સંસારના નાશવંતપણાનું અનુસંધાન.

આજે આપણને ઠેર ઠેર સાંભળવા મળે છે કે, 'સંસાર દુઃખનો દરિયો છે, સંસાર સમસ્યાઓની હોળી છે, સુખ ક્યાંય જડતું નથી ને દુઃખ ક્યારેય મટતું નથી.' શું આવી દુનિયામાં જીવવાનો કોઈ અર્થ ખરો ?

આવી ઘોર નિરાશાના સૂરોમાં શાસ્ત્રો દ્વારા આપણને ઉજ્જવળ આશાનો સૂર સાંભળવા મળે છે. ઋષિઓ કહે છે કે લોકો માને છે તેટલી હદે વિશ્વ નરકાગાર નથી. હા, અહીં દુઃખ છે, પણ સુખપૂર્વકનું ! અહીં સુખ પણ છે, પણ દુઃખ સહિતનું ! આથી જ, એ સુખો હોવા છતાં અધૂરપનો અહેસાસ મટતો જ નથી. ગમે તેટલું પ્રાપ્ત કર્યા પછી પણ અપૂર્ણતા માનવનો પીછો છોડતી નથી.

> સુખ અને દુઃખનું ચક્ર પરિવર્તનશીલ છે, ચડતી-પડતી જીવતરનો ક્રમ છે, તેમાં સ્થિર રહેવા માટે આવશ્યક છે - 'નાશવંતપણાનો વિચાર !'

શા માટે સ્વર્ગના પર્યાપ્ત સુખ મેળવ્યા પછી પણ ઈન્દ્રને અહલ્યાના સંસર્ગનું પાપ આચરવું પડ્યું ? શા માટે ત્રિલોકના શાસનનું સુખ પ્રાપ્ત કરનાર હિરણ્યકશિપુ, હિરણ્યાક્ષ અને રાવણ જેવાને જિંદગીના અંત સુધી નાશવંત સુખ માટે ફાંફાં મારવા પડ્યાં ? અનાચાર-પાપાચારોના આચરણ કરવાની તેમની વૃત્તિનું કારણ કયુ હતું ? અંતરમાં પડેલી અપૂર્ણતા ! અંદરનો ખાલીપો ! લૌકિક વાસનાએ તેમના સુખ-ચેન છીનવી લીધા હતા.

આજે આવા જ ખાલીપાથી આખી દુનિયા ઊભરાઈ રહી છે. સ્વીડનની ધનાઢ્ય પ્રજા બે-બે કાર ને બંગલાઓથી કંટાળીને જંગલોમાં ઝૂંપડા બનાવીને રહેવાનું પસંદ કરી રહી છે. ઈંગ્લેન્ડમાં કરોડ રૂપિયાની રોલ્સરોયસ કાર પાર્ક કરીને 'બ્લેકપુલ' વિસ્તારમાં ગધેડાની સવારીનો આનંદ માણવા પ્રયાસ કરે છે.

રશિયન ચિંતક મેક્સિમ ગોર્કીએ જ્યારે અમેરિકામાં વિકસેલા મનોરંજનના સાધનોની ભરમાર જોઈ ત્યારે તેમણે કહ્યું હતું કે, "મને આ બધા સાધનો જોઈને એટલો વિષાદ થાય છે કે અરેરે ! આ દેશ અંદરથી કેટલો ખાલી હશે, જે ખાલીપો ભરી દેવા માટે અમેરિકાને આટ-આટલાં મનોરંજનના સાધનોની જરૂર પડે છે !"

શું આ સ્થિતિને 'પાની મેં મીન પિયાસી' જેવી ન કહી શકાય ? પાણી વલોવીને ક્યારેય માખણની આશા રાખી શકાતી નથી, સૂર્યના ચિત્રો દોરીને કદી પ્રકાશની અપેક્ષા રાખી શકાતી નથી, તેમ લૌકિક સુખના ચાહે તેટલા અતિરેક પછી પણ શાશ્વત આનંદની આશા ઠગારી જ નીવડે છે.

ચિત્રકેતુને કરોડ સ્ત્રીઓમાં પણ સુખનો અનુભવ ન થયો, તેણે સંસારની આસક્તિ છોડી લૌકિક વ્યવહારને તિલાંજલિ આપી દીધી હતી. ઋષભદેવ ભગવાન ચક્રવર્તી સમ્રાટ હતા, પણ પોતાના ૧૦૦ પુત્રોને ઉપદેશ આપતાં તેમણે ધન-વૈભવ ને સત્તાનો નહીં, પણ દિવ્ય તપ તથા સત્સંગનો જ મહિમા ગાયો હતો. કારણ એ હતું કે સાંસારિક પદાર્થોએ ક્યાંય, કોઈને, ક્યારેય, કાયમી આનંદના ભોક્તા બનાવ્યા જ નથી.

પછી એ અડધી ધરતીનો ધણી સિકંદર હોય, ઈઝરાયલનો રાજવી કિંગ સોલોમન હોય કે વિશ્વવિજયી નેપોલિયન હોય ! આ ત્રણેય મહારાજાઓના મૃત્યુ પીડાદાયક સાબિત થયાં હતાં : એક પસ્તાવાથી મર્યો, એકે ચાર વાર આત્મહત્યા કરવા પ્રયાસો કર્યા અને એકે ખરેખર આત્મહત્યા કરી જ લીધી હતી !

ભગવાન શ્રી સ્વામિનારાયણે ખેડામાં એરણ સાહેબ, રોલ સાહેબ, વોકર સાહેબ તથા ડગલી સાહેબ આદિક અંગ્રેજ અમલદારને મળ્યા હતા ત્યારે તેમને આ લોકના સુખ પ્રત્યે નાશવંતપણાનો સાંખ્યવિચાર દૃઢ કરાવવા પોતાની રીતે સમજાવતાં કહ્યું હતું કે, "આ જગતનાં જે સુખ-દુઃખ છે તેના ઉપર અમારે તાન-આગ્રહ નથી. અમે ઘણું દેખી-વિચારીને નક્કી કર્યું છે કે સુખ કે દુઃખ કાયમ કાંઈ રહેતું નથી. આ જગતનું જે કાંઈ સુખ-દુઃખ છે તે બધું ક્ષણભંગુર દેખાય છે." (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૯)

આ લોકનું દ્રવ્ય-સંપત્તિ બધું જેમ શ્રીજીમહારાજને નાશવંત અને ક્ષણભંગુર દેખાય છે તેમ જ આપણે તેના પ્રત્યે નાશવંતપણાનો વિચાર રાખવો.

## ● ૭. અકર્તાભાવથી ધન કમાવવું :

શ્રીજીમહારાજ **ગર્વગંજન** છે. તેઓ કોઈના ગર્વને ચલવી લેતા નથી માટે 'મહેનત કરી, મારી બુદ્ધિ-આવડતથી હું કમાયો છું' એવો અહંકાર આવવા ન દેવો. 'હું ધારું તો પાટું મારીને પૈસા પેદા કરી શકું.' 'દુનિયાના કોઈ ખૂણેથી પાછો ન આવું' - આવા દેહાભિમાને યુક્ત અહંકારી વચનો પણ ન બોલવાં, નહિ તો ભગવાન શ્રીહરિ ક્યારેક કરોડપતિમાંથી રોડપતિ કરી દે. જે કાંઈ થયું છે, થાય છે અને થશે તે શ્રીજીમહારાજની મરજીથી, એમની કૃપાથી જ થાય છે. આપણી હાથ હલાવવાની પણ તાકાત નથી માટે અકર્તાભાવથી **ભગવાન શ્રીહરિ** જ કરાવે છે એવા ભાવથી **ધન ઉપાર્જન** કરવું.

## ● ૮. ધ્યેય સામે દષ્ટિ રાખીને ધન કમાવવું :

આપણો જન્મ અલૌકિક અને અભૌતિક સુખ માટે છે, શાશ્વત

શાંતિનો અનુભવ કરી મુક્ત સ્થિતિ પામવા માટે છે. ગાડીનો ડ્રાઈવર ફોન પર વાત કરતો હોય, બ્રેક મારતો હોય, પરંતુ તેની નિરંતર દૃષ્ટિ જે સ્થાને પહોંચવાનું છે તે તરફ મંડાયેલી હોય છે. તેવી રીતે આપણો ધ્યેય છે ભગવાન શ્રીહરિ અને ધર્મકુળ, સંતો-ભક્તોને રાજી કરીને મુક્તસ્થિતિ પામી ભગવાન શ્રીહરિને પામવું છે. ત્યારે આપણે આર્થિક વ્યવહારો કરતાં કરતાં પણ આપણી નિરંતર દૃષ્ટિ આ ધ્યેય તરફ રાખવી કે હું આવી રીતે કરીશ તો મહારાજ અને ધર્મકુળ-સંતો-ભક્તો રાજી થશે કે નહિ થાય તેવો નિરંતર વિચાર રાખવો અને પાછી વૃત્તિ કરવી. જેમાં રાજી હોય તે જ કરવાનું અને જેનાથી રાજી ન થાય તે નહિ જ કરવાનું એવો દૃઢ સંકલ્પ રાખવો. ભગવાન શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણના ૨૬મા વચનામૃતમાં કહે છે : "જે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનને તથા ભગવાનના ભક્તને જે ન ગમતું હોય તે ન જ કરવું."

આ ઉપરાંત શ્રીજીમહારાજ ગઢડા અંત્ય પ્રકરણના ૩૦મા વચનામૃતમાં પોતાના મિષે આપણને શિખવાડે છે કે અમને જેમ આ પાંચ વાતનું નિરંતર અનુસંધાન રહે છે તેમ તમારે પણ રાખવું.

### ● ૯. દેખાડા માટે નહીં પણ સેવા માટે ધન કમાવવું :

આબરૂ અને પ્રતિષ્ઠાની પાછળ પાગલ બનીને, 'હું શું કરું તો લોકોની વચ્ચે સારો દેખાઉં અને લોકો મારી 'વાહ...વાહ...' કરે.' તે માટે થઈ વધુ ને વધુ ધન કમાવવા પ્રયત્ન થતા હોય છે. મારી પાસે આટલો પૈસો છે, સંપત્તિ છે તે દેખાડવા માટે ધન ન કમાવવું, પરંતુ ભગવાન શ્રીહરિ જે કાંઈ દયા કરી દ્રવ્ય આપે તે સેવા માટે વાપરવું તેવા સંકલ્પભાવથી ધન કમાવવું. પણ અન્યને દેખાડો કરવા માટે ન વાપરવું.

"માયા છે તે જે ભગવાનથી વિમુખ છે તેને તો અતિ બંધન કરનારી છે ને અતિ દુઃખદાયી છે અને જે ભગવાનના ભક્ત છે તેને તો એ માયા અતિશે સુખદાયી છે."

ભગવાન શ્રીહરિ લોયા પ્રકરણના ૧૦મા વચનામૃતમાં કહે છે કે, "માયામાં તો કેવળ દુઃખ જ છે કે સુખ પણ કંઈક છે ? એ પ્રશ્ન છે." પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, "માયા તો કેવળ દુઃખદાયી છે." ત્યારે શ્રીજીમહારાજે આગળ વાત કરી જે, "માયા છે તે જે ભગવાનથી વિમુખ છે તેને તો અતિ બંધન કરનારી છે ને અતિ દુઃખદાયી છે અને જે ભગવાનના ભક્ત છે તેને તો એ માયા અતિશે સુખદાયી છે." માટે ભગવાનના ભક્તને તો માયા દુઃખદાયી નથી, પરમ સુખદાયી છે. કારણ કે ભગવાનના ભક્તનું બધું ભગવાન અને સંતો-ભક્તોની સેવાને અર્થે જ વપરાતું હોય માટે આપણું ધન પણ ભગવાન અને સંતો-ભક્તોની સેવમાં વપરાય તે રીતે કમાવવું.

### ● ૧૦. અન્યની પર ઈર્ષ્યા નહીં કરીને ધન કમાવવું :

ભગવાન શ્રીહરિની ઈચ્છાથી આપણી ક્ષમતા આવશ્યકતા પ્રમાણે જેટલી આવક થાય તેવું રાજી થકા કમાવવું, પરંતુ આપણા કરતાં અન્ય કોઈની આવક વધે કે ધંધા-વ્યવહારમાં આપણા કરતાં તેઓ આગળ નીકળી જાય તો તેમની ઈર્ષ્યા ન કરવી. કેમેય કરીને તેની પડતી થાય, ધંધામાંથી પાછો પડે કે તેને નુકસાન થાય તેવા પ્રયત્ન ન કરવા. ઈર્ષ્યાને કારણે સામેના પક્ષકાર માટે જ્યાં ત્યાં કાનભંભેરણી ન કરવી, તેમના ધંધાની મૉનૉપોલી કે ખાનગી વિગતો ખબર હોવા છતાં ખુલ્લી ન કરવી. તેને પોતાના કરતાં વધુ ધન મળે તોપણ રાજી થવું. ઈર્ષ્યાની અગનજાળમાં બળવું નહીં. કારણ કે ખપ પડે ત્યારે તે જ આપણને મદદ કરવાના છે.

### ● ૧૧. સંતસમાગમનો યોગ રાખીને ધન કમાવવું :

કેટલાક અર્થ-ઉપાર્જનની પ્રવૃત્તિમાં એટલા બધા ઓતપ્રોત થઈ જતા હોય છે કે તેમને નિત્ય પૂજાપાઠ-સ્વાધ્યાય, મંદિરે દર્શન કરવાનો કે સંતસમાગમ કરવાનો પણ અવકાશ રહેતો નથી. પરિણામે જીવનમાંથી સત્સંગના મૂલ્યો ભૂંસાતા જાય, સત્સંગનું બળ ઘટતું જાય અને વ્યવહારરૂપ થઈ જવાય. માટે સંસારરૂપી કાદવમાં કમળની જેમ નિર્લેપ રહેવા માટે સંતસમાગમનો યોગ રાખવો ફરજિયાત છે. સત્સંગ અને સમાગમથી સમજણની દૃઢતા થાય અને ગમે તેવા દેશકાળમાં વિપરીત સંજોગોમાં પણ સદા આનંદમાં રહી શકાય.

### ● ૧૨. કોઈની હિંસા કરીને કે દુભવીને ધન કમાવવું નહીં :

કોઈ જીવની હિંસા કરીને કે તેને દુઃખવીને કોઈ ધંધા ન કરવા. માંસ-મટનની દુકાનો, હોટલો ન કરવી કે એવા કોઈ ધંધા ન કરવા. નહિ તો એ જીવહિંસાનું પાપ ભગવાન શ્રીહરિ છતે દેહે પણ ભોગવાવે માટે એવા ધંધા-વ્યવસાય કદાપિ કરવા નહીં.

પારકાની કે પોતાના કુટુંબીઓની કોઈની આંતરડી બાળીને તેને દુભવીને કમાયેલું ધન હસી હસીને લેવાય છે પરંતુ રોઈ રોઈ ભોગવવું પડે છે. એવો પૈસો વિનાશ નોતરે છે અને દુઃખી દુઃખી કરી દે છે માટે ભાગીદારો કે સ્ટાફ સભ્યો સાથે તેમનું શોષણ કરીને કમાવવું નહિ કે પૈસા લેવા નહીં. કોઈની આંતરડી બાળીને જેટલું ધન મેળવીએ તેટલું દુઃખ વણનોતર્યું આવે જ છે. માટે સ્ટાફ સભ્યો કે કોઈને દુભવીને ધન ન કમાવવું. સ્ટાફ સભ્યોનેય ભાગીદાર ગણવા.

### ● ૧૩. આસુરી નહીં પણ દૈવી ધન કમાવવું :

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીના ૭૩મા શ્લોકમાં આની **વિશેષ સ્પષ્ટતા** કરતા કહે છે : 'अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि । आचर्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोऽस्ति हि ।।' - અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ, તે જો ધર્મ રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું, કેમ જે ધર્મ છે તે જ સર્વ પુરુષાર્થનો આપનારો છે માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો.

**'Money is necessary but not everything'** અર્થાત્ 'પૈસો જરૂરી છે પરંતુ **સર્વસ્વ** નથી.' પૈસો જીવન જીવવા માટે જરૂરી છે, પરંતુ આપણું સર્વસ્વ તો એકમાત્ર **ભગવાન શ્રીહરિ** જ છે. છતાંય આપણા જીવનની ગતિ કોઈ વિરુદ્ધ દિશામાં ફંટાયેલી જોવા મળે છે ! જે આપણું સર્વસ્વ છે તેના માટે નહિવત્ પ્રયત્ન થાય છે. અને જે માત્ર

જરૂરિયાત છે તેના માટેના જ બહુધા પ્રયત્ન થાય છે. જીવન જીવવા માટે જરૂરી એવું દ્રવ્ય કમાવવામાં પણ વિવેકબુદ્ધિ રાખવી.

દૈવી દ્રવ્ય કમાવવું પણ આસુરી દ્રવ્યનો આપણા ઘરમાં પ્રવેશ પણ ન થવા દેવો. નહિ તો દૂધનું દૂધમાં અને પાણીનું પાણીમાં જ જાય.

દૈવી દ્રવ્ય કોને કહેવાય ? તો નીતિથી, શ્રીજીમહારાજ અને ધર્મકુળ-સંતો-ભક્તોના રાજીપામાં રહીને, સત્યતાથી, જાતમહેનતે, પોતાનો પરસેવો પાડી, કોઈને દુભવ્યા વિના, કાવાદાવા કર્યા વિનાનું ભગવાન શ્રીહરિની કૃપાથી જે દ્રવ્ય આવે તેને **દૈવી દ્રવ્ય** કહેવાય.

લાંચ-રુશ્વતથી, ભેળસેળ કરીને, છળકપટ કરીને, કોઈને બાટલામાં ઉતારીને, કોઈનું શોષણ કરીને, ઉચ્છેદિયું, નખ્ખોદિયું, દાટેલું, લાઈટ-ચોરી કે અન્ય ચોરીનું દ્રવ્ય એ **આસુરી દ્રવ્ય** છે.

જો દૈવી દ્રવ્ય ઘરમાં આવશે તો ઘરમાં સુખ-શાંતિ જળવાશે, આનંદ-આનંદ રહેશે અને જો લગારેક આસુરી દ્રવ્ય ઘરમાં આવી જાય તો ધનોતપનોત નીકળી જાય. કદાચ શરૂઆતમાં આસુરી દ્રવ્ય સારું લાગે, પરંતુ પાપનો ઘડો ભરાય ત્યારે બધું ઊંધું વળી જાય. માટે દૈવી દ્રવ્ય જ કમાવવું. એ માટે આપણા વ્યવહાર ચોખ્ખા રાખવા, તેમાં પારદર્શકતા રાખવી, ભાગીદાર કે ઉપરીથી કોઈ વ્યવહાર છુપાવવા નહીં. ગ્રાહકો, વેપારી, ડિપોઝિટર બધા સાથે ચોખ્ખા વ્યવહાર રાખવા. ગોલમાલ ન કરવી.

દરેક વ્યક્તિને સુખની ઈચ્છા છે. ભારતના પ્રાચીન અર્થશાસ્ત્રી ચાણક્યે પોતાના અર્થશાસ્ત્રમાં પ્રશ્નોત્તરપૂર્વક **સુખનું મૂળ** બતાવ્યું છે.

'सुखस्य मूलं किम् ?' સુખનું મૂળ ક્યું ? 'धर्मः ।' ધર્મ. (યજ્ઞ)

'धर्मस्य मूलं किम् ?' ધર્મનું મૂળ ક્યું ? 'अर्थः ।' પૈસો. (ધનથી યજ્ઞ થાય.)

'अर्थस्य मूलं किम् ?' ધનનું મૂળ ક્યું ? 'वाणिज्यम् ।' વેપાર.

'वाणिज्यस्य मूलं किम् ?' વેપારનું મૂળ ક્યું ? 'स्वातंत्र्यम् ।' સ્વતંત્રતા. (વેપાર ઉપર કડક નિયમનો હોય તો સારી રીતે વેપાર ન થાય. ફ્રી પોર્ટમાં ધંધો સારો વિકસે છે.)

'स्वातंत्र्यस्य मूलं किम् ?' સ્વતંત્રતાનું મૂળ ક્યું ? 'चारित्र्यम् ।' ચારિત્ર્ય. (સ્વતંત્રતામાં સ્વચ્છંદતા ન પ્રવેશે તે માટે.)

આ પ્રશ્નોત્તરી ઉપરથી સુખનું મૂળ **'ચારિત્ર્ય છે'** તે ફલિત થયું.

બ્રાહ્મણનું રૂપ ધરીને આવેલા ઈન્દ્રને પ્રહ્‌લાદે ચારિત્ર્યનું દાન કર્યું તો તેની રાજ્યલક્ષ્મી, બળ, તેજ બધું જ ચારિત્ર્ય સાથે ચાલી ગયું. યથાર્થ કહેવાયું છે કે, **'when character is lost everything is lost.'** - ચારિત્ર્ય ગયું તો બધું ગયું.

પિતાની કરોડોની પેઢી દુરાચારી પુત્ર દેવાળામાં લઈ જાય છે.

એલ્વીન ટૉફલર પોતાના પુસ્તક 'Power Shift'માં જણાવે છે કે પહેલા એમ મનાતું કે જેની પાસે શરીરબળ હોય તે શક્તિશાળી, પછી એમ સમજાયું કે જેની પાસે ધનબળ હોય તે શક્તિશાળી. હવે એવો સમય આવ્યો છે કે જેની પાસે જ્ઞાનબળ (information - માહિતી) હોય તે શક્તિશાળી. પરંતુ આપણાં ઋષિમુનિઓ અને ગ્રંથો અનાદિકાળથી કહેતા આવ્યા છે કે, જેની પાસે ચારિત્ર્યબળ હોય તે શક્તિશાળી. દુર્યોધનને **ધૃતરાષ્ટ્ર** કહે છે : 'यदीच्छसि श्रियं तात, यादृशी सा युधिष्ठिरे । विशिष्टां वा नरव्याघ्र शीलवान् भव पुत्रक ।।' - યુધિષ્ઠિર પાસે છે તેવી કે તેથી વધુ સંપત્તિ તું ઈચ્છતો હો તો હે પુત્ર ! તું ચારિત્ર્યવાન બન.

સુખ માટે ધંધો - રૂપિયા આવશ્યક છે પણ શાસ્ત્ર કહે છે : 'धर्मेण अर्थः सम्पादनीयः' - ધર્મથી રૂપિયા પ્રાપ્ત કરવા.

જે ધંધો (કર્મ) કરવાથી ઘણો લાભ થયો હોય પણ તે ધંધો જો ધર્મવિહોણો હોય તો તે ધંધો કદી કરવો નહીં કારણ કે, ધર્મ જ સર્વ અર્થ (પૈસા)ને આપનારો છે. પોલ્ટ્રીફાર્મોના ધંધા માટે સરકાર સો ટકા સબસીડી (સહાય) આપે છે પણ આ ધંધો જીવદયા ઉપર છીણી સમાન પાપરૂપ છે. શસ્ત્રોનો ધંધો પણ માણસાઈનું ખૂન કરે છે. ડ્રગનો અને તેની હેરાફેરીનો ધંધો એક હાથે ધન આપે છે અને બીજા હાથે ચારિત્ર્યધન લૂંટી લે છે. દારૂની ફેક્ટરીઓ અને દારૂના પીઠાં પણ અનીતિના ધંધા છે. બીડી, સીગરેટ અને ગુટખાના ધંધામાં ગરીબોને રોજી મળે છે પણ તેના કરતાં અનંતગણું નુકસાન થાય છે તે હકીકત છે. ટી.વી. ચેનલો અને ઈન્ટરનેટ ઉપર ધનના લોભે અશ્લીલ ચિત્રો દર્શાવાય છે. અભક્ષ્ય અને અપેય પદાર્થોની જાહેરાતો લેવાય છે. અમુક અપવાદ સિવાયના છાપાઓની પણ આજ દશા છે. રૂપિયાના લોભે પરનિંદાવાળું પણ છપાય છે. આમાંય પણ અમુક અપવાદો હોય છે, જે પરનિંદાયુક્ત લખાણના ખૂબ રૂપિયા મળતા હોવા છતાં ન સ્વીકારે. ખોટા ધંધામાં હંમેશાં અશાંતિ રહે છે. બે નંબરનો ધંધો રૂપિયા આપે છે પણ તે ધંધો છૂપાતાં-લપાતાં કરવો પડે છે.

- **ધંધામાં ધર્મ એટલે નીતિ આવશ્યક છે :**

સ્વીસ બેંકો એ આંતરરાષ્ટ્રીય અનીતિનો જ ધંધો છે ને ! ધંધામાં ભેળસેળ એ પણ **અધર્મ** છે. બતાવવું બીજું ને આપવું બીજું. તોલમાં પણ ઓછું આપે. માલ સસ્તા દરે વેચી બીજાના ધંધાને નુકસાન પહોંચાડવું તેને ભલે બિઝનેશ પોલિસી કહેવાતી હોય પણ તે હિતાવહ તો ન જ કહેવાય.

ધંધો કરવા મોટી હોટલોમાં દારૂ-માંસ અને ડાન્સની પાર્ટીઓ યોજાતી હોય છે. તેમાં આયોજક અને આમંત્રિતો બધા જ ભાગ લેતા હોય છે. આયોજક કદાચ આ ખાણીપીણીમાં ભાગ ન લે પણ બીજાને તો ખવરાવે-પીવરાવે જ. બીજાને ખુશ કરવા આવા નીતિભ્રષ્ટ આયોજનોની જરૂર નથી. ભારતના અને વિદેશોમાં અમુક ટોચના ઉદ્યોગપતિઓ અને વેપારીઓ છે જેઓ આવી પાર્ટીઓમાં જતા નથી અને આવી પાર્ટીઓ યોજતા પણ નથી. તેઓ આવી ખાણીપીણી અને દૂષણો વગરની પાર્ટીઓ યોજે છે. કોઈને તેમાં તકલીફ થતી નથી, કારણ કે જેમ આયોજકને ધંધાની ગરજ છે તેમ સામાવાળાને પણ ગરજ હોય છે. કોઈ ઉદ્યોગપતિઓ તો પોતાના કારખાનામાં દારૂ, માંસ, ચા-કોફી કે તમાકુ-બીડી-ગુટખાનો પણ નિષેધ બધા જ માટે ફરજિયાત રાખતા હોય છે ! ટીફીનમાં પણ અખાદ્ય પદાર્થોને લાવવાં દેતા નથી.

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી રચિત **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં નીતિની મહત્તા વિષે વાત કરતાં સ્વયં ભગવાન **શ્રીહરિ** કહે છે :

લોકો જેટલી અનીતિ કરે છે તેટલા વધુ દુઃખી રહે છે. જે કાંઈ દુઃખ કહેવાય છે તે સર્વે અનીતિમાં રહ્યા છે અને જે કાંઈ સુખ કહેવાય છે તે સર્વે નીતિમાં રહ્યાં છે. જે શાહુકારો નીતિને માર્ગે ચાલે છે, તે સુખી દેખાય છે અને કરોડોનું ધન કમાય છે. જેટલા કાંઈ પણ જીવન

ઉપયોગી પદાર્થ હોય છે અને તેની જેને જરૂર પડે છે તે બધા શાહુકારની દુકાનેથી મળે છે, પણ ચોરના ઘરમાંથી ક્યારેય મળતા નથી. જે લોકો જેટલી અનીતિ કરે છે તેને જીવનમાં અન્ન તથા વસ્ત્ર મળતા નથી અને નીતિના જે ગ્રંથો કહેવાય છે તે સમાજને અનીતિ કરતા રોકે છે. પ્રજાનું પાલન કરનારા જે રાજા હોય તેને પહેલા નીતિ ભણવાનું કહ્યું છે. જો પહેલા રાજા જ નીતિના માર્ગે ચાલે તો તે પ્રજાને પણ નીતિ શિખવાડે છે. રાજામાં જેવા ગુણ હોય છે, તેવા જ ગુણ પ્રજામાં પણ આવે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૧૯)

જ્યાં જેટલી નીતિ દેખાય છે ત્યાં ભગવાન તેટલી સહાયતા કરે છે અને જ્યાં અનીતિ હોય છે ત્યાં અધર્મ રહે છે. અને તે અધર્મ બુદ્ધિમાં અંધકાર કરાવી દે છે. અંધ વ્યક્તિનું રાજ્ય ક્યાંથી રહે ? અને તેવા રાજ્યમાં પ્રજાને સુખ ક્યાંથી મળે ? નીતિ વિનાના જેટલા રાજાઓ છે તે બધા ગાઢ અંધારા જેવા છે. જ્યાં જેટલી નીતિ રહે છે ત્યાં તેટલું અંધારું નથી હોતું અને જ્યાં જેટલી અનીતિ રહે છે ત્યાં તેટલું અંધારું રહે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૪૭)

જે મનુષ્ય જેટલા નીતિમાં તત્પર થઈને ચાલે છે, તે સૌથી ઊંચા છે તેમ ખુદ ભગવાને કહ્યું છે. ભગવાનનું નીતિરૂપી સિંહાસન સૌથી વધારે ઊંચું છે અને તેના ઉપર સર્વોપરિ ભગવાન રહ્યા છે. માટે જ્યાં નીતિ છે ત્યાં ભગવાન રહે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૬૯)

જે નીતિ છોડીને ચાલે છે તેને અસુરોની જાતિ સમજવી. વર્ણાશ્રમના જે નિયમ અને નીતિ ઉપર જે ચાલતા નથી તે પણ અસુર કહેવાય. જે લોકો નીતિના માર્ગે ચાલે છે અને ભગવાનથી ડરે છે, તે બધા મનુષ્યો તો દેવના જેવા છે. કેવળ ઉપરથી જ મનુષ્ય દેખાય છે. કવિઓ અપાર થઈ ગયા છે. તેમણે ગ્રંથો ઘણા લખ્યા છે. અને એટલી બધી વાતો લખી છે કે તેનો કોઈ પાર આવતો નથી. જેને જેવી વાતનો જીવમાં પાસ (સોબતની અસર) હોય તેવી વાતો તેઓ લખી ગયા હોય છે, તેવું અમને દેખાય છે. જેનું અંતર જેવું હોય અને જેવી સમજણ હોય તે જેમ અગ્નિ સોનાને કહી બતાવે છે તેમ તેમના લખેલા ગ્રંથોથી દેખાઈ આવે છે. ભગવાન અને નીતિ વગરની ચાહે તેટલી હોશિયારીથી વાતો લખી હોય, અને તે અતિ પ્રવીણ દેખાય પણ તેનાથી કોઈ અર્થ સરતો નથી; એવું બુદ્ધિશાળી હોય તેને દેખાય છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૮/૧૫)

જે જેટલી શુભ નીતિ રાખે છે તેટલી તેની મોટપ વધતી જાય છે અને શુભ નીતિને છોડીને જે લોકો જેટલી અનીતિમાં ચાલે છે તેની તે પ્રમાણે લગાર પણ મોટાઈ ક્યારેય રહેતી નથી. જ્યારે મોટાઈ જાય છે ત્યારે તે ગમાર થઈને રહે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૪૭)

નીતિનો માર્ગ સુખનું મૂળ છે. અનીતિનો માર્ગ દુઃખનું મૂળ છે, તે વાત ચોક્કસ સમજવી. અને આ ભગવાનનો કરેલો લેખ છે તે કોઈ કલ્પ સુધી પણ ફરતો નથી. જેવો ભગવાનનો લેખ હોય, તેવું જ બધું ચોક્કસપણે થાય છે. નીતિના માર્ગમાં અપાર સુખ રહ્યું છે. તે નીતિના માર્ગમાં જ ભગવાનનું ધામ રહ્યું છે. આ વાત ક્યારેય મિથ્યા થતી નથી. અનીતિના માર્ગમાં તો પારાવાર દુઃખ રહ્યું છે. અનીતિમાં જન્મ, મૃત્યુ, જમપુરી અને લખચોરાશીનું અપાર દુઃખ રહ્યું છે. આ વાત કાંઈ મિથ્યા નથી. આ બધી વાતને જ્યાં સુધી જે મિથ્યા માને છે, ત્યાં સુધી તેને જેટલાં દુઃખ છે તે બધાં સહન કરવાં પડે છે. ભગવાને જેટલી વાત કહી છે, તેને જ્યારે સત્ય માને તથા નીતિના માર્ગે ચાલે ત્યારે તે જીવનો ઉદ્ધાર થાય છે અને ત્યારે તે અપાર સુખને પામે છે, જેનો કહ્યે પાર આવતો નથી. નીતિ અને ધર્મ એક જ છે. સત્યનો માર્ગ અને સત્સંગ એક જ છે, પણ તેને અલગ અલગ શબ્દથી કહ્યા છે. અનીતિ, અધર્મ, અસત્ય અને કુસંગ તે પણ એક જ માર્ગનાં નામ છે, પણ તેને અલગ અલગ શબ્દથી કહ્યાં છે. નીતિરૂપ સત્સંગનો માર્ગ તો સુખનો માર્ગ છે અને અનીતિરૂપ કુસંગનો જે માર્ગ છે તે દુઃખનો છે. પણ જે મનુષ્ય ભગવાનથી વિમુખ છે, તેને તે દેખાતું નથી. તેથી તે દુઃખને માર્ગે જ ચાલતો રહે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૩૭)

### ધંધામાં નિયતિ રાખવી :

નિયત અને નિયતિને **સીધો સંબંધ** છે. જેવી નિયત હશે એવી નિયતિ ઘડાશે. નિયત એટલે દાનત. નિયતિ એટલે નસીબ. દાનત બગડી તો નસીબ પણ બગડવાનું છે. સફળતા માટે ઘણી વખત માણસ શોર્ટકટ અપનાવે છે. પણ આ શોર્ટકટનો છેડો બહુ નજીક હોય છે અને મોટા ભાગે આવો રસ્તો ખીણ તરફ જ જતો હોય છે. કોઈ કવિએ કહ્યું છે : 'નિયત તો દિલકી હંમેશા હી સહીથી, દિલકા ઈરાદા ભી સમજો નેક થા ફિતરત આવારા તો ક્યા કરે બિચારા ?' આવારા ફિતરત હોય તો બિચારો શું કરે ? એનો એક જ જવાબ હોય શકે, ભોગવે !

આપણે ત્યાં એક એવી **માન્યતા** છે કે, જન્મ થાય ત્યારે જ વિધાતાએ લેખ લખી નાંખ્યા હોય છે. વિધાતાના લેખ વાંચી શકાતા નથી. જિંદગી જ આવા લેખ ઉકેલે છે. હીરો સીધેસીધો ચમકી જતો નથી. હીરાને ઘાટ આપવો પડે છે. બી વાવીએ કે તરત ફૂલ ઊગી જતું નથી. છોડને ઉછેરવો પડે છે. નસીબ પણ એમને એમ ખીલી જતું નથી. ચંદન પણ ઘસાઈને તિલક બને છે.

ગુજરાતીમાં એક **કહેવત** છે - 'ઉતાવળે આંબા ન પાકે' માણસને જલદીથી બધું જોઈએ છે. માણસને પરિણામ જોઈએ છે, પણ પ્રયત્નો કરવા નથી. નિષ્ફળતા એ બીજું કંઈ નથી પણ પ્રયત્નોનો અભાવ છે. પ્રયત્નોને ટાળવા માણસ કોઈને કોઈ બહાના કાઢતો રહે છે. તમારી સફળતા કે નિષ્ફળતા કેટલા લોકોને અસર કરે છે ? માણસ જેટલો મોટો એટલી **જવાબદારી** વધુ. ફેક્ટરીના માલિક ઉપર તેના કર્મચારીઓની જવાબદારી હોય છે. કંપનીના માલિકની દાનત બદલે તો કેટલા લોકોની હાલત ખરાબ થઈ જાય ? પરિવારનું પણ એવું જ છે. ઘરનો મોભી જો જવાબદારી ચૂકે તો આખો પરિવાર વેરવિખેર થઈ જાય છે. માણસ એકલો નથી. માણસના નસીબ સાથે બીજા લોકોનું નસીબ પણ જોડાયેલું હોય છે. જેના ઉપર વધુ જવાબદારી હોય તેણે વધુ **સભાનતાપૂર્વક** વર્તવું જોઈએ.

એક ભાઈ ઉપર આખા ઘરની જવાબદારી હતી. સારી નોકરી હતી. ઘરનું સરસ ચાલતું હતું. એને જુગારી સાથે દોસ્તી થઈ. રૂપિયા બનાવવાની લાલચે એ જુગારના રવાડે ચડ્યો. એક દિવસ પગાર જુગારમાં હારી ગયો. આખો મહિનો કેમ કાઢવો તે સમસ્યા થઈ ગઈ. ઘરમાં ઝઘડા થયા. ખોટા માર્ગે રૂપિયા મેળવવાની દાનતે આખા

ઘરને પરેશાન કરી દીધું. એ માણસ પોતે તો હેરાન થયો જ, ઘરના બધાના દિવસો પણ ખરાબ થઈ ગયા. બીજાનો આધાર જો આપણા ઉપર હોય તો આપણે **વધુ સતર્ક** રહેવું જોઈએ.

એક સરસ **વાર્તા** છે. એક કુંભાર હતો. દરરોજ માટલા બનાવે. ગામમાં જઈને માટલા વેચે. ધીમે ધીમે માટલાની ખરીદી ઘટતી ગઈ. લોકો રેફ્રિજરેટર ખરીદવા લાગ્યાં. કુંભારને થયું કે હવે શું કરવું ? ચાકડા ઉપર માટી ગોઠવી. કુંભારને થયું કે હવે માટલા તો કોઈ ખરીદતું નથી. લાવ હવે માટલાને બદલે હુક્કો બનાવું. કુંભારે **હુક્કો** બનાવ્યો. હુક્કો તૈયાર થઈ ગયો. કુંભાર હુક્કો વેચવા જતો હતો ત્યારે હુક્કાએ કુંભારને મેણું માર્યું. કુંભારને કહ્યું કે, તારી નિયત બદલી અને મારું નસીબ બદલી ગયું. તે માટલું બનાવ્યું હોત તો બધા પાણી પીને ઠંડક મહેસૂસ કરત. તે માટલાને બદલે હુક્કો બનાવ્યો. હવે લોકો મારામાં સળગતા કોલસા ભરશે. જો તે હુક્કાને બદલે દીવો બનાવ્યો હોત તો કમસે કમ હું કોઈને પ્રકાશ તો આપી શકત !

દાનત એવી **વિચિત્ર ચીજ** છે કે જો દરકાર ન રાખી તો દાનત ક્યારે બદલી કે બગડી જાય છે તેની સમજ પડતી નથી. એટલે જ આપણી દાનત ઉપર નજર રાખવી જરૂરી બની જાય છે. તમારા વિચારો ઉપર નજર રાખો. એક નબળો વિચાર બીજા નબળા વિચારને આમંત્રણ આપે છે. નબળા વિચારનો પછી ગુણાકાર થવા લાગે છે અને સરવાળે માણસ જ ખોટમાં જાય છે. સારાની **ગતિ** ભલે ધીમી હોય પણ તેની મંજિલ **સ્પષ્ટ** હોય છે. ખરાબની ગતિ ઝડપી હશે પણ મંજિલ આવે ત્યારે ભાન થાય છે કે આ તો એ જગ્યા નથી જ્યાં મારે પહોંચવું હતું. તમારે ક્યાં પહોંચવું છે તેનો સંપૂર્ણ આધાર તમારી દાનત પર છે. નિયત સાફ હશે તો જ નિયતિ **સન્માનજનક** રહેશે.

> દાનત એવી **વિચિત્ર ચીજ** છે કે જો દરકાર ન રાખી તો દાનત ક્યારે બદલી કે બગડી જાય છે તેની સમજ પડતી નથી. એટલે જ આપણી દાનત ઉપર નજર રાખવી જરૂરી બની જાય છે.

## વ્યાવસાયિક ધર્મ એટલે કે વ્યાવસાયિક પવિત્રતા જરૂરી છે :

વરલી મટકા (જુગાર) જેવા અનીતિના ધંધામાં ઘણાં કુટુંબોની **બરબાદી** જ થઈ છે. ઘોડાની રેસ જેવા અનીતિના - જુગારી ધંધાને પણ બિનજુગારી  કહી સરકાર પરવાનગી આપે છે ! સટ્ટાના (જુગાર) ધંધાને સ્ટોક એક્સચેન્સ જેવું રૂપાળું નામ અપાયું છે. સરકારી લોટરીનો ધંધો પણ જુગાર જ છે. દાક્તરો કટપ્રેકટીસ કરે છે તે પણ અનીતિ છે. દર્દી પાસેથી ચાલુ ઓપરેશને ઠરાવેલા રૂપિયાથી વધુ રૂપિયા પડાવવા તરકીબો કરવી એ કેવળ અનીતિ નહીં પણ દયાવિહોણું **રાક્ષસી કર્મ** છે. કોઈને બ્લેક-મેઈલ કરીને રૂપિયા પડાવવાનો પણ ધંધો ચાલતો હોય છે. અંધારી આલમના ધંધાની તો વાત જ થાય તેમ નથી.

વેપારીઓ સ્વીસબેંકોમાં પોતાનું નાણું મૂકે એટલે દેશમાં તો તે નાણું ફરે નહીં પછી દેશ દેવાળિયો જ થાય ને ! આ ધૂર્ત વેપારીઓએ દેશને પોતાનો માન્યો જ નથી. કોઈ દેશોમાં તો લોભી રાજકારણીઓ પણ આવા કૌભાંડોમાં વેપારીઓ સાથે ભળેલા હોય છે. જે પકડાયું તેના કેસો ચાલે છે. કહેવત છે : 'જેનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી' જ બને.

મોટી કંપનીના માલિકો જ જો અનીતિથી દૂર રહે તો નીચેના કર્મચારીઓનું ચારિત્ર્ય સુધરે. વેપારીઓ ટેક્સ ન ભરે, ખરીદીના મેનેજરો પણ લાંચ લીધા વિના કામ ન કરે, પછી દેશ ક્યાં જઈને ઊભો રહે ?

નીતિથી પણ ધંધો થઈ શકે છે, પરંતુ તે માટેની સજ્જનતા જોઈએ. આ માટે માણસમાં વ્યક્તિગત રીતે નીતિ જોઈએ. તો જ તે પોતાની ખાનદાની ધંધામાં બતાવી શકે. આ સંસ્કાર આપણા ધર્મમાંથી આવે છે. 'वसुधैव कुटुम्बकम्' - સઘળું વિશ્વ મારું કુટુંબ છે એમ મનાય તો બીજાના ભોગે પોતાના કુટુંબના ઉદ્ધાર માટે કુકર્મ કરતો બચે. વળી 'आत्मवत् सर्वभूतेषु' - દરેકમાં પોતાના જેવો ભાવ કેળવે તો અનીતિ કરતો અટકે. વળી 'आत्मन्येवात्मना तुष्टः' - એટલે કે જેને ભગવાનમાં જ લાભ-માલ મનાયો હોય અને તેનાથી જ સંતુષ્ટ રહેતો હોય તો પણ તે નીતિસર ધંધો કરી શકે. દુર્યોધન ભલે કહેતો હોય કે 'असंतोषो हि श्रियो मूलम्' - અસંતોષ એ જ ધનનું મૂળ છે, પણ તેમાં અશાંતિ જ મળે છે.

શરાફો વ્યાજનો દર વધુ લે - કોઈની લાચાર પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવે. વિધવાઓના પૈસા રાખીને તેને વધુ વ્યાજની લાલચ આપી તેની સાથે અનૈતિક કર્મ પણ આચરે. માટે 'आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्' - પોતાને જે પ્રતિકૂળ હોય તેવું બીજા માટે આચરણ ન કરે. 'मा गृधः कस्यस्विद् धनम्' - કોઈનું ધન તફડાવી લેવું નહીં. આવાં નૈતિક મૂલ્યો ધંધામાં શીખવા જોઈએ. ગરીબોને ચીજવસ્તુ રાહત દરે કે સાવ ગરીબ ગ્રાહક હોય તો કોઈવાર વિના મૂલ્યે આપવાની પણ દયા કેળવવી જોઈએ. આનાથી **માનસિક શાંતિ** મળે છે.

## ભગવાનનો ધંધામાં ઉપયોગ :

અમુક દેવોના અમુક નિશ્ચિત દિવસે દર્શન કરવાથી વેપારમાં ઘણો લાભ થાય છે એવું ઘણાં વેપારીઓ માને છે. મુંબઈમાં સિદ્ધિવિનાયકના મંદિરમાં મંગળવારે પુષ્કળ ભીડ હોય છે. ધંધામાં લાભ થાય તે માટે વિવિધ દેવોની જુદી જુદી રીતની માનતાઓ પણ રખાય છે. જેવી કે હનુમાનજીને શનિવારે તેલ ચડાવવાની માનતા. બ્રાહ્મણો પાસે અમુક દેવદેવતાઓના પાઠ પણ કરાવાય છે. વળી અમુક દેવદેવીઓના નામો તમાકુ, ગુટખા કે દારૂ જેવી નિષિદ્ધ વસ્તુઓના ધંધામાં પણ જોડતા હોય છે.

એક આધુનિક સાધુવાણિયાનો માલ વહાણમાં આવતો હતો. તેણે સત્યનારાયણ ભગવાનને પ્રાર્થના કરી કે, "હે ભગવાન ! આ વહાણ ડૂબાડી દેજો તો હું તમારી કથા કરાવીશ." આવી પ્રાર્થનાનું કારણ એ હતું કે - વહાણમાં તેનો માલ પચાસ હજારનો હતો અને માલનો વીમો ચાર લાખનો હતો !

આવા વેપારીઓ ભગવાનનો 'સ્ટેપીંગ સ્ટોન' જેવો સ્વાર્થી ઉપયોગ કરે છે. માનતા કરીને ભાગ્યયોગે જો પૈસા મળી જાય પછી ભગવાનને "બાય...બાય..." કહી દે છે.

દાણચોરીના ધંધો કરનારા પણ ભગવાનના મોટા ઉત્સવો કરાવે છે. કોઈ વેપારીઓ તો વ્રત-ઉપવાસ ખૂબ કરે પણ ગ્રાહકનું લોહી ચૂસે. આથી ભગવાન રાજી થતા નથી. આવા લોકો કહેતા હોય છે કે, 'ધંધો એટલે ધંધો. ધંધામાં બધું ય ચાલે. ધરમ જુદો અને ધંધો જુદો !'

### ધર્મમાં ધંધો :

કોઈવાર ધર્મમાં ધંધો પેસી જતો હોય છે, તે તો અતિ ભયંકર છે. ધર્મનો ઉપયોગ ધંધા માટે કરે. જે ધર્મમાં કેવળ રૂપિયા ભેગા કરવા ઉપર જ અને તેનાથી મલિન વૃત્તિઓને પોષવા ઉપર જ તાન રહેતું હોય તે ધર્મમાંથી **આધ્યાત્મિક સુવાસ** જ ઊડી જાય છે. જ્યાં કેવળ પૈસા ઉપર જ ભક્તોની ગુણવત્તાનું ધોરણ હોય તો તે ધરમ નથી પણ ધંધો છે અને તે પણ નીતિ વગરનો.

ધંધામાં નીતિ અને સદાચાર માટે ભગવાનને સાથે અને માથે રાખવા. મિનિસ્ટરનો ધંધામાં ભાગ રાખવાથી ધંધામાં ઘણી સરળતા રહે છે, તેમ સર્વકર્તા ભગવાનનો ધંધાની આવકમાં દસમો કે વિસમો ભાગ રાખવાથી ધંધામાં નીતિ અને શાંતિ રહે છે.

કમાણીમાં ભગવાન ઉપરાંત પશુપંખીઓથી માંડી મનુષ્યોનો પણ ઘણો જ **સહયોગ** છે તે પણ ભૂલવું ન જોઈએ. શ્રીરામ ચરિત્ર માનસમાં કહ્યું છે : 'પરહિત સરિસ ધરમ નહિ ભાઈ' માટે તેમના માટે પણ ધન વાપરવું. દાન-પુણ્ય કરવું, શૈક્ષણિક અને આરોગ્ય ધામો બંધાવવા, કુદરતી આફતોમાં મદદરૂપ થવું, પશુ-પંખીઓ માટે અવેડાં, ચબૂતરાં વગેરે બંધાવવા. દરેક ધર્મમાં લખ્યું છે કે, 'दानेन अर्थस्य शुद्धिर्भवति ।' - દાનથી ધનની શુદ્ધિ થાય છે.

શિક્ષાપત્રીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે : 'आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा ।' (શ્લોક - ૧૨૫) ઉપજ મુજબ ખર્ચ કરવો. જેથી દેવાળું કાઢવું ન પડે અને દુઃખ ન આવે.

વળી, ભગવાન શ્રીહરિ કહે છે : 'प्रतिज्ञातं धनं देयम्' (શ્લોક - ૧૫૨) કર્મચારીને જે પગાર આપવાનો નક્કી કર્યો હોય તે પ્રમાણે જ આપવો. હજારના પગાર ઉપર સહી કરાવીને આઠસો જ આપવા એ નીતિ નથી અનીતિ છે. કર્મચારીને ચૂસવા નહીં, કુટુંબના સભ્ય સમજવા. કારણ કે તેમનાથી તો કમાઈએ છીએ. ધંધામાં પોતાના કુટુંબ-પરિવારને ન ભૂલીએ. ધંધો વ્યસન બની જવો ન જોઈએ. ધંધા સિવાય વિશ્વમાં ઘણું બધું શુભ હોય છે.

### ધંધામાં ધ્યાન :

કોઈએ કહ્યું છે કે, **'આગે ધંધા પીછે ધંધા, ધંધા માંહી ધંધા; ધંધા માંહી ધ્યાન લગાવે, સો સાહેબકા બંદા.'** જીવન નિર્વાહ માટે નોકરી ધંધો અનિવાર્ય છે પણ ખરા ભક્તો તેમાંથી સમય કાઢી ભગવાનનું ભજન કરી લેતા હોય છે.

સામાન્ય રીતે માણસને ધંધામાંથી હરવા-ફરવાનો અને મોજમજા કરવાનો સમય મળી રહે છે પણ ભગવાન ભજવાનું આવે તો તરત કહી દે છે **'No time'** મારી પાસે સમય નથી.

એક મોટા શહેરમાં એક અતિ પ્રવૃત્તિશીલ ઉદ્યોગપતિને ત્યાં સંતો ગયા અને કહ્યું : "શેઠ ! કથા સાંભળવા આવો." શેઠ કહે : "સંતો ! કથામાં એક મિનિટ બેસીએ તો એક લાખનું નુકસાન જાય. પાંચ મિનિટ બેસીઓ તો પાંચ લાખનું... તમે એકલા કથા કરો."

એક વણઝારો હતો. તેને એકસો પોઠિયા હતા. રાતનો સમય હતો. વણઝારાને ઊંઘ આવતી હતી. તેણે વિચાર કર્યો કે, "બધા પોઠિયા ઊભા છે, તેમને બેસાડીને પછી સૂઈ જાઉં." તેથી તેણે બધા પોઠિયાને બેસાડ્યા, તેમાં એક પોઠિયો માંદો હતો. તેથી તેને જરા પંપાળી પરાણે બેસાડવા ગયો તેનો ધબ્બ અવાજ થયો. તેને જોઈને બીજા નવ્વાણું પોઠિયા, જેમને મહામુસીબતે બેસાડ્યા હતા તે બધા, ઊભા થઈ ગયા. ત્યાર પછી એ બધાને બેસાડવામાં રાત વહી ગઈ પછી એનો સૂવાનો વારો જ ક્યાંથી આવે ? માટે ધંધામાંથી સાવ નવરા થઈ નિરાંતે ભગવાન ભજીએ એવો નિર્ધાર રહેતો નથી. એક કામ પતાવવા જાય તેમાંથી બીજા તેર કામ નીસરે. માટે દળતામાંથી બુકી લેવું એ ન્યાયે ધંધામાં જ પ્રભુ ભજી લેવા.

ધંધો ધ્યેય નથી એ તો ફરજ રૂપી પુરુષાર્થ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - આ ચાર પુરુષાર્થમાં 'મોક્ષ પુરુષાર્થ' ધ્યેય છે. આ સાધ્ય ભૂલાઈ જાય અને ધર્મને ભૂલી અર્થ અને કામ જ મુખ્ય થઈ જાય તો તે **ખોટનો ધંધો** કહેવાય. ધર્મ અનુસાર અર્થ એટલે કે ધન પ્રાપ્ત કરી તે ધનની કમાણીના માપમાં રહી કામનાઓની એટલે કે ઈચ્છાઓની પૂર્તિ કરતાં કરતાં મોક્ષ પ્રાપ્ત કરવો એ **લાભનો ધંધો** કહેવાય.

કર્મ વગર કોઈ રહી શકતું નથી એટલે ઈશોપનિષદ કહે છે : 'कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ।' (૨) કર્મ કરતાં કરતાં સો વર્ષનું આયુષ્ય ભોગવવું. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે 'स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।' - પોતપોતાના કર્મો કરતાં કરતાં માનવો સિદ્ધિ મેળવે છે. (૧૮/૪૫) વળી, આગળ કહે છે : 'योगः कर्मसु कौशलम्' - કર્મોને કુશળતાપૂર્વક કરવા તે યોગ છે. (૨/૫૦) એટલે કે કર્મ સાથે જ્ઞાન અને ભક્તિનો સંગમ એટલે યોગ.

ધંધામાં ભક્તિ ભેળવીએ તો ધંધારૂપી કર્મ પણ ભક્તિરૂપ થઈ જાય છે એમ શ્રીજીમહારાજે ગઢડા મધ્ય પ્રકરણના ૧૧મા વચનામૃતમાં કહ્યું છે. તેથી જ કહ્યું છે : 'कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्यात्मना वा प्रकृतेः स्वभावात् । करोमि यद्यत्सकलं परस्मै नारायणायेति समर्पयामि ।।' - કાયા, વાણી, મન, ઈન્દ્રિયો, બુદ્ધિ, આત્મા, પ્રકૃતિ કે સ્વભાવથી જે જે કરું તે બધું જ પરમાત્મા નારાયણને સમર્પણ કરું છું.

અને 'ब्रह्मार्पणं ब्रह्महविः' (ગીતા : ૪/૨૪) મુજબ બધું પરમાત્માને સમર્પણ કરવું. 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' (ગીતા : ૨/૪૭) ફળની ઈચ્છા વગર કર્મ કરવાં એટલે કે કર્મ કરતાં ભગવાન યોગ્ય હશે એટલું આપશે એમ માની સંતોષી રહેવું તો શાંતિ રહે.

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે : "ભજન કરતાં કરતાં ક્રિયા કરવી તો અંતરમાં ટાઢું રહે." સ્વામી એ પોતાની વાતથી ક્રિયા અને ભજનની આ જુગલબંધી સમજાવે છે. આનાથી જીવનમાં શાંતિ આવે છે.

મહાભારતના શાંતિપર્વ (૨૬૧-૨૬૪)માં **તુલાધાર વૈશ્ય**ની વાત આવે છે. તેઓ ત્રાજવાની દાંડી હંમેશાં સીધી રાખતા. ધર્મ બરાબર પાળતા. નાના-મોટા કોઈ ગ્રાહકોને ઓછું તોળી છેતરતા નહીં. કોઈ પદાર્થમાં ભેળસેળ કરતા નહીં. દારૂ વગેરે નિંદિત પદાર્થો વેચતા નહીં. લોભ અને રાગ-દ્વેષથી રહિત રહેતા. યથાશક્તિ દાન કરતા. બધાને સમાનદષ્ટિથી જોઈ સર્વેનું હિત થાય તેમ કરતા. આ

પ્રમાણેના તેમના વ્યવસાયમાં પણ તેઓ **આધ્યાત્મિક ઊંચાઈ**ને પામ્યા હતા.

પર્વતભાઈ હળ હાંકતા હાંકતા માનસીપૂજા કરતા તેમજ કોશ ખેંચતા ખેંચતા શ્રીજીમહારાજના ચરણના ચિહ્ન ચિંતવતા. સોળ ચિહ્ન પૂરાં થાય એટલે સોળ કોશ ખેંચાયા તેવી ગણતરી કરે !

## પ્રવૃત્તિમાં નિવૃત્તિ :

'સંસારમાં સરસો રહે, મન મારી પાસ; સંસાર જેને લોપે નહિ, તે જાણ હરિનો દાસ.'

ધંધાની પ્રવૃત્તિમાં મનથી નિવૃત્તિપરાયણ રહેવું એ **સાધના** છે.

ગોપીઓની વૃત્તિ ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં જ રહેતી. તે દૂધ દહીં વેચવા જાય ત્યારે 'લ્યો કોઈ મહી'ને બદલે 'લ્યો કોઈ કહાન' એમ બોલી જતી.

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** કહે છે કે, 'જેમ માછલું જળમાં હાલે ચાલે બધી ક્રિયા કરે પણ બહાર કાઢીએ તો તરફડીને મરી જાય તેમ અમે મંદિરના વ્યવહારની બધી ક્રિયા કરીએ છીએ પણ વૃત્તિ ભગવાનમાં જ રાખીએ છીએ. ભગવાનને જરા પણ ભૂલી જઈએ તો તાળવું ફાટી જાય.'

ઉદ્યોગપતિઓ પાસે મોટા બંગલાઓ, મોટા બગીચાઓ અને સ્નાનાગારો હોય છે પણ ધંધાના આ હરાડીઓ ધંધામાં જ ગળાડૂબ હોય છે. પોતાના બગીચામાં બેસવા ય નવરા થતા નથી. બગીચા વગેરે તેમની પ્રતિષ્ઠા પ્રતીકો (સ્ટેટસ સિમ્બોલ) હોય છે. પારિવારિક ગોષ્ઠિનો ય તેમને સમય નથી તો ભગવાનને તો સંભારે જ ક્યાંથી ?

**સત્સંગી હરિભક્તે સમય કાઢીને ઘરમાં નિત્યનિયમ, સ્વાભાવિક ચેષ્ટા આદિક આહ્નિક, પારિવારિક ગોષ્ઠિ અને ઘરસભા અવશ્ય કરવી જોઈએ જ.**

ધંધામાં ઘણીવાર માનસિક તાણ રહે છે. આમાંથી રાહત મેળવવા કોઈક કોઈક નાના-મોટા વ્યસનો ઉપર ચઢી જાય છે. નશીલી ભારે ગોળીઓ પણ લે છે પણ જ્યારે નશો ઉતરે ત્યારે પ્રશ્ન તો ત્યાંનો ત્યાં જ હોય છે અને ગોળીઓની શરીર અને મન ઉપર આડ અસર થાય છે. માટે તાણમુક્ત થવાનો આ ઉપાય નકામો છે. તાણમુક્ત થવા આધ્યાત્મિક વિચાર ખૂબજ જરૂરી છે. 'હું દેહ ઈન્દ્રિયો અંતઃકરણ સર્વેથી જુદો આત્મા છું, અક્ષર છું. મારા ચૈતન્યને વિષે પરબ્રહ્મ અખંડ બિરાજમાન છે, હું પરબ્રહ્મનો દાસ છું.' આવો આત્માપરમાત્માનો વિચાર રોજ સવારે કરવો. આની કોઈ જ આડ અસર નથી. ઉલટું આ વિચારથી એકદમ હળવાશ અનુભવાય છે. પ્રવૃત્તિમાં પણ જાણે નિવૃત્તિની અનુભૂતિ થાય છે.

જનકરાજા રાજ્ય કરતા છતાં ભગવાનમાં ધ્યાન રાખતા. યહૂદી કોમ ચુસ્ત વ્યાવસાયિક કોમ ગણાય છે. પણ તેમાં જે રૂઢિચુસ્ત યહૂદીઓ હોય છે તેઓ સાબાથમાં નિવૃત્તિ રાખે છે.

આપણે પણ સત્સંગી હરિભક્તે સમય કાઢીને ઘરમાં નિત્યનિયમ, સ્વાભાવિક ચેષ્ટા આદિક આહ્નિક, પારિવારિક ગોષ્ઠિ અને ઘરસભા અવશ્ય કરવી જોઈએ જ. શિવલાલ શેઠ લાખોપતિ હતા છતાં સવારે બધી પ્રવૃત્તિ ભૂલી જઈને ભગવાન શ્રીહરિનું એકાગ્ર મને ધ્યાન ધરતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ પ્રવૃત્તિવાળા અને નિવૃત્તિવાળા સર્વેને માટે સવારની નિત્યપૂજા અને પાંચ ટાણાની માનસી કરવાની આજ્ઞા કરી છે. તાણમુક્ત થવાના બીજા બધા પ્રયોગો કરતા આ **ઉત્તમ ઉપાય** છે.

નિત્યપૂજા એ આધ્યાત્મિક ભક્તિનું પૂર્ણાંગ સ્વરૂપ છે. નિત્યપૂજામાં તિલક-ચાંદલા રૂપી ધર્મરક્ષાના ચિહ્નો, આત્મા-પરમાત્માનું અને ભગવાન શ્રીહરિની પ્રાતઃક્રિયાનું ધ્યાન, નામસ્મરણ સહિતની માળા, તપની માળા, પ્રદક્ષિણા, દંડવત્, પ્રભુપ્રાર્થના, શિક્ષાપત્રી વાંચન અને ગુરુમંત્રની માળા - આ બધાં જ અંગો સમાયાં છે. સવારે ઊઠીએ અને રાત્રે સૂઈએ ત્યાં સુધીની પ્રવૃત્તિમાત્રમાં પાંચ વખતની માનસીપૂજા પ્રવૃત્તિને પ્રભુપરાયણ બનાવીને હળવાફૂલ જેવા રાખે છે.

ધંધાની સફળતામાં માણસમાં ઉચ્ચ **I.Q.** (બૌદ્ધિક આંક) જોઈએ. માણસો સાથે સહૃદયતાથી કામ લેવા ઉચ્ચ **E.Q.** (ઊર્મિલ આંક) જોઈએ. તેમ ધંધામાં હળવાશ માટે **S.Q.** (સ્પીરીચ્યુઅલ - આધ્યાત્મિક આંક) પણ અત્યંત જરૂરી છે.

ધંધો છે એટલે ચડતી-પડતી તો આવે જ. પડતીના દિવસોમાં ઘણાં અતિ અશાંત થઈને આત્મહત્યા પણ કરે છે. આ પરિસ્થિતિમાં સમતા રાખવા માટે ભગવાનને સર્વકર્તાહર્તા સમજવા. ભગવાન જે કરતા હશે તે મારા માટે સારું જ હશે એમ સમજવું. 'મને કરોડ રૂપિયા મળવાનું પાકું જ હતું છતાં કેમ ન મળ્યા ?' આમાં એમ સમજવું કે 'જેવી ભગવાનની મરજી.' કદાચ આ લાભમાંથી મને ખોટું દુઃખ આવવાનું હશે તેમાંથી શ્રીજીમહારાજે મારી રક્ષા કરી.

પર્વતભાઈને વાડ સરખી કરતાં કુહાડો પગે વાગતા રહી ગયો. 'વાગ્યો હોત તો બે મહિનાનો ખાટલો થાત' આવું મનને સમજાવીને ગઢડા જઈ બે મહિના સત્સંગ કર્યો. આ સમજણ માટે સત્સંગ-કથાવાર્તા-સંતસમાગમ ખૂબજ જરૂરી છે. આ સત્સંગમાંથી આપણને આવી સમજણ પ્રાપ્ત થાય છે.

જેમ રીફ્રેશર્સ કોર્સ હોય છે તેમ બાર મહિને **એક મહિનો** સંતસમાગમ રૂપી **સત્સંગ** કરવો જરૂરી છે. મંદિરમાં ધર્માદાના પૈસા છૂટા ફેંકીને ભગવાનથી છૂટા પડવાનું નથી. સંતસમાગમરૂપી આવરદાનો ધર્માદો પણ **આધ્યાત્મિક શાંતિ** માટે ઘણો જ જરૂરી છે.

ખંભાતના સદાશિવ શેઠે નવી હવેલી બાંધી હતી. તેના ઉદ્ઘાટન માટે સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી**ને આમંત્રણ આપવા વડતાલ આવ્યા હતા. વડતાલમાં કથા ચાલતી હતી. સ્વામીએ તેમને અઠવાડિયું રોકી **સાંખ્યજ્ઞાન**નો એટલે જગતના નાશવંતપણાનો ઘણો **ઉપદેશ** આપ્યો. તેવામાં ખંભાતથી સમાચાર આવ્યા કે તમારી હવેલી સળગી ગઈ છે. સમાચાર સાંભળી તેણે ગોપાળાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે વાતો કરીને અડધી હવેલી તો મારા મનમાંથી બાળી નાંખેલી. હવે આખી સાચેસાચ બળી ગઈ ! પણ આપે જો વાતો ન કરી

હોત તો આ સમાચાર સાંભળી મારું તો મૃત્યુ જ થયું હોત.''

ધંધામાં નીતિ રહે અને ધંધામાં ભગવાન શ્રીહરિનું ધ્યાન રહે તે માટે સત્સંગ જ **અમોઘ સાધન** છે.

### ● ૧૪. દેવ દ્રવ્ય કાઢેલું ધન કમાવવું :

સૃષ્ટિની ઘટમાળમાં આદાન-પ્રદાન એ મહત્ત્વની કડી છે. સર્જન-વિસર્જન અને ભરણ-પોષણમાં આદાન-પ્રદાન નામનું તત્ત્વ કાઢી નાખવામાં આવે તો સમૂળી સૃષ્ટિનો પ્રલય થઈ જાય. સૂર્ય, ઈન્દ્ર, વાયુ, વરુણ, અગ્નિ, ચંદ્ર વગેરે દેવતાઓ પણ પૂર્ણ પુરુષોત્તમનારાયણની આજ્ઞામાં રહી પરસ્પર આદાન-પ્રદાન દ્વારા જીવપ્રાણીમાત્રને જિવાડે છે. સૂર્ય પ્રકાશનું દાન, ઈન્દ્ર વર્ષાનું દાન ન કરે, વાયુ સંચાલિત ન રહે, વરુણ જળ પ્રદાન ન કરે, અગ્નિ પ્રજ્વલિત ન રહે, ચંદ્ર અમૃત ન વરસાવે તો ? માનવીની શી તાકાત છે કે આ દેવતાઓનું કર્મ પોતે કરી શકે ?

**ઋગ્વેદ કહે છે :** ''અન્ન કે ધન જે કંઈ આપે છે તેનું તે કદી ઘટતું નથી, ઊલટું વધે છે. જ્યારે અન્ન કે ધનનું દાન ન કરનાર વ્યક્તિને ક્યાંયથી સુખ મળતું નથી. અર્થાત્ પોતાની જ સંપત્તિ એને દુઃખદાયી નીવડે છે.''

**અથર્વવેદ કહે છે :** 'शतहस्त समाहर सहस्रहस्त संकिर ।' - સો હાથથી એકઠું કર ને હજાર હાથે વિતરણ કર. (૩/૨૪/૫)

**ઉપનિષદ્ કહે છે :** 'तेन त्यक्तेन भुञ्जीथाः ।' - જગતમાં જે કંઈ છે એ બધું જ પરમાત્માથી વસાયેલું છે માટે ત્યાગ (દાન) સાથે તેનો ઉપભોગ કર.

દાન કરવાથી ધન શુદ્ધ થાય છે. ધનનું ગૌરવ વધે છે. જો ધનનો સંગ્રહ કરવામાં આવે, કોઈને કોઈ કામમાં ન આવે તો તે ધન ગૌરવહીન બની જાય છે. તેમ દાન-ધર્માદામાં જે લક્ષ્મી ન વપરાય તે અલક્ષ્મી કહેવાય છે.

શુદ્ધિવિવેક ગ્રંથ કહે છે : 'धनं शुद्ध्यति दानेन ।' - ધનની શુદ્ધિ દાને કરીને થાય છે. માણસ જે કંઈ ધન-ધાન્ય પોતે કમાઈને લાવે છે, તેની સો ટકા માલિકી તેની હોતી નથી. તેનો સંપૂર્ણ ઉપયોગ કરવાનો તેને અધિકાર નથી. માટે તેમાંથી થોડોક ભાગ ધર્માદા અર્થે વાપરવો જોઈએ. તેથી તે ધન-ધાન્ય શુદ્ધ થાય છે એમ આપણા **સનાતન** હિન્દુ ધર્મના **શાસ્ત્રો** કહે છે.

દાન કરવાથી ધન શુદ્ધ થાય છે. ધનનું ગૌરવ વધે છે. જો ધનનો સંગ્રહ કરવામાં આવે, કોઈને કોઈ કામમાં ન આવે તો તે ધન ગૌરવહીન બની જાય છે. તેમ દાન-ધર્માદામાં જે લક્ષ્મી ન વપરાય તે અલક્ષ્મી કહેવાય છે. તેના સગાં-વહાલાં તે લક્ષ્મી મેળવવા કુટુંબ-પરિવારમાં કુસંપ થાય છે. અથવા મનફાવે તેવો દુરુપયોગ કરે છે. માટે વ્યક્તિએ પોતાના ધનનો સદુપયોગ કરવો જોઈએ. દાન-ધર્માદો કરનારનું ધન ખૂટતું નથી. ધનવાન કરતા દાનવીરોના નામ અમર છે. તેને લોકો આજે પણ યાદ કરે છે.

દાન આપવું એ કેવળ હિન્દુ ધર્મમાં જ નહીં, અન્ય ધર્મોમાં પણ તેની મહત્તા ગવાઈ છે.

**કુરાન કહે છે :** ''અલ્લાહને ઠરાવેલો ભાગ આપતા રહો.'' (૬ : ૧૪૨) ''તમે અલ્લાહ માટે જે વસ્તુ ખર્ચ કરશો તેનો બદલો તે અવશ્ય આપશે.'' (૩૪ : ૩૯)

**બાઈબલ કહે છે :** ''તને છૂટથી મળ્યું છે તો છૂટથી આપ.'' (મેથ્યૂ - ૧૦-૮) ''ભગવાનને ખાતર બધું મૂક્યું હશે તો તેને અહીંયા ઘણું ને ત્યાં સ્વર્ગમાં અનંતગણું મળશે.'' (લૂક ૧૮-૨૯-૩૦)

શિક્ષાપત્રીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે **ધર્માદા અંગે** સત્સંગીમાત્રને **આજ્ઞા** કરી છે. તેની પાછળની તેઓની ભાવના સત્સંગીમાત્રને સુખી કરવાની છે. ધર્મશાસ્ત્રો બધી શુદ્ધિઓમાં દ્રવ્યશુદ્ધિને **પ્રથમ સ્થાન** આપે છે. મનુસ્મૃતિ કહે છે : 'सर्वेषामेव शौचानाम् अर्थशौचं परं स्मृतम् ।' (૫/૧૦૬)

ક્યાંય-ક્યાંયથી પૈસો આવતો હોય છે. એ લક્ષ્મી જો આસુરી હોય તો ભેગું કરેલું અન્ય દ્રવ્ય પણ એ લેતી જાય છે. દવા-દારુમાં ખર્ચાઈ જાય, ચોર ચોરી જાય, અગર કપૂત પાકે તો પણ લક્ષ્મી ચાલી જાય છે. જો દ્રવ્યશુદ્ધિ કરી લેવામાં આવે તો કહેલી બાબતોનો ભય નહીંવત્ છે. તેની રક્ષા સ્વયં ભગવાન શ્રીહરિ કરે છે.

ચાણક્ય **નીતિસૂત્ર** કહે છે : 'अर्थतोषिणं श्रीः परित्यजति । ७६ ।।' - અર્થાત્ જે અનીતિથી ધન ભેગું કરે છે ને દાનમાં વાવરતો નથી તેની પાસેથી શ્રી કહેતાં લક્ષ્મી, સંપત્તિ, શોભા, સંસારના સુખ વગેરે જતું રહે છે.

શ્રીમદ્ **ભાગવત**માં કહ્યું છે : 'देयं शान्ताय पूर्णाय दत्तस्याऽऽनन्त्यमिच्छता' (૧૦/૭૪/૨૪) - દીધેલું અનંતગણું પાછું મેળવવા ઈચ્છતા પુરુષે સર્વભૂતપ્રાણીમાત્રના આત્મા, શાંત અને પૂર્ણ એવા પરમાત્માને અર્પવું.

'पंचधा विभजन् वित्तमिहामुत्र च मोदते ।' ભગવાન શ્રીકૃષ્ણે ધર્માદા માટે પાંચમો ભાગ આપવા કહ્યું છે. ધર્મ, અર્થ, કામ, યશ ને સ્વજનો - આ પાંચ માટે જે વ્યક્તિ પોતાના સઘળાં દ્રવ્યને પાંચ ભાગમાં વહેંચી લે છે. તેને આ લોક અને પરલોકમાં શાંતિ હોય છે. (૮/૧૯/૩૭)

**દાનમયૂખ** નામના **ગ્રંથ**માં તો એથી આગળ કહ્યું છે : ''ગૃહસ્થ પુરુષ બધી સંપત્તિના પાંચ ભાગ કરે. તેમાંથી ત્રણ ભાગ આજીવિકા માટે પોતે લે ને બાકીના બે ભાગ ધર્માદા માટે આપે.''

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી રચિત **'શ્રીમદ્ સત્સંગિજીવન'** ગ્રંથમાં ભગવાન શ્રીહરિ કહે છે : ''રાજાને છઠ્ઠો ભાગ અર્પણ કર્યા બાદ દેવતાઓને વિશમો ભાગ અને વિપ્રોને ત્રીશમો ભાગ અર્પણ કરવાથી કૃષિકાર દ્વિજ દોષ મુક્ત થાય છે. કેટલાક ઋષિઓ કૃષિ આદિની વિશુદ્ધિ માટે લાભ (આવક)નો અંશ (ભાગ) આ પ્રમાણે સમર્પણ કરવાનું કહે છે. (૧) બ્રાહ્મણે પ્રતિગ્રહ (દાન)થી પ્રાપ્ત થયેલા દ્રવ્યાદિથી ચોથો ભાગ, વૈશ્યે વાણિજ્યના લાભમાંથી ત્રીજો ભાગ, અને ખેતી દ્વારા થયેલા અન્નથી વિશમો ભાગ અર્પણ કરવો. તેથી પાપનો નાશ થાય છે.'' (૫/૧૫/૬૮ થી ૭૦) રાજાએ તો પોતાની આવકનો ત્રીજો ભાગ જ માત્ર પોતાના જીવિતવ્ય માટે વાપરવો અને આવકના બે ભાગ ધર્માર્થે વાપરવા એમ પણ સ.જી. પ્રકરણ ૫ **અધ્યાય ૨૪** શ્લોક ૨૪માં કહ્યું છે.

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** પણ કહે છે : 'આપો જમણે હાથે, આવશે સાથે રે જીવ જાવું છે...'

સ.ગુ. શ્રી **શુકાનંદ સ્વામી**ની **વાતો**માં પણ કહ્યું છે : "ભગવાન રાજી કેમ થાય ? ત્યારે કહ્યું જે, રાજી થાય એવો એક ખપ જોઈએ તેમાં ગૃહસ્થને દેવની, આચાર્યની, દશોંદ વિશોંદ ને નામ એ સેવા કરવી ને ત્યાગીને દેહે સેવા કરવી તો ભગવાન રાજી થાય..." (વાત નં. ૪૦)

સૃષ્ટિનું નિર્માણ કરી પરમાત્માએ યજ્ઞચક્ર મૂક્યું. મનુષ્યમાત્રે અગ્નિતર્પણ કરવું પડે. અગ્નિમાં હોમેલું ઘી-જવ-તલ વગેરે આહુતિદ્રવ્ય સૂર્ય સ્વીકારે છે. સૂર્યથી વરસાદ, વરસાદથી અન્ન અને અન્નથી જીવપ્રાણીમાત્રનું જીવન બને છે.

**મનુસ્મૃતિ કહે છે** : "ગૃહસ્થ પુરુષ નિત્ય 'પંચસૂના' દોષથી લેપાય છે. સૂના એટલે વધસ્થાન-પાપસ્થાન. ચૂલો, ઘંટી, સાવરણી, ખાંડણિયો અને પાણિયારું. આ પાંચ પાપસ્થાનો છે તેના ઉપયોગથી ગૃહસ્થને પાતક ચઢે છે. મનુભગવાને એ પાપથી બચાવવા માનવને **પંચ યજ્ઞ** બતાવ્યા છે : ૧. બ્રહ્મયજ્ઞ (શાસ્ત્રપઠન, સ્વાધ્યાય ને સત્સંગ), ૨. પિતૃયજ્ઞ (પિતૃતર્પણ), ૩. દેવયજ્ઞ (જવ-તલ-ઘી હોમીને કરાતો હવન), ૪. ભૂતયજ્ઞ (જીવપ્રાણી પ્રત્યે અનુકંપા ગોગ્રાસ, શ્વાનભાગ, પક્ષીઓની ચણ વગેરે), અને ૫. નૃયજ્ઞ (અતિથિ સત્કાર). - આ પાંચ યજ્ઞ પ્રત્યેક ગૃહસ્થે નિયમિતપણે રોજ કરવા જોઈએ." (૩/૬૭-૭૧)

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ લોકમાં બધા જ સરળપણે આચરી શકે એવું એક જ સાધન દશાંશ-વીશાંશ ધર્માદાનું આપ્યું. જેમાં આ પાંચે પાંચ યજ્ઞ સમાવિષ્ટ થઈ જાય છે. સત્સંગ-સ્વાધ્યાય માટે શિક્ષાપત્રી શ્લોક - ૩૬ અલગ લખી નાખ્યો. વળી, ખૂબ ધનવાન હોય તેવા સમૃદ્ધ ગૃહસ્થો અહિંસામય યજ્ઞ કરાવે, મંદિરોમાં મહોત્સવ કરાવે, સત્પાત્રે વિવિધ પ્રકારના દાન દે. (શિક્ષાપત્રી : શ્લોક - ૧૫૫-૧૫૬) એ પણ આદેશ આપ્યો. આમ, પૂર્વ ઋષિઓએ કહેલી આજ્ઞા-કંડિકાઓને ભગવાન શ્રીહરિએ સરળપણે નૂતનરૂપે રજૂ કરી છે. જેથી આજ સૌ કોઈ આચરી શકે.

> "જે ગૃહસ્થાશ્રમી પુરુષ દેવતા, અતિથિ, માતા-પિતા વગેરે વૃદ્ધજન, નોકર-ચાકર અને સ્વયં - આ પાંચનો નિર્વાહ નથી કરી શકતો તો તે જીવતો હોવા છતાં મરેલો છે."

મનુસ્મૃતિ કહે છે : "જે ગૃહસ્થાશ્રમી પુરુષ દેવતા, અતિથિ, માતા-પિતા વગેરે વૃદ્ધજન, નોકર-ચાકર અને સ્વયં - આ પાંચનો નિર્વાહ નથી કરી શકતો તો તે જીવતો હોવા છતાં મરેલો છે." (૩/૭૨) દશાંશ-વીશાંશ નિયમિતપણે કાઢનાર ગૃહસ્થને કદી આટલું દારિદ્ર્ય ભોગવવું પડતું નથી.

એકવાર **સંકલ્પ** કર્યો કે, આટલું ઠાકોરજીને **અર્પણ** કરવું છે. એ સંકલ્પ તેણે જલ્દી પૂરો કરી દેવો જોઈએ, કારણ કે દેવનું દ્રવ્ય જેટલું પોતાની પાસે રહે તેટલું તેનું ઋણ ચઢે છે. દાન લખાવ્યા પછી લોભવૃત્તિ જાગે કે કોઈની ચઢવણીથી આપવામાં વિલંબ થાય અગર ન જ અપાય તો તેનો બદલો ભગવાન પોતાની રીતે લઈ લે છે. એટલું નહીં લક્ષ્મીની નજર કરડી થતાં ગૃહસ્થનું જીવન જોખમાય છે. તેથી જ તો પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલાલમૃત' ગ્રંથમાં વિવિધ શાસ્ત્રોના સારવચનો લખે છે :

**'ગુરુ સાથે કરે જે ઠગાઈ, તેનું પાપ ભયંકર ભાઈ.**
**ધર્માર્થેનું ધન હળાહળ ઝેર જેવું,**
**તે ચોરીને સમજુએ કદીયે ન લેવું.**
**આ લોકમાં અપજશે મુખ શામ થાય,**
**અંતે જઈ નરકમાં અતિ માર ખાય.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૭)

શ્રીજીમહારાજ **સ્વયં** શિક્ષાપત્રીમાં કહે છે : "ભગવાન, ગુરુ તથા સાધુ એમના દર્શન કરવા અર્થે જવું ત્યારે માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ અને તેમના સ્થાનક વિષે પણ પારકું અન્ન ખાવું નહિ." (શ્લોક - ૧૫૧) કારણ કે એમાં પોતાનું પુણ્ય હણાઈ જાય છે. તો દેવનું દ્રવ્ય તો પોતાના ઉપયોગ માટે લેવાય જ કેમ ? શિક્ષાપત્રીમાં કહે છે કે, પોતાના આચાર્ય તથા ભગવાનના મંદિરનું દેવું ન કરવું. તેમજ પોતાના આચાર્ય તથા ભગવાનના મંદિર પાસેથી પોતાના વ્યવહાર માટે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક માગી લાવવાં નહિ. (શ્લોક - ૧૫૦) અરે ! નોકર-ચાકરનો પગાર પણ નક્કી કર્યો હોય તે સમયસર ચૂકવી દેવા આજ્ઞા કરે છે. (શ્લોક - ૧૫૨) અહીં એક વાતની સ્પષ્ટતા કરવી ઘટે કે મંદિર વગેરે ધર્માદાનું જમ્યા પછી તે પ્રમાણે જે તે સ્થાનમાં દાન કરી તે દોષમાંથી નિવૃત થવાય છે.

ભગવાન શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૪મા વચનામૃતમાં કહે છે : "ભક્તને જે કંઈ દુ:ખ આવે છે તે આજ્ઞા લોપવે કરીને આવે છે." શ્રીજીમહારાજે કરેલી આજ્ઞાઓમાં ધર્મશાસ્ત્રોનો સમાવેશ થઈ જાય છે.

શાસ્ત્રોકારાએ ઘણા દાનોમાં મુખ્ય **પાંચ પ્રકારના દાન** ગણાવ્યાં છે. વિત્તદાન, અન્નદાન, ભૂમિદાન, વિદ્યાદાન અને અભયદાન. આ દાન એક પછી એક ઉત્તરોત્તર શ્રેષ્ઠ અભયદાન છે. જે કાળ,માયા, પાપકર્મ, યમદૂત આદિના ભયથી મુક્ત કરે છે. તે **અભયદાન** ભગવાન શ્રી સ્વામિનારાયણ બાંધેલી સાંપ્રદાયિક સૈદ્ધાંતિક રીત-પ્રણાલિકા પ્રમાણે વર્તનાર એવા **મહાપુરુષો** આપી શકે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિત સત્સંગીજનોના વ્યવહાર શુદ્ધિ અને વૃદ્ધિ માટે **ધર્માદો** દેવને અર્પણ કરવાની **આજ્ઞા** શિક્ષાપત્રીમાં સ્પષ્ટપણે કરી છે :- 'निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादितश्च तैः अर्प्यो दशांशः कृष्णाय विंशोऽशस्त्विह दुर्बलैः ।।' - અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ, તે થકી પામ્યું જે ધનધાન્યાદિક, તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો. અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિશમો ભાગ અર્પણ કરવો. (શ્લોક - ૧૪૭)

ભગવાન શ્રીહરિની લેખિત આજ્ઞા એ જ **ધર્માદાની મહત્તા** દર્શાવે છે. શ્રીજીમહારાજે પોતાનો ભાગ આપણી પાસેથી, આપણા પોતાના જ જીવના કલ્યાણ માટે સામે ચાલીને માગી લીધો છે. જેમ રાજા કે સરકાર પોતાની પ્રજાના કલ્યાણ માટે, પોતાના રાજ્યમાં જનતાની સુખાકારી માટે વિકાસના કાર્યો કરવા માટે નાગરિકો પાસેથી ચોક્કસ રકમનો કર વસૂલ કરે છે તેમ **શ્રીજીમહારાજ** દક્ષિણ (વડતાલ) અને ઉત્તર (અમદાવાદ) એમ બે દેશવિભાગ પ્રમાણે **શ્રી લક્ષ્મીનારાયણ** દેવ અને **શ્રી નરનારાયણ દેવ** સ્વરૂપે રહ્યા થકા

પોતાના આશ્રિતોએ જમા કરાવેલો ધર્માદો પોતાની તિજોરીમાં જમા કરે છે અને તેમાંથી મંદિરોનો નિભાવ થાય છે. સત્સંગના વિકાસ કાર્યો થાય છે. મંદિરોમાં દેવની પ્રતિષ્ઠા થઈ જાય એટલે કાર્ય પુરું થઈ જતું નથી. મંદિરોનો પણ બહુ મોટો વહીવટ હોય છે. તેનો નિભાવ ખર્ચ ધર્માદાની રકમમાંથી જ પૂરો પડે છે. ગૃહસ્થ પોતાની આવકમાંથી દશમો-વિશમો ભાગ કાઢીને ધર્માદાની પહોંચ ફડાવીને દેવના ચરણોમાં જમા કરાવે તેથી બાકીની લક્ષ્મી પ્રસાદિભૂત તથા નિર્ગુણ ગણાય છે. તે લક્ષ્મી વ્યક્તિને **સાત્ત્વિક સુખ** આપે છે.

સરકારનો ટેક્ષ દરેક વ્યક્તિ નિયમસર અને સમયે ન ભરે તો દંડ સાથે સરકાર તેની પાસેથી વસૂલાત કરે છે તેમ ધર્માદો સત્સંગી નિયમપૂર્વક સમયસર દેવના કોઠારમાં જમા ન કરે તો તે ભાગ વ્યક્તિ પાસેથી ડૉકટર, વકીલ કે ચોર લઈ જાય છે. વળી, સાથે સાથે હેરાનગતિ થાય તે નફામાં ! માટે દેવનું દ્રવ્ય દેવને અર્પણ કરીને જ રાજી થવું. તેમાં સહેજ પણ લોભ ન કરવો એ જ **શ્રેયસ્કર** છે.

દેવને ધર્માદો અર્પણ કરવો એ કોઈ પુણ્યનું કાર્ય નથી, કારણ કે એ તો દેવનો જ ભાગ છે, દેવનો ભાગ આપણે આપણી ફરજ સમજીને દેવના ચરણોમાં અર્પણ કરીએ છીએ. ન અર્પણ કરીએ તો આપણે દેવના ચોર ઠર્યા કહેવાઈએ. જેમ સરકારના ટેક્ષની ચોરી એમ ધર્માદાની ચોરી ! પછી ક્યારેક આવી બને પણ ખરું...!!

> "ગૃહસ્થ સત્સંગી જો દશમો કે વ્યવહારે દુર્બળ હોય તે વીસમો ભાગ ન આપે તો તેની દ્રવ્યશુદ્ધિ થતી નથી, ને દ્રવ્યશુદ્ધિ ન થવાથી અધર્મસર્ગ, કલેશ-કંકાસ ને કોર્ટકચેરી, રોગો અને વ્યસનોમાં તેનું દ્રવ્ય તણાઈ જાય છે."

યોગીરાજ સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી**ની વાતોમાં પ્રકરણ ૩માં વાત નં.૯માં **સ્પષ્ટ આજ્ઞા** છે કે, "અને વળી પુરુષોત્તમ ભગવાને આચાર્યજી મહારાજને આજ પોતાના દત્તપુત્ર કરીને સર્વે સાધુ તથા સત્સંગીના ગુરુ કરીને પોતાની ગાદી ઉપર બેસાર્યા છે, તેમાં તથા લક્ષ્મીનારાયણ આદિક જે મૂર્તિયું પોતે પધરાવી છે તેમાં પણ પોતાના અવતાર જેટલું દૈવત પોતે મૂક્યું છે. માટે તે આચાર્ય તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેને અવતારી જે પુરુષોત્તમ ભગવાન તેના અવતાર જેવા જાણવા ને જેમ અવતારને અર્થે કરે તેને પોતે અંગીકાર કરે છે તેમજ આચાર્યજીને અર્થે તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેમને અર્થે જે સેવા કરે તે પોતે અંગીકાર કરે છે. તેમજ તેમને અર્થે કોઈક સેવા કરતા હોય તેને અવળી વાત કહીને ભાંગી નાખે તથા એમ કહે જે, 'આચાર્યને ને લક્ષ્મીનારાયણને ક્યાં ખોટ છે માટે કાંઈ ધર્માદાનું હોય તથા નામનું હોય તે સંતને અર્થે ખરચો. કેમ જે સંતને અર્થે જે જે કરે છે તે તત્કાળ ઉગી નિસરે છે.' એમ અવળો ઉપદેશ કરીને પોતાની શુશ્રૂષાને અર્થે બીજાને મોળા પાડે છે, તથા કોઈક સારું મનુષ્ય હોય ને તે દેવની તથા આચાર્યની સેવા કરતો હોય તેને પોતાની સેવા કરાવ્યાને અર્થે અવગુણ ઘાલીને તેમની સેવામાંથી પાછા પાડીને પોતાની સેવા કરાવે તો તેને પંચ મહાપાપ જેવું પાપ થાય છે માટે આ કહ્યું એમ સમજે તો જ **શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન** પામ્યા કહેવાય, નહિ તો અશુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન કહેવાય ને આ વાત તો કેવી છે તો જેમ હીરો હોય તેને જતન કરીને રાખે તેમ આ વાતને હીરાની પેઠે નિત્યે નવી ને નવી રાખજો પણ ગાફલપણે કરીને ભૂલશોમાં જરૂર ભૂલશોમાં કેમ જે આ વાતને જે ન સમજે તેને મોક્ષના માર્ગમાં બહુ ફેર પડે છે."

ઘણા બુદ્ધિજીવી કહેવાતા લોકો શિક્ષાપત્રીના ૧૪૭મા શ્લોક અંગે શંકા કરતા હોય છે, પણ ભગવાન શ્રીહરિએ સમગ્ર શાસ્ત્રોનું દોહન કરીને એક દિવ્ય ધર્મગ્રંથ આપ્યો છે. તેનું મહત્ત્વ બુદ્ધિજીવીની દૃષ્ટિમાં આવતું નથી. સ.ગુ. શ્રી **શતાનંદ સ્વામી** શિક્ષાપત્રી ભાષ્યમાં કહે છે કે, "ગૃહસ્થ સત્સંગી જો દશમો કે વ્યવહારે દુર્બળ હોય તે વીસમો ભાગ ન આપે તો તેની દ્રવ્યશુદ્ધિ થતી નથી, ને દ્રવ્યશુદ્ધિ ન થવાથી અધર્મસર્ગ, કલેશ-કંકાસ ને કોર્ટકચેરી, રોગો અને વ્યસનોમાં તેનું દ્રવ્ય તણાઈ જાય છે."

ઘણા ગૃહસ્થો પોતાની આવકનો દશમો હિસ્સો યાત્રા, બ્રહ્મભોજન, સંતોને રસોઈ, ઠાકોરજીને થાળ, મહાપૂજા, ઘરમંદિર, ગોગ્રાસ, સંતોને ધોતિયા ઓઢાડવા વગેરેમાં વાપરે તે શિક્ષાપત્રીની આજ્ઞા પાળ્યાનો સંતોષ લેતા હોય છે, પરંતુ એ દશાંશ-વિશાંશ ધર્માદાથી ઘણું વેગળું છે. મંદિરમાં દશાંશ-વિશાંશ પેટે અર્પણ થતું અન્ન-દ્રવ્ય કે પદાર્થમાત્ર ઠાકોરજીની સ્વતંત્ર વિરાસત છે. આપનાર વ્યક્તિ ધનાઢ્ય હોય તો અમુક અંશ ઠાકોરજી કે ધર્મકુળ, સંતો માટે જુદો આપે. ઠાકોરજીના વસ્ત્ર-ઘરેણાં, થાળ, ફૂલહાર, મંદિર-શોભા, સમૈયા-ઉત્સવ, મૂર્તિપ્રતિષ્ઠા, આરતી, યજ્ઞહોમ, હિંડોળા, પારણું, ચંદનના લેપ, ધજા ચઢાવવી ઈત્યાદિમાં ગૃહસ્થ જે દ્રવ્ય વાપરે છે એ દશાંશ-વિશાંશ દાનથી અલગ છે. આ બધી બાબતો ગૃહસ્થની શક્તિ ને પહોંચ તથા રસ-રુચિ ને ભક્તિ પર અવલંબે છે. મૂળ વાત તો પોતે જે કંઈ કમાય છે તેનો ચોખ્ખો હિસાબ કરી દશાંશ-વિશાંશ ઠાકોરજીનો ધર્માદો અર્પણ કરે પછી વિશેષ તેને સેવા કરવાની ભાવના હોય કે કોઈ નિમિત્તે સેવા લખાવવી હોય તો તે યથાશક્તિ કરે.

ઘણા દશાંશ-વિશાંશ ન કાઢતા હોય પણ આવી રીતે છૂટક-ત્રુટક ઘણી સેવાઓ કરતા હોય છે એ હરિભક્તોએ દશાંશ-વિશાંશ આજ્ઞાને ખૂબ ઘૂંટીને હૃદયસ્થ કરવાની જરૂર છે. ઘણા પોતાના એકાદશી વગેરે વ્રતોના ઉદ્યાપનમાં ધન વાવરે છે, મકરસંક્રાંતિ નિમિત્તે કે સૂર્ય-ચંદ્ર ગ્રહણ નિમિત્તે દાન આપે છે. તે ભલે મંદિરમાં જ આપતા હોય પણ **દશાંશ-વિશાંશ** ધર્માદાથી તે વેગળું છે. પરંતુ આ દશાંશ-વિશાંશ ધર્માદાનો અધિકાર શ્રીજીમહારાજ સ્થાપિત છ મંદિરોને જ છે. એટલે કે એ છ ધામમાંના તાબાના શહેર કે ગામડામાં રહીને જે કોઈ ધંધો કરતું હોય તેમણે ધર્માદો તે મૂળ મંદિરમાં જ જમા કરાવવો તેવી શ્રીજીમહારાજની **સ્પષ્ટ આજ્ઞા** છે.

વડતાલ દેશના હરિભક્ત અમદાવાદ દેશમાં સહપરિવાર રહીને ધંધો ઉદ્યમ કરતા હોય તો અમદાવાદ શ્રી નરનારાયણ દેવના કોઠારમાં ધર્માદો આપવો અને અમદાવાદ દેશના હરિભક્ત સહપરિવાર વડતાલ દેશમાં રહેતા હોય તો વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવના કોઠારમાં ધર્માદો આપવો. વર્ષના અંત સુધીમાં ધર્માદાની રકમ જમા કરાવવી. વળતર લીધા સિવાય બિનશરતી દેવના કોઠારે ધર્માદાની રકમ જમા કરાવવી. દેવનો ધર્માદો ચોખ્ખો નહિ આપનાર ભક્ત વ્યવહારે કરીને હંમેશાં દુઃખી રહે છે.

ધર્માદાની દશમા-વિશમા ભાગની ગણત્રી માટે જણાવવાનું કે - પોતાનો ધંધો, ખેતી, વેપારની ઉપજની બચક (નફો) રકમમાંથી દશમો-વિશમો ભાગ ગણવો. ધંધાની ઉપજમાં કાયદેસરનું ધંધાકીય ખર્ચ બાદ કરીને બાકી રહેલ રકમને બચત અથવા નફો-આવક કહેવાય છે. તેમાં વ્યાવહારિક તથા ઘરના ખર્ચનો સમાવેશ થતો નથી. દશમો ભાગ એટલે ૧૦% અને વિશમો ભાગ એટલે ૫% ગણાય છે. જે ભગવાન શ્રીહરિએ સ્થાપિત બે દેશ ગાદીના વડતાલ અને અમદાવાદ મંદિરોના કોઠારમાં અર્પણ કરવાથી દેવઋણમાંથી મુક્તિ મળે છે.

દશમો કે વિશમો ભાગ દેશવિભાગના લેખ પ્રમાણે જે તે સત્સંગીઓએ મુખ્ય મંદિરના કોઠારમાં જ **ધર્માદા તરીકે** નિયમિત જમા કરાવવો. પરંતુ ધર્માદામાં પેટા વિભાગ મંદિરનો હક્ક નથી. અત્રે એ **નોંધનીય** છે કે, ધર્મવંશી આચાર્યશ્રી શ્રીજીમહારાજના સ્થાને છે અને શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે તેઓ સત્સંગ-સંપ્રદાયના **રખેવાળ** છે તેથી જે તે દેવના તાબાના મંદિરોને ધર્માદો લેવાની સત્તા પોતપોતાના દેશના આચાર્યશ્રી તરફથી લેખિતમાં પ્રાપ્ત થઈ હોય તો તે મંદિરો પણ ધર્માદો સ્વીકારી શકે છે અને ધર્માદાનો **ઉપયોગ** કરી શકે છે. કોઈ જગ્યાએ મુખ્ય મંદિરના તાબાનું મંદિર નિર્માણ પામતું હોય અને તે મંદિરની આજુબાજુના વિસ્તારના હરિભક્તો આર્થિક રીતે બહુ સદ્ધર ન હોય અને મંદિરનું કાર્ય અટકતું હોય તો તેવા સમયે આવી સત્તા જરૂરિયાતને અનુલક્ષીને આચાર્ય મહારાજશ્રી કાયમી ધોરણે અગર હંગામી ધોરણે (નિયત સમય પૂરતી) પણ આપી શકે છે.

આ ધર્માદા અંગે શ્રીજીમહારાજે પણ દેશ-દેશના સમસ્ત સત્સંગીઓ પ્રત્યે એક **પત્ર** લખાવેલ છે, તે પ્રાસાદિક પત્રમાં **શ્રીજીમહારાજ** કહે છે : ''**લીખાવીતં** સ્વામિ શ્રી ૭ સહેજાનંદ મહારાજ. જત દેશ દેશના સત્સંગી બાઈ ભાઈ સમસ્ત નારાયણ વાંચજો. બીજું લખવા કારણ એમ છે જે શહેર અમદાવાદમાં શ્રી નરનારાયણનું મંદિર છે તથા ગામ વૃત્તાલયમાં શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર છે તથા અત્ર ગઢડા શ્રી વાસુદેવનું મંદિર છે, એ ત્રણે મંદિરમાંથી જે મંદિરને અર્થે જે જે દેશના સત્સંગી પોતાની શ્રદ્ધા પ્રમાણે દશમે ભાગે અથવા વિશમે ભાગે **ધર્મવરાના દાણા તથા રૂપીયા** તે મંદિરમાં પહોંચતા કરવા અને જો છેટું હોય અને દાણા પુગે એમ ન હોય તો તે દાણા વેચીને તેના રૂપીયા કરવા અને તે રૂપીયાના દાણા વળી પાછા લઈને મંદિરમાં નાંખવા પણ જે ધર્મવરાના દાણા તથા રૂપીયા કાઢ્યા હોય તે પરમહંસને અર્થે ન વાવરવા તથા બીજા કોઈ ધર્મના કામમાં પણ ન વાવરવા. એ તો મંદિર ખાતેજ વપરાય એમ અમારી **આજ્ઞા** છે, અને અમારી આજ્ઞાને નહિ માને ને જે પરમહંસ ધર્મવરાના દાણા ખાશે તથા રૂપીયા પોતા સારુ વવરાવશે તે પરમહંસ વચનદ્રોહી ગુરુદ્રોહી છે તથા જે સત્સંગી ધર્મવરાના દાણાને ને રૂપીયાને વાવરશે તે પણ વચનદ્રોહી ગુરુદ્રોહી છે. બીજું જો પરમહંસને આપવું હોય તો ધર્મવરા નિમિત્ત કાઢ્યું તે ટળત પોતાની સિવાય પોતાની પહોંચ શ્રદ્ધા પ્રમાણે અન્નવસ્ત્ર જે અપાય તે આપવું; પણ ધર્મવરામાંથી ન આપવું એમ **અમારી આજ્ઞા** છે. સંવત ૧૮૮૩ના જેઠ સુદી ૧૧ એકાદશીને શુક્રવારે લખ્યો છે. **લીખીતં** શુકમુનીના નારાયણ વાંચજો.''

ધર્માદો આપવા બાબતે આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ (ડીડ) **'દેશ-વિભાગનો લેખ'**માં બહુ જ સ્પષ્ટ અને સમજણ પડે એવી આજ્ઞા કરી છે : ''બીજા દેશમાં રહેતા સત્સંગીઓ પોતપોતાના શ્રી નરનારાયણ દેવ અને શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશ જ્યાં પોતાના રહેણાંક, ઉદ્યમ, વ્યવસાય હોય તે જ દેશમાં ભગવાન શ્રીહરિની આજ્ઞા મુજબ આચાર્ય મહારાજશ્રીને અર્પણ કરવો.'' આચાર્યશ્રીની આજ્ઞાથી સંતો ધર્માદો લેવા આવે તો તેઓને આપવો અથવા અમદાવાદ અથવા વડતાલ જે તે દેશમાં રહેતા હોય ત્યાં અર્પણ કરવો. વતન ભલેને જે પણ દેશમાં હોય પણ જ્યાં રહેણાંક અને વ્યવસાય હોય તે જ દેશમાં દેવને અર્પણ કરવો. ધર્માદા અંગે દેશ-વિભાગના લેખના આધારે **નિર્ણય** કરવો.

ધર્મ +આદાય (ધર્માર્થે-ભાગ) એટલે કે ધનની શુદ્ધિ નિમિત્તે આવકમાંથી સૌપ્રથમ પરમેશ્વરને જ સમર્પણીય હિસ્સો, દશમો-વિશમો ભાગ અર્પણ કરવો. ધર્માદો ન આપવાથી **શરણાગતિ સંબંધ** આપો આપ કેન્સલ થઈ જાય છે. વ્યવહારની દુર્બળતા દૂર કરવા દશમો ભાગ કે વિશમો ભાગ આપવાનો જરૂર **આગ્રહ** રાખવો જોઈએ. વ્યવહારની દુર્બળતામાં એ ધર્માદો ન આપવાનું કારણ પણ હોઈ શકે. ધર્માદો ન આપવાથી **આર્થિક દુર્બળતા** આવવાની શક્યતા પૂરેપૂરી છે.

શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે નિયમિત **દશાંશ-વિશાંશ** ધર્માદો મુખ્ય છ મંદિરો - અમદાવાદ, ભુજ, વડતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડા - આ ધામમાં કે તેના તાબાના શિખરબદ્ધ) મંદિરોમાં જ **આજ્ઞાનુસાર** આપતા હોય તેને કદી દુઃખ ન આવે. સેંજળના દરબાર માણસિયો ખુમાણ વર્ષે દશ હજારની ઊપજ લેતા ને તેનો **ચોખ્ખો ધર્માદો** કાઢતા. થોડા વર્ષોમાં **બે લાખ** જેટલી બચત થઈ તે બે દેગડામાં ભરી ઓરડામાં ઊંડી દાટી દીધી. તેના ચાકરને આ વાતની ખબર હતી. તે નોકરીમાંથી છૂટો થયો. પછી તેણે એક રાત્રે આ દેગડા ચોરવા નદીમાંથી ભોંયરુ ખોદી દરબારગઢ સુધી કાઢ્યું પણ થોડું જ છેટું રહ્યું તેથી કંઈ હાથમાં આવ્યું નહીં. સવારે કુંવર જીવો ખુમાણ કહે : ''બાપુ ! ચોર હાથફેરો કરી ગયા !'' ત્યારે માણસિયા ખુમાણ કહે : ''બેટા જીવા ! જાય નહીં, મેં ખળાવાડમાંથી જ દેવનો ભાગ ચોખ્ખો કાઢેલ છે.'' પછી ઓરડામાં તપાસ કરી તો દેગડા **હેમખેમ** હતા...!!!

દાન-ધર્માદો આપવો તે પણ રાજી થઈને આપવો. આપવા ખાતર જ દાન આપનારનું દાન સંપૂર્ણ **ફળદાયી** નથી થતું. દાન-ધર્માદો આપવો તે પવિત્ર ક્રિયા છે. તેની ચોક્કસ **આચાર-સંહિતા** છે તે જાળવવી જોઈએ.

અપાર શ્રદ્ધા, સ્નેહ અને પવિત્ર કર્તવ્યની ભાવના સાથે, વિવેક પૂર્વક **આજ્ઞાપાલક** બનીને ધર્માદો કરવો જોઈએ. નોકરી ધંધામાં અનીતિ કરીને, ભ્રષ્ટાચાર, કાળાબજાર કરીને, અનૈતિક માર્ગે ધન મેળવીને દાન-ધર્માદો કરવાથી ભગવાન શ્રીહરિ પ્રસન્ન ન થાય. તે આત્મા-પરમાત્મા સાથેની છેતરપીંડી છે.

**ક્રમશઃ**

# કેવી રીતે વિતાવશો ચાતુર્માસ ?

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કરેલી આજ્ઞા મુજબ પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સર્વે હરિભક્તોએ ચાર્તુમાસના વિશેષ નિયમો નીચે મુજબના ગ્રહણ કરવા. અષાઢ સુદ - ૧૧ (નીમિ એકાદશી) તા. ૨૩-૭-૨૦૧૮ થી કારતક સુદ - ૧૧ (પ્રબોધિની એકાદશી) તા. ૧૯-૧૧-૨૦૧૮ સુધી આ નિયમોનું શુદ્ધતાપૂર્વક પાલન કરીને ભગવાન શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કરીએ.

'विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकिर्तनम् । महापूजा मन्त्रजपः स्तोत्रपाठः प्रदक्षिणा ।।' - અને તે વિશેષ નિયમ તે ક્રિયા તો ભગવાનની કથાનું શ્રવણ કરવું તથા કથા વાંચવી તથા ભગવાનના ગુણનું કીર્તન કરવુઃ તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રોનો જપ કરવો તથા સ્રોત્રનો પાઠ કરો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી.

'साष्टाङ्गप्रणतिश्चेति नियमा उत्तमाः मताः । ऐतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ।।' - તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા - એ જે આઠ પ્રકારના નિયમ તે અમે ઉત્તમ માન્યા છે. તે માટે એ નિયમમાંથી કોઇ એક નિયમ જે તે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો.

(શિક્ષાપત્રી : શ્લોક - ૭૭.૭૮)

## ॥ ભગવાન શ્રીહરિની પ્રન્નતા માટે ચાતુર્માસમાં લેવાના નિયમોની યાદી ॥

૧. બ્રહ્મમુહૂર્તમાં જાગવું (સવારે ૩.૩૦ થી ૬.૩૦ સુધીનો સમય)
૨. ભગવાનની કથા સાંભળવી.
૩. ભગવાનની કથા કરવી.
૪. ભગવાનના ગુણનું કીર્તન કરવું
૫. 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરવો.
૬. 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની માળા કરવી.
૭. સ્તોત્રનો પાઠ કરવો (અષ્ટકો વગેરે)
૮. ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા. (દંડવત્)
૯. પંચામૃતથી ભગવાનની મહાપૂજા કરવી.
૧૦. સવાર અને સાંજની કથા સાંભળવા બેસવું.
૧૧. શ્રીહરિની સન્મુખ કીર્તન કરવા.
૧૨. દિવસ દરમ્યાન એકવાર અવશ્ય મંદિરે મહારાજના દર્શન કરવા આવવું
૧૩. એકાદશી આદિ પવિત્રના પર્વોના દિવસોમાં મંદિરમાં થતી ધુન-કીર્તન વગેરેનો કરવા.
૧૪. રવિવાર વગેરે રજાના દિવસે મંદિરમાં આખો દિવસ રહી ભજન-કથાશ્રવણ-સેવા કરવી.
૧૫. મંદિરમાં મહારાજના પાંચ આરતીના દર્શન કરવા.
૧૬. બ્રહ્મનિષ્ઠ પંચવર્તમાન યુક્ત સંતોનું નિત્યપૂજન કરવું.
૧૭. કથાશ્રવણ કરતાં હોય ત્યારે વચ્ચે બોલવું નહિ.
૧૮. મંદિર વાળવું - પોતા મારવા વગેરે સેવા કરવી.
૧૯. ધ્યાન કરવું, પાંચ માનસીપૂજા કરવી.
૨૦. આરતી-સ્તુતિ પ્રાર્થના-ચેષ્ટા વગેરે નિત્યનિયમો કરવા.
૨૧. ટી.વી., કેબલ, કોમ્પ્યુટર, મોબાઇલ વગેરેના માધ્યમથી ચલચિત્ર-
૨૨. રિયાલીટી શો વગેરેન જોવાનો નિયમ લેવો.
મંદિરે અથવા ધંધાકાર્યમાં જતા-આવતાં દૃષ્ટિ નિયમમાં રાખવી.
૨૩. જનમંગલ સ્તોત્રનો નામવલીનો પાઠ કરવો.
૨૪. મુખપાઠ કરવું (વચનામૃત મંતવ્ય, કીર્તન, મહારાજના તિલચિહ્ન, અષ્ટકો વગેરે)
૨૫. ચાતુર્માસની બધી એકાદશી નિર્જળા અથવા નકોરડી કરવી.
૨૬. મહારાજના તિલચિહ્નના પાઠ કરવા.
૨૭. હરિકવચના પાઠ કરવા.
૨૮. ચાતુર્માસ દરમ્યાન જે તે સ્થાનમાં રહેતા હોય ત્યાંના મંદિરમાં અથવા વડતાલ, ગઢડા, જૂનાગઢ, ધોલેરા, અમદાવાદ, ભુજ વગેરે મુખ્ય મંદિરોમાં પૂનમ ભરવા જવું.
૨૯. ભાવતી વસ્તુનો ત્યાગ કરવો.
૩૦. લસણ, ડુંગળી, હિંગ, ચા-કોફી, તમાકુ-બીડી-માવા વગેરે અખાદ્ય વસ્તુનો આજીવન ત્યાગ કરવો.
૩૧. રાત્રે મંદિરમાં સૂવું, મંદિરમાં પૂજા કરવી.
૩૨. મિષ્ટ ભોજનનો ત્યાગ કરવો.
૩૩. હોટલ ભોજનનો ત્યાગ કરવો.
૩૪. ઠાકોરજીને નિત્ય થાળ કરવો.
૩૫. ધર્મકુળ-બ્રહ્મનિષ્ઠ સંતોને રસોઇ આપવી.
૩૬ બ્રહ્મચર્યનું પાલન કરવું.
૩૭. મૌન રાખવું.
૩૮. દિવસની નિંદ્રાનો ત્યાગ કરવો.
૩૯. ચાર્તુમાસના લેવા યોગ્ય તપના નિયમો :
૧. એકટાણા (મહિના..............)
૨. ચાંદ્રાયણ (મહિના..............)
૩. ફરાળ (મહિના..............)
૪. માસો ઉપવાસ (મહિના..............)
૫. ધારણા-પારણાં (મહિના..............)
૪૦. ફરજીયાત ત્યાગ સંબંધી નિયમો
પહેલા મહિના શાકભાજીનો ત્યાગ.
બીજા મહિને દહીંનો ત્યાગ.
ત્રીજા મહિને દૂધનો ત્યાગ.
ચોથા મહિને કઠોળનો ત્યાગ.
૪૧. આખા ચાતુર્માસ દરમ્યાન રીંગણા, મૂળા, શેરડી, જામફળ અને કલીંગડા ન ખાવા.
૪૨. સત્શાસ્ત્રમાં વાંચન : વચનામૃત, શ્રી સત્સંગિજીવન, ભક્ત ચિંતામણી પાઠ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીહરિલીલમૃત, બ્રહ્મનિષ્ઠ સંતોના જીવનદર્શન, આદર્શ ભક્તગાથા વગેરે શાસ્ત્રોનું વાંચન કરવું તથા શ્રવણ કરવું.

વ્હાલા ભક્તજનો ! ઉપર જણાવેલા ચાતુર્માસના નિયમોમાંથી ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે તેમજ ધર્મકુળ તથા સંતો-ભક્તોને રાજી કરવા માટે ભજન-ભક્તિ, તપનિયમ વગેરે સંબંધી નિયમોને ગ્રહણ કરી જીવન પવિત્ર બનાવી શ્રીજીમહારાજને વ્હાલા થઇ શકીએ તેવો પ્રયાસ કરવો.

# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી












સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અધિકમાસ નિમિત્તે જુદા-જુદા સ્થાનોમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી (બગસરા) તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)ના માર્ગદર્શન પ્રમાણે કથાપારાયણોનું આયોજન થયું હતું. જેમાં પૂ. વક્તાશ્રી દ્વારા ભગવાન શ્રીહરિના ચરિત્રો સાથે મૂળસિદ્ધાંતોનું રસપાન ભાવિક હરિભક્તોને કરાવ્યું હતું. ૧-૨. જેતપુર - વક્તા : પૂ. સ્વામી નિર્દોષચરણદાસજી. ૩-૪. માણાવદર - વક્તા : પાર્ષદ સરજુભગત. ૫-૬. શંકરપરા,બોટાદ - વક્તા : પૂ. સ્વામી નિર્ભયચરણદાસજી.

**અધિકમાસ કથાપારાયણ**
**કેશોદ**




**અધિકમાસ કથાપારાયણ**
**રાણપુર**




**અધિકમાસ કથાપારાયણ**
**મહુવા**




**અધિકમાસ કથાપારાયણ**
**નાળીયેરી મોલી**




સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અધિકમાસ નિમિત્તે જુદા-જુદા સ્થાનોમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)ના માર્ગદર્શન પ્રમાણે કથાપારાયણોનું આયોજન થયું હતું. જેમાં પૂ. વક્તાશ્રી દ્વારા ભગવાન શ્રીહરિના ચરિત્રો સાથે મૂળસિદ્ધાંતોનું રસપાન ભાવિક હરિભક્તોને કરાવ્યું હતું. ૧-૨. કેશોદ - વક્તા : પાર્ષદ સર્વમંગલ ભગત. ૩-૪. રાણપુર - વક્તા : પાર્ષદ સરજુભગત. ૫-૬. મહુવા - વક્તા : પાર્ષદ ખુશાલ ભગત. ૭-૮. નાળીયેલી મોલી - વક્તા : પાર્ષદ સરજુભગત.





















સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અધિકમાસ નિમિત્તે જુદા-જુદા સ્થાનોમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)ના માર્ગદર્શન પ્રમાણે કથાપારાયણોનું આયોજન થયું હતું. જેમાં પૂ. વક્તાશ્રી દ્વારા ભગવાન શ્રીહરિના ચરિત્રો સાથે મૂળસિદ્ધાંતોનું રસપાન ભાવિક હરિભક્તોને કરાવ્યું હતું. ૧-૨. છપૈયા - પૂ. કોઠારી સ્વામી - ગઢડા. ૩-૪. કાલોલ - વક્તા : પાર્ષદ સર્વમંગલ ભગત. ૫-૬. ડોંબીવલી - પાર્ષદ હરેશ ભગત. ૭-૮. વિરપુર (જલારામ) - વક્તા : પાર્ષદ ખુશાલ ભગત.














સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અધિકમાસ નિમિત્તે જુદા-જુદા સ્થાનોમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)ના માર્ગદર્શન પ્રમાણે કથાપારાયણોનું આયોજન થયું હતું. જેમાં પૂ. વક્તાશ્રી દ્વારા ભગવાન શ્રીહરિના ચરિત્રો સાથે મૂળસિદ્ધાંતોનું રસપાન ભાવિક હરિભક્તોને કરાવ્યું હતું. ૧-૨. વિરસદ - વક્તા : પાર્ષદ સર્વમંગલ ભગત. ૩-૪. ગોધરા - વક્તા : પાર્ષદ ખુશાલ ભગત. ૫-૬. રાજકોટ - વક્તા : પાર્ષદ સર્વમંગલ ભગત. ૭-૮. પીપળલગ - વક્તા : પાર્ષદ ખુશાલ ભગત.

# USA સત્સંગ પરિભ્રમણ – ૨૦૧૭ તસ્વીર દર્શન




મીશીગન રાજ્યના કેન્ટોનને આંગણે યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી




કેલીફોર્નિયા રાજ્યના સાન્સ ફ્રાસીસ્કોને આંગણે સત્સંગ સભામાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના મુખે કથાવાર્તાનો લાભ લેતા ભાવિક ભક્તજનો.




કેલીફોર્નિયા રાજ્યના લોસ એન્જેલેસને આંગણે સત્સંગ સભામાં
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના મુખે કથાવાર્તાનો લાભ લેતા ભાવિક ભક્તજનો.







કેનેડાના એડમેન્ટન તથા કેલગરીને આંગણે યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતમંડળ

# USA સત્સંગ પરિભ્રમણ – ૨૦૧૭ તસ્વીર દર્શન




કેનેડાના લંડનને આંગણે વિદ્યાર્થી સત્સંગ સભામાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના મુખે કથાવાર્તાનો લાભ લેતા ભાવિક ભક્તજનો.




કેનેડાના ટોરોન્ટોને આંગણે યોજાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના
વક્તાપદે યોજાયેલ ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ






પેન્સીલવેલીયા રાજ્યના સ્કેન્ટનને શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન
બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજનો ૪થો વાર્ષિક પાટોત્સવ
તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે શ્રી પુરુષોત્તમ પ્રકાશ કથાપારાયણ.




**શિકાગો(અમેરિકા)ને આંગણે વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઉજવાયેલ '૨૭મો વાર્ષિક પાટોત્સવ' (તા. ૧૯ થી ૨૭-૫-૨૦૧૮) તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## તીર્થધામ માણાવદરને આંગણે નવમી

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર

**તારીખ : ૧૩ થી ૧૯-૮-૨૦૧૮** **પ્રયોજક : પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

આયોજક : ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ – માણાવદર (સોરઠપ્રદેશ)

**સ્થળ : 'પટેલ સમાજવાડી', મું. માણાવદર, જી. જૂનાગઢ**

સંપર્ક : શ્રી શાંતિભાઈ રતનપરા – મો. ૯૪૨૬૧૬૭૭૦૮ | શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા – મો. ૯૪૨૬૨૩૦૭૬૬

**: નવનિર્માણ જગન્નાથપુરી મંદિર તથા બાબરીયા કોલોની રાજકોટ મંદિરના દાન માટે તેમજ ચિંતન લવાજમ માટે સંપર્ક :**
પ.ભ. વ્યાસ સાહેબ - મો. ૯૮૨૫૨૯૭૪૪૨ (શ્રી સ્વા. મંદિર, બાબરીયા કોલોની, રાજકોટ.)




**ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટન શહેરને આંગણે ૮ એકર જગ્યા પર નવનિર્માણ વડતાલધામ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિરના ઉપલક્ષમાં ઉજવાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૩૦ થી ૭-૭-૨૦૧૭)**

**Online Donation :** www.svg.org/houston **For more Info :** Shree Swaminarayan Temple, 10825 Clodine Rd., Richmond TX - 77407 Mo. 832 875 2163










મહુવા નવનિર્માણ શિખરબધ્ધ મંદિર બાંધકામ સેવાકાર્યમાં પૂ. સંતો-પાર્ષદો તથા હરિભક્તો

Swaminarayan Chintan, June-July, 2018 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month
wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 20/12/2018_RNI No. GUJGUJ-2013/47868

## નવનિર્માણાધીન ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - મહુવા

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી







માલિની **માલણ** નદીને કાંઠે વસેલું **પૌરાણિક** અને **ઐતિહાસિક** શહેર કે જે **સૌરાષ્ટ્રનું કાશ્મીર** ગણાય છે એવા **મહુવા** નગરમાં **વનવિચરણ** દરમ્યાન સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પણ ત્રણ–ત્રણ રાત્રિ રોકાણ કરીને અતિ પ્રસન્ન થયેલ તેમજ મહુવાના શ્રીજીસમકાલીન ભકત જીણાભાઈને તેમની નિષ્કામ ભકિત જોઈ પોતાનો જામો આપીને શ્રીજીમહારાજે વરદાન આપેલ કે, **'મહુવામાં સત્સંગનો જામો થશે.'** (આ જામો હાલ મહુવા શ્રી સ્વામિનારાયણ મંદિર ખારગેટના સભામંડપના સિંહાસનમાં પધરાવેલ છે.) શ્રીજીમહારાજના પાવન ચરણોથી અંકિત આ પવિત્ર મહુવાધામમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણદેવ અને શ્રી ઘનશ્યામ મહારાજની અમીવૃષ્ટિથી **ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના **નવનિર્માણ શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર**નું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આપ પણ આ અમૂલ્ય સેવાકાર્યમાં સહભાગી થઈને જીવનને ભાગ્યવંતું બનાવી શકો છો !

**સ્થળ : 'શ્રી સ્વા. મુખ્ય મંદિર'** ગાયત્રીનગર સોસાયટીની બાજુમાં, મહુવા | **સંપર્ક : કો. પા. સાગર ભગત** – મો. ૯૦૯૯૯૯૯૬૨૨

**આરતી સમય : મંગળા :** ૫.૪૫ **શણગાર :** ૭.૧૫ **રાજભોગ :** ૧૧.૩૦ **સંધ્યા :** ૭.૦૦ **શયન :** ૮.૩૦

**અભયદાન સત્સંગ રવિસભા – સમય :** સાંજે ૫.૦૦ થી ૭.૦૦ **દરરોજ કથાવાર્તા :** સવારે ૭.૦૦ થી ૭.૪૫ રાત્રે ૮.૦૦ થી ૮.૩૦

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007